# પ્રકરણ-1
# અહેવાલ સારાંશ (સંક્ષિપ્તમાં મુખ્ય ભલામણો)


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 1.1 | પ્રસ્તાવના | 2 |
| 1.2 | સંક્ષિપ્તમાં મુખ્ય ભલામણો | 2 |
| 1.3 | ઉપસંહાર | 6 |

# પ્રકરણ-1
# અહેવાલ સારાંશ
# (સંક્ષિપ્તમાં મુખ્ય ભલામણો)

## 1.1 પ્રસ્તાવના:

તાપી જીલ્લામાં આદિવાસી ક્ષેત્રોમાં આજીવિકાનું મુખ્ય સાધન ખેતી જ છે અને તેથી દબાણ પૂર્વકના સ્થળાંતરને અટકાવવા માટે ઉત્પાદન વધે તેવા પ્રયત્નો હાથ ધરવા આવશ્યક છે કૃષિ ક્ષેત્રને વિકસાવવા માટે અનેક પ્રયત્નો હાથ ધરાયેલા છે અને કેટલાકની જરૂરિયાત છે કૃષિ ક્ષેત્રની આવક વધારવા માટે ઉત્પાદનથી લઇ મૂલ્ય વૃદ્ધિ સુધીની પ્રક્રિયા માટે શું કરવું તે અંગે અહી કેટલાક પગલા સૂચવવામાં આવેલ છે. અન્ય આદિવાસી વિસ્તારોની તુલનામાં તાપી માં કૃષિ ક્ષેત્ર જરા વિશિષ્ટ છે કેમકે અહી ઉત્પાદન વધારવાની આવશ્યકતા છે અને તેના માટે પાક વૈવિધ્ય અને પિયતની સુવિધા ઉભી કરવી જરૂરી છે તે અંગેના પગલા નીચે મુજબ હોઈ શકે.

## 1.2 સંક્ષિપ્તમાં મુખ્ય ભલામણો

**સિંચાઈ** :

તાપી જીલ્લો પહાડી વિસ્તાર ધરાવે છે તેથી મહારાષ્ટ્રના મોડેલને ઉપયોગમાં લઇ શકાય, ફાડી વિસ્તારોમાં અર્ધગોળાકાર બેબે ફૂટના ખાડા કરી વરસાદી પાણીને ઉતારવાથી પાણીના જળ સ્તરમાં વધારો મેળવી શકાશે.

દરેક ઘરમાં વરસાદી પાણી સંગ્રહ જે કેટલીક સંસ્થાઓ દ્વારા શરુ કરાયું છે તેને વ્યાપક પ્રમાણમાં વિસ્તારવું.

તળાવની સંખ્યા પણ જીલ્લામાં સારી છે જે મનરેગામાં વધુ ઊંડા કરી તેના વપરાશને નિયંત્રિત કરવું તે ગામ સમુદાય દ્વારા કરી શકાય.

કૃષિ પાકની તરાહમાં જે પાક વધુ પાણીનો વપરાશ કરતા હોય તેવા પાકને પ્રતિબંધિત કરવા.

ટપક સિંચાઈનો વ્યાપ વધે તેના માટે પ્રયત્ન હાથ ધરવા.

**ધિરાણ**

કૃષિ ક્ષેત્રના ધિરાણ માટે જમીન વિકાસ બેંક ગ્રામીણ વિકાસ બેંક નો વ્યાપ ગ્રામીણ વિસ્તારમાં વધારવો.

સહકરી ક્ષેત્રને આ ક્ષેત્રે વધુ વિકસાવવાની જરૂરિયાત છે.

સંગ્રહ

તાપી  જીલ્લામાં શાકભાજીનું ઉત્પાદન ખુબ ઉચા પ્રમાણમાં થાય છે પરંતુ તેમાં સ્થાનિક બજારમાં પુરવઠો વધી જવાથી પર્યાપ્ત ભાવ પ્રાપ્ત થતા નથી તેથી તેનું વેચાણ દુરના શહેરી વિસ્તારો સુધી પહોચાડવા માટે ડેરીના માળખાનો ઉપયોગ કરી શકાય.

ગામ સ્તરે ધન્ય કઠોળના સંગ્રહ માટે ગોડાઉન બનાવવાની યોજના અમલમાં મુકવી.

ફળ-ફૂલનું ઉત્પાદન વધી રહ્યું છે ત્યારે તેના સંગ્રહ માટે શીતસંગ્રહ કેન્દ્રો ઉભા કરવા તે માટે “નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના”નો ઉપયોગ કરી શકાય.

**કૃષિ ક્ષેત્રે યાંત્રિકરણ** :

કૃષિ ક્ષેત્રે યાંત્રિકરણ વધારવા માટે તાપી માં “CHALO TALUKE” યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં ઉત્પાદકતા વધારવા માટે આધુનિક બિયારણ,ખાતર, ટપક સિંચાઈ વગેરેને વધારવું તેના માટે બહેનોના સહકારી મંડળ બનાવવા તે કાર્ય માટે શ્રોફ જેવા સંગઠનોનો ઉપયોગ કરવો.

“રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના” અંતર્ગત ઉપરના માળખાને અમલમાં મુકવા માટેની તમામ જોગવાઈ છે જે કૃષિ પેદાશોની મૂલ્ય વૃદ્ધિ કરી શકશે.

“નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના” અંતર્ગત શોર્ટિંગ, ગ્રેડિંગ, પેકેજિંગ માટેનું ફંડ છે જે આદિવાસી ગામોમાં શાકભાજીનું ઉત્પાદન વધારે હોય તે વિસ્તારમાં નાના સહકારી મંડળો બનાવી તેમની વચ્ચે આવા મશીન આપી શાકભાજીની સુકવણી અમે પાવડર બનાવવાની કામગીરી હાથ ધરી શકાય અને ઉપરના માળખામાં જોડી શકાય.

**પશુપાલન** :

પશુઓની સંખ્યાની તુલનામાં દૂધનું ઉત્પાદન ઓછું છે તેથી ઉત્પાદકતા વધે તે માટે પહાડી વિસ્તારોમાં ચરણ બંધ કરાવી બાંધીને ચારો પૂરો પડવો.

પશુ ઓલાદ સુધારણા વધારવી.

વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન કરવાની દિશામાં વાળવા માટે તાલીમનું આયોજન

**ડેરી ક્ષેત્ર**

ડેરી ક્ષેત્ર દૂધ એકત્રીકરણ અને વિતરણ સુધી સીમિત છે પરંતુ તેનો વ્યાપ વધારી દુધની અન્ય બનાવટો વધારવી જેમકે આઈસ્ક્રીમ, પનીર, ચીઝ, દુધનો પાવડર, ચોકલેટ વગરે

તાપી માં ડેરીનો વ્યાપ વધ્યો છે અને હજુ વધે તેવો અવકાશ છે ત્યારે તેની સાથે અન્ય કૃષિ પેદાશોને જોડવી જરૂરી છે, જેમકે શકભાજી.

ડેરી પાસે વહન અને માળખું બન્ને તૈયાર છે પરંતુ તેનો વપરાશ માત્ર સવારે અને સાંજે થાય છે બપોરના સમયમાં તે ફ્રિ રહે ત્યારે દૂધ એકત્રીકાર્નના સ્થાને શાકભાજી ખરીદી મધ્યસ્થ સ્થળે લાવી તેને શોર્ટિંગ અને પેકિંગ કરી દૂધ વેચાણ કેન્દ્રો પર વેચી શકાય.

વધેલા શાકભાજીને કે જેમાં પાવડર કે પલ્પ શક્ય હોય તેવા શાકભાજીને તેના પ્રોસેસિંગમાં મોકલી આપવા.

ડેરીને પોતાની બ્રાંડ છે માટે પાવડર કે પલ્પ શરબત વગેરેને સરળતાથી વેચી શકાશે.

આશાવર્કરની જેમ પશુપાલનમાં પણ આસીસ્ટન્ટ શરુ કરવા જે સ્થાનિક મદદ માટે ઉપલબ્ધ હોય.

મરઘા-બતકા

આદિવાસી વિસ્તારમાં દેશી મરઘી અને બતક ઉપલબ્ધ છે ત્યારે તેના પણ બજાર ઉપલબ્ધ છે તેથી તેના ઉછેરને પ્રોત્સાહન આપી શકાય.

**માછીમારી**

તળાવમાં કૃત્રિમ રીતે માછીમારી વધુ સફળ જણાય છે તેના માટે સહકારી મંડળીઓ પણ છે તેને સક્રિય કરી આ ક્ષેત્રે પણ આવક વૃદ્ધિ કરી શકાશે અને તે દિશામાં વધુ સક્રિય ભાગીદારી સર્જી શકાશે

**ઔદ્યોગિક ક્ષેત્ર** :

- તાપી  જીલ્લાના ઔદ્યોગિક વિકાસને તપાસતા જણાય છેકે તે કૃષિ ક્ષેત્રને મૂલ્ય વૃદ્ધીની દિશામાં આગળ લઇ જવા માટેના ઉદ્યોગો નહિવત છે અને મૂડીરોકાણની તુલનામાં રોજગારીનું પ્રમાણ પણ અલ્પ છે ત્યારે ઉપરોક્ત કૃષિ અને જંગલ પેદાશોના મૂલ્ય વૃદ્ધિના માળખાને અમલમાં મુકવા માટેના જે પ્રકારના ઔદ્યોગિક એકમોની આવશ્યકતા છે તેવા એકમો શરુ કરવા જરૂરી છે જે ઓછા મૂડીરોકાણ દ્વારા વધુ રોજગાર સર્જી શકે.
- સિવાયના વિસ્તારમાં એકમ શરુ કરવા સહાય પૂરી પડવી.
- નાના કદના કૃષિ ઓજારોનું ઉત્પાદન કરતા એકમોને પ્રોત્સાહન આપવું.
- સિંચાઈના સાધનોનું ઉત્પ્દન કરતા એકમોને પ્રોત્સાહન આપવું.
- વિભિન્ન પ્રકારની સુકવણી, કટિંગ અને પેકિંગના સાધનો બનાવતા એકમો શરુ કરવા.
- પૌવા, મમરા જેવા પ્રોસેસિંગના સાધનોનું ઉત્પાદન વધારવું.(જેમાં અન્ય તમામ ધન્યણે પ્રોસેસ કરી શકાય)

**સેવા ક્ષેત્ર**

સેવા ક્ષેત્રમાં અગ્રતા ક્રમ ધરાવતા ક્ષેત્રો સંદર્ભે સૂચનો આ મુજબ છે.

- તાપી માં પરમ્પરાગત રીતે આજીવિકા માટે સ્થળાંતર કરતા અનેક લોકો બાંધકામ, ઇલેક્ટ્રિફીકેસન, ગેસલાઈન, રેલ્વે લાઈન, જેવા જોખમી ક્ષેત્રોમાં વિમા, સામાજિક સુરક્ષાના કોઈ પણ યોજના વિના કામ કરે છે જે યોજના છે તે માત્ર ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે છે જયારે તેમાં કામ કરતો વર્ગ બહોળો છે તેને સામાજિક સુરક્ષા પૂરી પાડવી આવશ્યક છે અને તેના માટે ગ્રામસભામાં ગામમાંથી કામ માટે બહાર જતા લોકોની યાદી બનાવી સ્થળ અને ક્ષેત્ર નોંધી જોખમના આધારે_વિમો સરકાર દ્વારા પૂરો પાડવો. તેમજ જે એકમમાં તેઓ કામ કરે છે તેઓ પણ વિમો આપે તેવો સરકારી કાયદો લાવવો.
- જીલ્લામાં આંતરિક વાહનવ્યવહારથી સંપર્ક વધારવા દરેક તાલુકાના ગામોને જોડતા ખાનગી વાહનોની સાથે સાથે સરકારી વાહનોનું પ્રમાણ વધારવું.

- જે તાલુકાના અંતરિયાળ ગામોમાં સંદેશાવ્યવહાર માટે નેટવર્કની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં ઉભી કરવી.
- કૃષિ વિમા અંગેની માહિતી ગ્રામજનો સુધી ઉપલબ્ધ કરાવવી.
- સંગઠિત માળખામાં લોકો પ્રવેશે તે સંદર્ભે સ્વસહાય જૂથો અને બહેનોમાં જાગૃતિ ફેલાવી તે દિશામાં પેસા એક્ટ હેઠળ ગ્રામસભા આ પ્રકારના ઠરાવ કરી આ દિશામાં આગળ વધી શકે.

- **પ્રાદેશિક પ્રવાસન સેવાઓના વિકાસની સંભાવના**
- સ્થાનિક સજીવ ભોજન ક્ષેત્રનો બહોળો અવકાશ છે (હોટલ વ્યવસાય સંદર્ભે)
- ચોમાસા દરમિયાન સાપુતારાની માફક તાપી ના જંગલ વિસ્તારમાં ઈકો ટુરીઝમના સારા અવકાશ છે.
- પ્રવાસન સ્થળો પર વન્ય પેદાશોની બનાવટો, સજીવ ધાન્ય કઠોળ, નાસ્તા વગેરે વ્હેચવાનો સારો અવકાશ છે.
- પ્રવાસન સ્થળોના કેટલાક અંતર બાદ વાહ્ન પ્રવેશ પર પ્રતિબંધ કરી ત્યાં ઇલેક્ટ્રિક વાહનો દ્વારા અવરજવર ફરજીયાત કરી સ્થાનિકોને રોજગાર આપી શકાય.
- ઇકોઝોનમાં પ્રવેશ પર ટીકીટ નિર્ધારિત કરી આવક ઉભી કરી શકાય.
- પ્રવાસન સ્થળો પર પ્લાસ્ટિક સંપૂર્ણ બંધ કરી ખાણી-પીણી, વસ્તુઓના પેકિંગ કાગળના કરવાથી તેનો ગૃહ ઉદ્યોગ પણ તે વિસ્તારમાં વિકસાવી શકાય.
- ઔષધીવન જેવા વિસ્તારમાં જંગલમાંથી ઉપલબ્ધ ઔષધીઓના પાવડર બનાવવા અને વેચવાના કેન્દ્ર પણ પ્રવાસન સ્થળો પર ઉભા કરી શકાય તેમજ સ્થાનિક ઔષધીઓની માહિતી ધરાવનાર ક્યાં રોગમાં કઈ ઔષધીઓ વાપરી શકાય તેની માહિતી સાથે હોય તો તેના વેચાણમાં નોંધનીય વધારો પણ કરી શકાય.

**શિક્ષણ**:

- શિક્ષણ સંદર્ભે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા દરેક શાળા અનુસાર પર્યાપ્ત શિક્ષકોની ભરતી કરવી તેમજ શિક્ષકોની કામગીરી અંગે તપાસ હાથ ધરવી રાજ્ય બોર્ડના પરિણામોમાં જીલ્લાનું  સ્તર ખુબ નબળું છે. તેને સુધારવા સ્વૈચ્છિક સંસ્થાનો સહારો લઇ શકાય.
- ટેકનીકલ શિક્ષણ માટે આઈ.તી.આઈ.દ્વારા ચલાવતા કોર્સમાં બેકરી, સુકવણી, જાળવણી,
- માર્કેટિંગના કોર્સ, મોબાઈલ રીપેરીંગ, વેબ્સાઈટ બનાવવાના કોર્સ, દુધની બનાવટોના કોર્સ.

**સ્વાસ્થ્ય** :

- સ્વાસ્થ્ય માટે વસ્તી અનુસાર સ્વાસ્થ્યના માળખા અને કર્મચારી પુરપાડવા.
- કુપોષણ દુર કરવાની વિવિધ યોજનાઓને વધુ વ્યાપક બનાવવી અને જન્મ પછીની કાળજી રસીકરણ વગેરે માટે સંસાધન પુરા પાડવા.

- મોબાઈલ દવાખાનાની જેમ બાઈક દવાખાના શરુ કરવા જે દરેક ગામ સુધી પ્રાથમિક સારવાર પહોચાડી શકે ૧૦૮ ની માફક.
- તબીબી શિક્ષણ મેળવનાર દરેક વિદ્યાર્થી માટે આદિવાસી વિસ્તારમાં ફરજીયાત ૧ વર્ષ સેવા આપે તોજ તેને ડિગ્રી આપવી જેથી ડોક્ટરની અછતને નિવારી શકાય.

## 1.3 ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં તાપી જિલ્લાના આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવા માટે જે ભલામણો અહેવાલમાં કરવામાં આવેલા છે તે તમામ સૂચનોનું અહેવાલમાં આગળ પ્રકરણવાર રજૂ કરવામાં આવેલ છે. આ ભલામણોને રજૂઆત કરતા પહેલા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ આડે કેવા પ્રશ્નો અનુભવી રહ્યા છે અને તે પ્રશ્નોનું સ્વરૂપ અને તેની માત્રા કેવી છે તે અંગેની પણ છણાવટ કરવામાં આવેલી છે. હવે પછીના પ્રકરણમાં સ્થાનિક આદિવાસી પ્રજામાં વિકાસ અંગેનો અભિગમ ચર્ચા કરવામાં આવી છે ત્યાર બાદના પ્રકરણ માં તાપી જિલ્લાનો ટુકો પરિચય મેળવીને જીલ્લાના આદિવાસીના આર્થિક વિકાસ આડેની સમસ્યાઓ વિગતવાર સમજીશું અને આ સમસ્યાઓના નિવારણ કરીને તાપી જિલ્લાના આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગેની વિગતે ચર્ચાઓ હવે પછીના પ્રકરણોમાં કરવામાં આવેલ છે.

# પ્રકરણ – 2
# જિલ્લાના આદિવાસીનું વિકાસ મંતવ્ય


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 2.1 | પ્રસ્તાવના | 8 |
| 2.2 | આદિવાસી સમાજનો આર્થિક વિકાસ એટલે શું? | 8 |
| 2.3 | વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા | 10 |
| 2.4 | આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો | 12 |
| 2.5 | પ્રવર્તમાન જોગવાઈ અને પ્રવર્તમાન સરકારી નીતિને અંતર્ગત આદિવાસી આર્થિક વિકાસ | 14 |
| 2.6 | આદિવાસી કાયદાઓની સ્થિતિ અને આદિવાસી વિકાસ માટે ભલામણો | 14 |
| 2.7 | ઉપસંહાર: | 21 |

# પ્રકરણ – 2
# જિલ્લાના આદિવાસીનું વિકાસ મંતવ્ય

**2.1 પ્રસ્તાવના:**

પ્રસ્તુત પ્રકરણમાં આર્થિક વિકાસનો બૃહદ અર્થ રજુ કરવામાં આવ્યો જે માનવજીવનની ગુણવત્તાથી લઇ ગૌરવપૂર્ણ જીવન અને પર્યાવરણને જાળવતા અભિગમ સુધી વિસ્તરે છે અને પ્રસ્તુત પ્રકલ્પમાં પણ આજ અભિગમને કેન્દ્ર સ્થાને રાખી વિકાસ માટેના અવકાશો અને તેના પગલા શું હોઈ શકે તે અંગે રજૂઆત કરવામાં આવે છે. આ ચર્ચામાં મુખ્યત્વે નીચે મુજબના ક્ષેત્રો ણે આવરી લેવામાં આવ્યા છે. જેમાં સ્થાનિક આદિવાસી વિસ્તારના કુદરતી સંસાધનનો અને આર્થિક વિકાસ:,સ્થાનિક આદિવાસી અર્થતંત્ર અને આર્થિક વિકાસ સ્થાનિક આદિવાસીઓના પરંપરાગત અને આધુનિક વ્યવસાયો, તથા જીલ્લા અર્થતંત્રના પ્રવર્તમાન પરિવર્તનો પડકારો અને તે સંદર્ભમાં આદિવાસી આર્થીક વિકાસનો સમાવેશ થયેલ છે.

**2.2 આદિવાસી સમાજનો આર્થિક વિકાસ એટલે શું?**

પ્રસ્તુત પ્રકરણમાં આર્થિક વિકાસનો બૃહદ અર્થ રજુ કરવામાં આવ્યો જે માનવજીવનની ગુણવત્તાથી લઇ ગૌરવપૂર્ણ જીવન અને પર્યાવરણને જાળવતા અભિગમ સુધી વિસ્તરે છે અને પ્રસ્તુત પ્રકલ્પમાં પણ આજ અભિગમને કેન્દ્ર સ્થાને રાખી વિકાસ માટેના અવકાશો અને તેના પગલા શું હોઈ શકે તે અંગે રજૂઆત કરવામાં આવે છે. વિકાસ આ સદીનો સૌથી વધુ ચર્ચિત શબ્દ જેની શરૂઆત ભૈતિક સમૃદ્ધિ થી લઇ તકની સમાનતા સુધી અને હેપ્પીનેશ ઇન્ડેક્ષ સુધી વિસ્તરી રહ્યો છે જે વૈયક્તિક ભૌતિક સમૃદ્ધિથી લઇ પારીસ્થિતિકીય સમતુલા સુધી વિસ્તરી રહી છે, પરંતુ આ ચર્ચાઓ અને તેના આધારે બનતી નીતિના પરિણામો જુદા જુદા સ્તરે જુદું જુદું પરિણામ લાવ્યું છે તેના લાભ વિભિન્ન સમુદાયોમા અસમાન રીતે વહેંચાયા છે પરિણામે તેના પર ચિંતન કરવાની આવશ્યકતા સર્જાય છે વિશેષ રૂપે આદિવાસી સમાજ તેમાં પણ આદિવાસી જીલ્લા કે જેને પર્યાપ્ત સ્તરે લાભાન્વિત કરવા અલગ જિલ્લા પણ કરવામાં આવ્યા, તેમ છતાં ઇચ્છિત પરિણામ મેળવી શક્યા નથી. અનિચ્છનીય સ્થળાંતર અટકાવી શકાયું નથી.

સૌ પ્રથમ વિકાસ એટલે શું? વૈશ્વિક સ્તરે તે અંગે શું માનવામાં આવે છે અને સમયાન્તરે તેમાં શું ફેરફાર થયો તે સમજવું આવશ્યક છે આર્થિક વિકાસનો ખ્યાલ સતત બદલવાનું કારણ વિકાસ અંગેની સમજણમા આવેલ પરિવર્તન છે ઉપરાંત આર્થિક વિકાસ દ્વારા

આપણે કેવા પરિવર્તનો ઇચ્છીએ છીએ તે અંગે પણ સતત અર્થશાસ્ત્રીઓના ખ્યાલો બદલતા રહ્યા છે. સૌ પ્રથમ રાષ્ટ્રીય આવકની સતત વૃદ્ધિ એટલે વિકાસ સમય જતા વિકાસના પરિણામે લોકોના જીવન ધોરણમાં સુધારો થવો જોઈએ તેવો મત બન્યો પરિણામે લોકોની આવક વધવી જોઈએ એટલે માથાદીઠ આવકની વૃદ્ધિ માપદંડ તરીકે સ્વીકૃત બન્યો. પરંતુ લાંબાગાળા સુધીની માથાદીઠ આવકની વૃદ્ધિ પણ ઇચ્છિત પરિણામ આપી શકી નહી, વિશ્વમાં આવક વધવા છતાં ગરીબ લોકોના જીવન ધોરણમાં સુધારો શક્ય ન બનતા તેને વિકાસ ન કહી શકાય તેવો એક મત રજુ થયો, પરિણામે વિકાસના આ ખ્યાલ અનુસાર ગરીબોની સ્થિતિમાં સુધારો થાય તેવી રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ જ આર્થિક વિકાસ કહેવાય. તેથી ગરીબ લોકોની પાયાની જરૂરિયાતો સંતોષવી તે જ વિકાસ. એ ખ્યાલ માપદંડ તરીકે અસ્તિત્વમાં આવ્યો. આ વ્યાખ્યાના આધારે ભારતની પંચવર્ષીય યોજનાઓમાં ત્રીજી અને છઠ્ઠી યોજનામા ગરીબોની પાયાની જરૂરિયાતો પર નોંધ પાત્ર કામગીરી હાથ ધરાયેલ. આર્થિક વિકાસમાં લોકો અને તેનું જીવન ધોરણ વિશેષ મહત્વ ધરાવે છે તેથી માત્ર આવકના આધારે નહી પરંતુ તેના પરિણામે જીવનની ગુણવત્તામા આવતા પરિવર્તનને નિર્ધારિત કરતા પરિબળોના આંક તરીકે જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક વિકાસનો માપદંડ બન્યો પરંતુ તેમાં બાળ મૃત્યુદર, એક વર્ષની વયે અપેક્ષિત સરેરાશ આયુષ્ય અને અક્ષર જ્ઞાન આટલી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી પરંતુ તેમાં માથાદીઠ આવકને અવગણવામાં આવેલ જોકે માથાદીઠ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાના આંકને સાથે જોતા સ્પષ્ટ થયુકે જે દેશની આવક વધુ છે તેમાં જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક પણ સારો રહ્યો છે જોકે ઓપેકના દેશો પૈકી ઘણા અપવાદ તેમાં જોઈ શકાય. તેમ છતાં સરેરાશ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાના આંક વચ્ચે સીધો સંબંધ જોઈ શકાય. ૧૯૯૦ થી UNDP દ્વારા માનવ વિકાસ હેવાલ રજુ કરવામાં આવે છે તેમાં સંકળાયેલ અર્થશાસ્ત્રીઓએ વિકાસની જુદી વ્યાખ્યા કરી છે તે અનુસાર "લોકોને પ્રાપ્ય તકોમાં વધારો થાય અને તે તકોને ઝડપી લેવાની લોકોની ક્ષમતામાં વધારો થાય તે વિકાસ છે" જેથી લોકો લાંબુ, સ્વસ્થ અને સર્જનાત્મક જીવન જીવી શકે તેણા માટે માથાદીઠ આવક, અપેક્ષિત આયુષ્ય અને સાક્ષરતાના દરને નિર્ધારિત કરાયા. પરંતુ આવક, સ્વાસ્થ્ય અને શિક્ષા સમાજ માટે પર્યાપ્ત નથી તેમાં જાતિગત સમાનતા વિના વિકાસ અધુરો છે માનવતાના અડધા પ્રમાણને અવગણીને વિકાસ સાધી શકાય નહી અને વિકાસની વૈચારિક પ્રક્રિયામાં પણ આટલા લાંબા સમય બાદ પણ જ્યાં વિકાસ વધુ હોય ત્યાં જાતિગત સમાનતા હોય તેવું જોવા મળેલ નથી પરિણામે યુએનના ૧૯૯૪ના કાઈરોના આંતરરાષ્ટ્રીય સંમેલનથી આ બાબતને આવરી લેવામાં આવી, ૧૯૯૫થી UNDP નારી વિકાસ સૂચકઆંક રજુ કરે છે. સમાનતાને માપવા વિવિધ માપદંડ નિર્ધારિત કરાયા છે, અને ૨૦૧૯માં ૨૨ દેશોમા સ્ત્રીઓ પુરુષોની તુલનામાં આગળ છે. પરંતુ તે પર્યાપ્ત છે? સમાજમા જાતિગત અસમાનતા સિવાય પણ ઘણી વિષમતાઓ

અસ્તિત્વ ધરાવે છે ૧૭૮૯ની ફ્રાંસની ક્રાંતિના ત્રણ સૂત્ર **સમાનતા**, **સ્વતંત્રતા** અને **બંધુતા**ને બીજા ૧૦૦ વર્ષમાં વિશ્વના લગભગ તમામ દેશોએ સ્વીકારી લીધુ કે એક વિકસિત સમાજમાં આ ત્રણે લક્ષણો આવશ્યક છે

## 2.3 વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા

વિકાસ એક બહુ આયામી વિભાવના છે. તેથી વિકાસની વિભાવના સમયાંતરે બદલાતી રહી છે. શરૂઆતમાં એટલેકે વીસમી સદીના પ્રથમ છ દશકાઓમાં વિકાસનો ખ્યાલ ઉદ્યોગો, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલા હતો. દાયકાઓ પછી આ ખ્યાલ અધુરો લાગ્યો. આ પ્રકારની વિકાસ પ્રક્રિયામાં એક પ્રકારે એવી માન્યતા હતી કે ટ્રિકેલ ડાઉન થિયરી એટલે કે વિકાસના લાભો પ્રારંભિક અવસ્થામાં સમાજના સંપન્ન વર્ગમાંથી શરૂ થઈને નીચલા વર્ગ સુધી પહોંચશે. 1970 ના વર્ષ પછીએવું સાબિત થઈ ગયું હતું કે ડાઉન થિયરી તેના મૂળ સ્વરૂપમાં કાર્ય કરી રહેલ નથી. એટલે કે સમાજમાં જે વિકાસ થઈ રહ્યો છે જે ઉત્પાદન  વધારો થઈ રહ્યો છે એટલે કે જીડીપીમાં થયેલ વધારો તે છેવાળાના માનવીઓ અને ગરીબો સુધી પોતાના લાભ પ્રસારી રહ્યો નથી. આ સંજોગોમાં એ પણ જોવામાં આવ્યું કે ગરીબ વર્ગ વધુ ને વધુ ગરીબ થતો જાય છે અને અમીર વર્ગ વધુ ને વધુ અમીર થતું જાય છે. આવા સંજોગોમાં વિકાસને નવા આયામો ઉમેરીને વૈકલ્પિક રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત ઊભી થઈ.  વિકાસને વૈકલ્પિક સ્વરૂપે 1980 ના દસ્તામાં અમૃત્ય સેન અને અન્ય વિકાસ અર્થશાસ્ત્રીઓની મદદથી માનવ વિકાસ તરીકે વિવિધ માનવીય આયમો સાથે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો. આદિવાસી વિકાસને પણ હવે માત્ર ભૌતિક વિકાસ અને સંસાધનોની પ્રાપ્તિ પૂરતો સીમિત ન રાખતા તેને પણ માનવીય અભિગમ સાથે માનવ વિકાસના પરિપ્રેક્ષમાં જોવા જઈએ.આ પ્રકારનો વિકાસ અમીર અને સંપ્પન વર્ગને જ સ્પર્શતો હતો.

21 મી સદીમાં વિકાસની પરિભાષાને એક નવી સમસ્યાઓનો સામનો કરવાનો આવ્યો અને તે હતો કુદરતી સંસાધનોની અછત અને પ્રદૂષણના પ્રશ્નો. કોઈ પણ વિકાસ કુદરતને નષ્ટ કરીને જુઓ લાંબા સમય સુધી કાર્યરત રહે તો દુનિયાને સમજાવ્યું કે જળવાયું પરિવહન અને સમગ્ર કુદરતના અસ્તિત્વ સામેથી એક મોટો પડકાર આવીને ઊભો રહેશે. આ ચિંતન માંથી વિકાસ માટે નિભાવ સમવ વિકાસ અથવા તો ટકાઉ વિકાસનો ખ્યાલ વિકસ્યો.  આદિવાસીઓના વિકાસને પણ ટકાઉ વિકાસના ખ્યાલ સાથે સાંકળવું જ રહ્યો કારણકે આદિવાસી વિકાસ તેના મૂળ સ્વરૂપે કુદરત ઉપર વધારે અવલંબિત એવા કુદરતી જીવન જીવતા આદિવાસી સમુદાયનો વિકાસ છે જો તેમના કૂદરતી સંસાધનો અને પર્યાવાસને નુકસાન પહોંચાડવામાં આવશે તો આ રસ્તે થયેલો  આદિવાસી વિકાસને લાંબા સમય સુધી નિભાવી શકાશે નહીં અને આમ આદિવાસી વિકાસ તે ટકાઉ વિકાસ હોવો જોઈએ તેઓ પણ ખ્યાલ વર્તમાન સમયમાં પ્રવર્તમાન છે. આથી સર્વસ્પર્શી, સમતોલ અને નિભાવક્ષમ/ટકાઉ વિકાસનો ખ્યાલ વધારે પ્રવર્તવા લાગ્યો. પર્યાવરણ સાથે સંતુલન જાળવીને લાંબાગાળાનો ટકાઉ વિકાસની ચર્ચા થવા લાગી. આ ચર્ચા આજે વધારે સ્વીકાર્ય

પણ બનવા લાગી છે.

વર્તમાન સમયમાં જેને વિકાસ પામેલું વિશ્વ કહેવામાં આવેછે તે પશ્ચિમના દેશોમાં ભૌતિક વિકાસવાળા એટલે કે સુખ-સગવડના સાધનોની ઉપલબ્ધિવાળા સમાજને સુખી સમાજ માનવામાં આવતું હતું. જોકે હવે તેના પ્રશ્નોની છણાવટ કરતા જણાયું છે કે આ વિકાસ પણ ઘણો મર્યાદીદ દ્રષ્ટીકોણ ધરાવે છે. આ મર્યાદી દ્રષ્ટિકોણ માં માત્ર સાધન સુખ સગવડોની પ્રાપ્તિને વિકાસ ગણવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીયેતો આ દૃષ્ટિકોણમાં આર્થિક વૃદ્ધિને વિકાસ માનવાનું વલણ છે. છેલ્લે આપણે એમ કહી શકીએ કે હવે વિકાસનો અર્થે માત્ર આર્થિક વિકાસ બદલાઈને હવે માનવીનો વિકાસ થયો છે. માનવ વિકાસમાં માનવ ક્ષમતાઓનું વિસ્તરણ, પસંદગીનો વ્યાપ, સ્વાતંત્રયના વિકાસ અને માનવ અધિકારોના અમલ રૂપે આર્થિક વિકાસના સાહિત્યમાં સ્વીકાર પામવા યોગ્ય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય પોષણ અને સંસાધનો પર નિયંત્રણ કરતા કંઈક વધુ બાબતોને સંકેત કરે છે. માનવીએ તો ક્ષમતાઓનો વિકાસ, એક એવી રાજકીય સામાજિક આર્થિક પરિસ્થિતિનું નિર્માણ થાય કે જેમાં પ્રત્યેક નાગરિકની સામે વિકલ્પોની પ્રાપ્તિ હોય તેને વિકાસની નવી પારિભાષામાં મહત્વ આપવામાં આવે છે.

વિકાસની પ્રક્રિયા સામાન્ય પરિભાષામાં મુકીએ તો વ્યક્તિગત ક્ષમતાઓ નું વર્ધન અને તેના માટે વિકલ્પોની પ્રાપ્યતા. ટૂંકમાં હવે આ બૃહદ અર્થમાં વ્યાખ્યાયિત થયેલ વિકાસ વિભાવનામાં અંતર સમાવિષ્ઠ એવા વિકાસને માપવા માટે આર્થિક અને બિનઆર્થિક તેની સાથે સાથે વ્યક્તિગત તેમજ સામુહિક એમ અનેક પરીમાંણો નો સમાવેશ કરવામાં આવે છે. બિન આર્થિક માપદંડોને હવે માનવીય વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્દેશકોમાં શિક્ષણ સ્વાસ્થ્ય અને વિવિધ વ્યવસ્થા, સંસ્કૃતિ, મનોવલણ વિકાસ વગેરે બાબતોનો સમાવેશ કરાશે.

આદિવાસી સમાજમાં આદિકાળ થી જ જીવનના વિવિધક્ષેત્રોમાં વિવિધ હુન્નર, વિવધ કલા વિકાસ પામેલ જોવા મળે છે. આ વૈવિધ્ય સફર કળા કવશલ્યો ને વધુ વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી તેમના વાક્તિત્વ વિકાસ કરવો જોઈએ. આ પ્રકારના વ્યક્તિત્વ વિકાસ થાકી તેમની અન્ય ક્ષમતઓ વિકાસ પામશે જે તેમના સમગ્ર વિકાસ પ્રક્રિયાને ઊંચા આયામો ઉપર પ્રસ્થાપિત કરવામાં મદદ કરશે.

ગુજરાતમાં આદિવાસી વિકાસની ચર્ચા કરીએ ત્યારે તેના વૈવિધ્યતા સભર આદિવાસી સાંસ્કૃતિક વિસ્તારોના સંદર્ભે વિવધ સમૂહોના વિકાસની રૂપરેખા ઘડવી જોઈએ અને તેના મુજબનું આયોજન થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિઓ અને આ સાંસ્કૃતિક ફેરફારોમાંમાં ભૌગોલિક પરિપેક્ષ્ય પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આદિવાસી પ્રદેશની ભોગોલિક અને

સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને આદિવાસી વિકાસ સંદર્ભે વિચાર કરવો જોઈએ કારણ કે આમ કરવાથી જ તેમની આગવી વિકાસ જરૂરિયાતોને ન્યાય આપી શકાશે. ગુજરાતના વિવધ આદિવાસી વિસ્તારોની ભૂગોળ ભિન્ન ભિન્ન છે. તેથી આ વિસ્તારના ભોગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે આ સંસ્કૃતિક ભીન્નાતાઓ હોવાથી પ્રદેશવાર આદિવાસીઓમાં ભિન્ન-ભિન્ન કળા સોશલ્યો અને ભિન્ન-ભિન્ન પ્રતિભા જોવા મળે છે. આદિવાસીઓમાં રહેલી પ્રતિભાને ઓળખી તેને વધારે વિકસાવવી તે પ્રાથમિક શાળા ના સ્તરેથી થતું કાર્ય છે તેના માટે આદિવાસી પ્રાથમિક શાળાઓને આ માટે સજ્જ કરવી જોઈએ.

આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક સંપદા જેવીકે જળ સ્રોત,જંગલ વગેરે સવિશેષ પ્રમાણમાં હોવાથી, આ તમા પ્રાકૃતિક સંપદાના આધારે અને આ સંપદા આધારિત તેમનામાં વિવધ કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ, જેના માટેની તાલીમ વ્યવસ્થાઓ શાળા સ્તરેથી નિર્માણ થાય તેવા પ્રયત્નો થવા જોઈએ. આ પૈકીને ઘણી તાલીમ આધુનિક સ્વરૂપની હશે તો ઘણી પરંપરગત સ્વરૂપની હશે અહી એ નોધવું જોઇયેકે જો પરંપરાગત હોય તો તે તે તાલીમ આપનાર સ્થાનિક હોય અને તે તાલીમ કાર્યક્રમ સ્થાનિક ભાષામાં નિર્માણ થયેલ હોય, આ માટે જરૂરી તમામ મદદ અને અનિવાર્ય એવા આધુનિક ટેકનિક જ્ઞાન/સપોટ સરકાર દ્વરા આધુનિક સ્વરૂપમાં આપવું જોઈએ. આદિવાસી ક્ષમતા વિકાસ તે અંતિમ ધેય હોય તેની પ્રાપ્તિ માટે અનિવાર્ય તમામ પગલા સરકાર દ્વારા લેવાય તે સુનિશ્ચિત થવું જોઈએ.

પ્રત્યેક આદિવાસીમાં રહેલી કલા કે હુન્નરનો વિકાસ થાય તે માટે અત્યંત જરૂરી પરિબળ છે કે તેમના દ્વરા ઉત્પાદન કરવામાં આવેલ વસ્તુ કે સેવાને યોગ્ય બજાર મળે, જો બજાર મળશે તો તેમને આર્થિક પ્રોત્સાહન આપી શકાશે. આર્થિક પ્રોત્સાહન મળતા વ્યક્તિ પોતાની રીતેજ કળા કવશલ્યોના વિકાસ માટે પ્રોત્શાહિત થશે. આ પ્રકારના આદિવાસી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી સ્થાનિક શૈક્ષણીક સંસ્થાઓ ના સ્તરે વિકસાવવું જોઈએ. બજારની પ્રાપ્યતા કરવવા માટે સ્થાનિક સ્તરે બજાર ઊભુ કરવામાં આવે અને પ્રવાસન ઉદ્યોગના પુરક તરીકે આ બજાર વિકાસને પ્રાધાન્યતા આપવામાં આવશે તો સરકારી પ્રવૃતિઓમાં ઘણા આવશે સરળતા રહેશે તેવી અપેક્ષા રાખી શકાશે.

## 2.4 આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો:

દુનિયામાં એક એવી વિચારધારા પ્રવર્તે છે કે આદિવાસી વિસ્તારમાં માળખાકીય સગવડ ઊભી કરવામાં આવશે તો તેમનો આર્થિક વિકાસ થઈ જશે. જોકે માત્ર માખણકીય વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તે માન્યતા ભરેલી છે. હા એ બાબત ચોક્કસ છે કે માળખાકીય શરતોના વિકાસના અભાવે આદિવાસી વિકાસ અવરોધ પામશે. અલબત્ત એ બાબત પણ નક્કી છે કે આર્થિક વિકાસની પ્રાથમિક જરૂરિયાત માળખાકીયનો વિકાસ છે. પરંતુ અહીં એ બાબતની સ્પષ્ટતા કરવી અનિવાર્ય છે કે માત્ર માળખાકીય સમૃદ્ધ ના વિકાસ

કરવાથી આદિવાસી વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી છે અને માળખાકીય શરતો ના ઉપરાંત માં પણ આદિવાસી આર્થિક વિકાસ ઘણી બધી જરૂરિયાત માંગી લેશે તે બાબતે ગંભીરતા લાવવા માટે ઉપરોક્ત વિષય અહીં ચર્ચા કરવામાં આવે છે.

આદિવાસી વિકાસ માટે એક અન્ય ગેરમાન્યતા એવી વ્યાપ્ત છે કે જો આદિવાસી સમુદાય માટેની સ્પેશ્યલ યોજનાઓનો અમલ કરવામાં આવશે તો તેઓ આ યોજનાઓના લાભ થકી આર્થિક વિકાસ પામશે. અલબત્ત અહીં પણ આપણે એવું જ કહેવું જોઈએ કે યોજનાઓની ગેરહાજરીમાં આદિવાસી આર્થિક વિકાસ અત્યંત ધીમુ સાબિત થશે. પરંતુ જો માત્ર યોજનાઓ ઉપર જ મદાર રાખવામાં આવશે તો તેના વિશ્વાસે બેસી રહેવું પણ ઠગારું સાબિત થશે. માત્ર યોજનાઓ થતી આદિવાસી આર્થિક વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી સાબિત થશે. કારણકે આદિવાસીઓ માટેની સ્પેશિયલ યોજનાઓ મોટાભાગે આદિવાસીઓના એ સમુદાયમાંથી સ્વીકારવામાં આવે છે કે જે તુલનાત્મક રીતે વધુ સક્ષમ અને વિકસિત હોય છે. આવા સંજોગોમાં આદિવાસી સમુદાય માટેની યોજનાઓનો લાભ લઈને એ જ વર્ગ સક્ષમ થશે કે જે પહેલેથી જ વધારે વિકસિત છે. પરિણામ એ આવશે કે છેવાડાનો અને અલ્પવિષિત એવો આદિવાસી વર્ગ ક્યારેય પણ વિકાસના લાભ યોજનાઓ થકી મેળવી શકશે નહીં.. આમ આદિવાસી વિકાસને માત્ર યોજનાઓ પૂરતો સીમિત ન રાખીને યોજનાથી પણ વિશેષ અર્થઘટન સાથે જોવા જઈએ.

આદિવાસી વિકાસ અંગે અન્ય એક ભૂલ ભરેલી માન્યતા એવી છે કે તેમના પરંપરાગત વ્યવસાયોને જો વધુ સબ્જેક્ટ કરવામાં આવશે જેવા કે તેમની ખેતીને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવો જે કુદરતી સંસાધનો સાથે સંકળાયેલા છે તેવા જળ સંસાધનો અને જંગલ સંસાધનોને આધારે જ અથવા તો તેના આશ્રિત વિકાસ પ્રક્રિયા કરવામાં આવશે તો જ તેમનો આર્થિક વિકાસ ઝડપી થશે. આ માન્યતામાં પણ ક્ષતિ જોવા મળે છે કારણ કે જળ સંપદા અને જમીન સંપદા વિકાસની સ્થિતિજોમાં ઘણી મર્યાદાઓ ધરાવે છે.

આદિવાસી વિકાસ માત્ર આદિવાસીઓનું શિક્ષણ નથી તેમની તાલીમ અને હુન્નરોનો વિકાસ નથી પરંતુ આદિવાસી આર્થિક વિકાસ તે આ બધા રસ્તાઓ થકી એક બૃહદ દર્શન છે કે જેમાં આદિવાસી ક્ષમતાઓનો વિકાસ અને આદિવાસી સંસ્કૃતિઓનું કુદરતી પ્રક્રિયા દ્વારા પાંગરવું.

જ્યારે પણ આદિવાસી આર્થિક વિકાસની વાત કરવામાં આવે છે ત્યારે હંમેશા એક ચર્ચા વેગ પકડે છે અને તે એ છે કે આદિવાસીઓમાં વ્યાપ્ત વ્યસન અને અંધશ્રદ્ધા ના કારણે તેમનો આર્થિક વિકાસ રૂંધાયેલો છે જો તેમના વ્યસન અને અંધશ્રદ્ધાને દૂર કરવામાં આવશે તો જ તેમના આર્થિક વિકાસને ગતિ આપી શકાશે. આ માન્યતા પણ મર્યાદિત છે. કારણ કે અંધશ્રદ્ધા અને વ્યસનથી મુક્ત સમાજ નથી. એ બાબતમાં પણ એટલું જ સત્ય છે કે અંધશ્રદ્ધા અને વ્યસન વિકાસની પ્રક્રિયામાં બહુ મોટા અવરોધ સર્જન કરી શકે છે.આમ માત્ર એટલુજ કહેવુકે વ્યસનના કારણે આદિવાસીઓમાં વિકાસ નથી થતો તે ભૂલ ભરેલ સાબિત થશે..

આદિવાસીના આર્થિક વિકાસ સંદર્ભના ઉપોરોકત વિભિન્ન મંતવ્યોને ધ્યાનમાં રાખી સમગ્ર આદિવાસી સમાજના વિકાસ માટે બહુઆયામી યોજના અને તે કાર્યન્વાયિત

કરવામાટે ના વિવધ બહુઆયામી પ્રકલ્પો વિચારવા જોઈએ. પ્રત્યેક આદિવાસી સમાજની પરિસ્થિતિ જુદી-જીડી હોવાથી કહી શકાય કે પ્રત્યેક આદિવાસી સમાજ માટે ના વિકાસનો અભિગમ ને વિકાસ માર્ગો પણ જુદો હશે.

## 2.5 પ્રવર્તમાન જોગવાઈ અને પ્રવર્તમાન સરકારી નીતિને અંતર્ગત આદિવાસી આર્થિક વિકાસ

પ્રવર્તમાન જોગવાઈ અને પ્રવર્તમાન સરકારી નીતિને અંતર્ગત આદિવાસી આર્થિક વિકાસ માટે જે પગલાં લેવાય છે તે તમામ પગલાંઓ અને નીતિ, યોજના, પ્રકલ્પો/એપ્રોચ વગેરેનો અભ્યાસ કરી અહીં આદિવાસી વિકાસ માટે કયો એપ્રોચ/ કઈ યોજના /કઈ નીતિ /કયો વિકલ્પ/ કયો પ્રકલ્પ કારકત નીકળ્યો એટલે કે સફળ થયો. જો કોઈ સંજોગોમાં નિષ્ફળતા મળી હોય તો આ નિષ્ફળતાના કારણો શું રહ્યા તે તમામનો અભ્યાસ પ્રત્યેક જિલ્લા સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવેલ હતો. અહીં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, બિનસરકારી સંસ્થાઓ, વ્યક્તિગત પ્રયત્નો વગેરેને પણ આદિવાસી આર્થિક વિકાસ અંતર્ગત મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.. આ સમગ્ર સંશોધનના પરિપાકરૂપે કહી શકાય કે પ્રસ્તુત સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ તેના વિષયવસ્તુ માટે ખૂબ જ ગહન અભ્યાસ આધારિત છે.

આદિવાસી આર્થિક વિકાસ દર્શન ની વાત થાય એટલે સ્વાભાવિક રીતે જ આદિવાસી આર્થિક વિકાસને પ્રત્યક્ષ રીતે સ્પર્શ કરતા મુખ્ય કાયદાઓ કે જેને ટૂંકમાં FRA અને PESA તરીકે ઓળખવામાં આવે છે તેનો ઉલ્લેખ આવે. પ્રસ્તુત કાયદાઓ ઠીક ઠીક પ્રમાણમાં બૌદ્ધિક જગતમાં ચર્ચા થયા છે. વર્તમાન સમયમાં આ કાયદાઓ બહુ જ મોટી ડીબીટોને આમંત્રણ આપે છે. આ કાયદા તેના મૂળભૂત સ્વરૂપમાં ઘણા જ મર્યાદિત પ્રમાણમાં અમલીકૃત બન્યા છે. આ કાયદાઓ આદિવાસીઓને એક અલાયદી વ્યવસ્થા પૂરી પાડવા અને એક આદર્શ આદિવાસી સમાજ સુનિશ્ચિત કરવા અંતર્ગતના છે. આ કાયદાઓ થકી આદિવાસીઓ પોતાના પ્રદેશ અને પોતાના કુટુંબનોઆર્થિક વિકાસ વેગન્તો બનાવશે તેઓ આદર્શ રાખવામાં આવેલ છે. પરંતુ આ કાયદાના સંપૂર્ણ અમલથી વર્તમાન વ્યવસ્થામાં ભારે પરિવર્તનો આવવા પણ સંભવ છે. આ બાબત થકી વર્તમાન વ્યવસ્થામાં સંભવિત મોટા પાયાના પરિવર્તન સામે આ કાયદાનો અમલ સમગ્ર દેશમાં ઘણો જ મર્યાદિત રહ્યો છે. આ કાયદાઓના ઘણા પરિવર્તનો અને ઘણી સંભાવનાઓ વિશે ઘણા બધા મંતવ્યો છે અને ઘણા બધા વિવાદો પણ છે. આ સમગ્ર ચિત્રને ધ્યાનમાં રાખીને અહીં આ સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં આ કાયદાઓને લઈ કોઈ ખાસ નિશ્ચિત દિશાનું નિશ્ચિત પગલું ન સૂચવતા માત્ર કાયદા નાપાલન અંગેની દિશા સૂચન કરેલ છે અને તેના વિવાદિત પાસામને અહીં આ અહેવાલમાં ટાળવાનું પ્રયત્ન કરવામાં આવેલ છે.

## 2.6 આદિવાસી કાયદાઓની સ્થિતિ અને આદિવાસી વિકાસ માટે ભલામણો

### 2.6.1 પાંચમી અનુસૂચિની અમલવારી

આદિવાસીઓની હિતની જોગવાઈ પાંચમી અનુસૂચિમાં કરવામાં આવી છે. તેને ધ્યાનમાં રાખી આદિવાસીઓ માટે કલ્યાણકારી યોજનાઓ અને કાયદાઓ ઘડવામાં આવે છે. ભારત સરકારે પાંચમી અનુસૂચિને ધ્યાનમાં રાખી પેસા એક્ટ અને વન અધિકાર કાયદો બનાવ્યો છે. ગુજરાતમાં તેની અમલવારી કરવામાં આવી છે. હાલાકી આ પાંચમી અનુસૂચિની અમલવારી ચુસ્ત રીતે થતી નથી. આથી પાંચમી અનુસૂચિની ચુસ્ત રીતે અમલવારી થાય તે જરૂરી છે. જો એની અમલવારી કરવામાં આવે તો આદિવાસીઓ માટે બનાવવામાં આવેલ બીજા કાયદોની અમલવારી પણ આપોઆપ થઈ જાય તેમ છે. આ કાયદાઓની અમલવારીથી આદિવાસી વિકાસને પણ ગતિ મળે એમ છે.

#### 2.6.1.1 પેસા એક્ટની અમલવારી

આદિવાસીઓ માટે પેસા એક્ટ ઘણો ઉપયોગી કાયદો છે. આ કાયદામાં આદિવાસીની પરંપરાગ જીવનશૈલીની કાર્યપદ્ધતિઓનો સમાવેશ કરવાનો પ્રયાસ કર્યો છે. હાલાકી આ કાયદાની અમલવારી અને આદિવાસીઓમાં તેના વિશેના જાગૃતિના અભાવના કારણે પેસા એક્ટ  કામ વગરનો બની રહ્યો છે. જેની અમલવારી થાય તે માટે સરકારે પ્રયાસ કરવાની જરૂર છે. પેસા એક્ટમાં આદિવાસી વિકાસ માટેની ઘણી બાબતોની જોગવાય છે. એક માત્ર પેસા એક્ટનો ચુસ્તપણે સરકાર અમલ કરે તો આદિવાસી વિકાસના ઘણાં પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. ગ્રામસભાની રચના અને તેના કાર્યો

આદિવાસી વિસ્તારમાં ગ્રામસભા એટલે ગામમાં એક જગ્યાએ ભેગું થવું. એમાં સરકારી કેટલાક અધિકારીઓ હાજર હોય. તે લોક યોજનાઓની વાતો કરે. અને ભેગા થયેલાની સહી લઈ સહું છૂટા પડે. ટૂંકમાં આધિવાસીઓ પેસા એક્ટના કાર્યોથી અપરિચિત છે.

તેઓ તેનાથી માહિતગાર થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. તે માટે જાહેરાતો, પોસ્ટરો કે સભા-મેળાવડા કરી જાગૃતિ કાર્યક્રમો કરવા જોઈએ.દરેક ગામમાં ગામસભા વ્યવસ્થિત રીતે થાય તે માટે ચકાસણી માટેનું આયોજન કરવું જોઈએ. ગ્રામસભાની રચના કરવામાં કોઈ એકવર્ગનું  જ પ્રતિનિધિત્વ  ન રહે તેની તકેદારી રાખવી જોઈએ.વધુમાં વધુ લોકોની ભાગીદારી એમાં વધે તેવા પ્રયાસ કરવા જોઈએ.

#### શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ

આદિવાસી વિસ્તારમાં શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ ગ્રામસભા દ્વારા જ લાવવાનો છે. કોઈપણ ગામમાં આની અમલવારી થતી નથી. આદિવાસી વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં નોધાયેલા કેસો પોલીસ સ્ટેશમાં સમાધાન થયેલ કેશોની સંખ્યા પરથી અંધાજ આવશે. કે આ નિયોમેનું કેટલું પાલન થાય છે.

શાંતિ સલામતિ દળ (સંગઠન)ની કાયદાની જોગવાઈ પ્રમાણે રચના કરવી જોઈએ. વિવાદની નિવારણ માટેની ચોક્સ પ્રક્રિયા કાયદાની જોગવાઈ પ્રમાણે નક્કી કરવી

જોઈએ.જરૂરી લાગે ત્યાં બીજી અન્ય પેટા સમિતિ બનાવી પણ સ્થનિક કક્ષાએ જ તકરારનો ઉકેલ આવે તેવા પ્રયાસ કરવા જોઈએ. આદિવાસી વિસ્તારમાં આવેલ પોલીસ સ્ટેશનોની ભૂમિકા બદવાની જરૂર છે. પોલીસ સ્ટેશને ગુનો નોંધવાની જગ્યાએ કાયદાની જોગવાઈ અનુસાર એમની દેખરેખ હેઠળ તકરારનો ઉકેલ કરાવવો જોઈએ. આમ કરવાથી આદિવાસી વિસ્તારના પોલીસ કેસો ઘટાડી શકાશે. તેમ જ ગુનાઓ પણ અટકાવી શકાશે.આ પ્રકારની નિર્ણય પ્રક્રિયામાં મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી માર્ગદર્શમાં સહાયક રાખી શકાય.ગામના વડીલોના સહકાર લઈ આ માળખાને મજબૂત બનાવાવની જરૂર છે. આ પ્રક્રિયાથી આદિવાસીઓના કોર્ટ- કચેરીના નાણાંનો ખર્ચ બચાવી શકાય.

**લાબાર્થીઓની ઓળખ, પ્લાનની મંજૂરી, દેખરેખ વગેરેની સત્તા**

આદિવાસીઓને વિવિધ યોજનાઓનો લાભ મોટા ભાગે આદિવાસીમાં રહેલો તાકાતવર વર્ગ વધારે ફાયદો ઉઠાવે છે. ઘણી વખત લોકોના અજ્ઞાનતાનો લાભ ઉઠાવે છે. આ અસમાનતા અટકાવવાની ખૂબ જરૂર છે. આ અસમાનતા અટકાવી આદિવાસીનો સર્વાંગી વિકાસ કરી શકાય તેમ છે. આ માટે ગ્રામસભા ઉપયોગી બની શકે તેમ છે. ગ્રામસભા દ્વારા નક્કી કરેલા લાભાર્થીઓને જ લાભ મળે તેવી જોગવાઈ કરવાની જરૂર છે.

સરકારે હાલ વ્યક્તિગત ઓનલાઈન ફોર્મ ભરવાની જોગવાઈ કરી છે. તેમાં જરૂરી સુધારા કરી ગ્રામસભા દ્વારા મંજૂર થયેલ નામોમાંથી યોજનાનો લાભ મળે તેવી જોગવાઈ કરવાની જરૂર છે. રોડ, રસ્તા, પાણીની સગવડ, શાળા, આંગણાડી, જેવા વિવિધ કામોની મંજૂરી પણ ગ્રામસભાના દરખાસ્તના આધારે જ મંજૂર કરવી જોઈએ. સામાન્ય રીતે હાલમાં મોટા ભાગે ઉપરથી યોજનાઓ બનીને આવે છે. અથવા તો સરપંચ તલાટી પોતાનો લાભ જોઈને નક્કી કરી ઓનવાઈન દરખાસ્તની વિગત ભરી દે છે. તેને અટકાવવાની જરૂર છે. પ્લાન મંજૂરી માટે ગ્રામસભાનો ફાળો ન હોવાથી વિકાસનો સરખો લાભ આખા ગામને મળતો નથી. તેને અટકાવવાની જરૂર છે. કામ મંજૂર રાખ્યા પછી તેની દેખરેખ રાખવા માટે પણ સમિતી બનાવવી જોઈએ. સમિતિના રીપોર્ટના આધારે જ જે તે કામગીરીના નાણાં ચુકવવા જોઈએ.

**કુદરતી સંસાધનો, કૃષિ, જમીન અને સામુદાયિક અસ્કયામતોનું વ્યવસ્થાપન**

આદિવાસીઓનો કુદરત, જમીન અને ખેતી સાથે પરંપરાગત નાતો રહ્યો છે. એના સંવર્ધન માટે એની પાસે પરંપરાગ સમજ અને સૂઝ છે. તેનો ઉપયોગ કરી એનું વ્યવસ્થાપન કરી

શકાય તેમ છે.

- જળ, જંગલ અને જમીન એ આદિવાસીઓ માટે આજીવિકાનું સાધન છે. એ આજીવિકાનું સાધનસંપત્તિનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ, તેની તાલીમ આપવી જોઈએ.

- આજીવિકાનું સાધન કાયમ માટે ટકી રહે તે રીતે સ્થાનિક સંસાધનનો ઉપયોગ થાય તેવી જોગવાઈ કરવી જોઈએ.

- વિકાસ ક્ષમતાને ધ્યાનમાં રાખી સ્થાનિક સંસાધન સંપતિનો ઉપયોગ થાય તેવું માળખું ગોઠવવું જોઈએ.

- આ સંસાધનો અમુક લોકોના પુરતા મર્યાદિત ન બની જાય તે માટે વ્યવસ્થાપન કરવું પડશે.

- આ બધી જોગવાઈઓની સાથે આ સંસાધનો પર વ્યક્તિગત હક્કો છે, તે છીનવાઈ ન જાય તેની કાળજી પણ રાખવી પડશે.

- ખેતી માટે સરકારે યોજનાઓ બહાર ન પાડવી જોઈએ. પરંતુ ગ્રામસભા પ્રદેશ અને ભૌગોલિક વિસ્તાર પ્રમાણે ખેતી માટે જે નિયમો ઘડે તે પ્રમાણે સહાય આપવી જોઈએ.

- જમીનના માલીકીને લગતા પ્રશ્નો પણ ગ્રામસભા દ્વારા જ મુકાવા જોઈએ. તેનો ઉકેલ પણ ગ્રામસભા દ્વારા જ લાવી શકાય તેવું માળખું ગોઠવવું જોઈએ.

- જમીન-ખરીદી- વેચાણને લગતી સત્તા પણ ગ્રામસભા દ્વારા જ થવું જોઈએ. એ વ્યક્તિગત જમીન હોય કે સામૂહિક માલીકીની જમીન હોય.

- જળ સંસાદનનું આયોજન અને વ્યવસ્થાપન પણ ગ્રામસભા દ્વારા સૂચવાય તે રીતે જ અમલવારી કરવી જોઈએ.

- સિંચાઈ વ્યવસ્થામાં પાણીના નિયમનની વ્યવસ્થા ગ્રામસભા દ્વારા થાય તે રીતે અમલવારી કરવી જોઈએ. તમામને સરખા ભાગે મળે છે કે કેમ તેની તકેદારી રાખવી જોઈએ.

- જળાશયો, સામુદાયિક અસ્કાયામતોનનું વ્યવસ્થાપન ગ્રામસભાની પાસે જ રહે તેવું આયોજ કરવું જોઈએ.
- આ બધા જ વ્યવસ્થાપન માટે જુદી જુદી સમિતી બનાવી પડે તો તેમ કરવું જોઈએ.
- વ્યવસ્થાપન માટેના જુદા જુદા કાર્યો માટે જુદા જુદા રજિસ્ટરો પણ નિભાવવા જોઈએ.
- દરેક ગામ પાસે એક અનાજ બેંક કે બીજ બેંકની સગવડ હોવું જોઈએ. તેમાંથી જ લોન સ્વરૂપે બીજ કે અનાજ ગામના લોકોને આપી શકાય. આવી વ્યવસ્થ ઊભી કરવા માટે જરૂરી સંસાધનની સહાય અને માર્ગદર્શન આપવું જોઈએ. અંત્યોદય યોજનાને આના સાથે જોડી શકાય.
- સ્થાનિક બીજ અને અનાજને પ્રાધાન્ય મળે તેવું આયોજન કરવું જોઈએ.

**માનવશક્તિ (માનવબળ)**

આદિવાસી વિસ્તારમાં શ્રમ સાથે જોડાયેલા લોકોનું વિશેષ શોષણ થાય છે. આ શોષણને અટકાવવા માટે સરકાર દ્વારા વિશેષ ધ્યાન અપાતું નથી. આવા સંજોગામાં ગ્રામસભાને વધુ જાગ્રત કરી આ શોષણને અટકાવી શકાય તેમ છે.

- કોઈપણ મજૂરનું શોષણ ન થાય તે રીતે શ્રમના કલાકો અને તેનું મહેતાણું નક્કી કરવું જોઈએ.
- ગામની બહાર જતા મજૂરો માટે પણ ગામસભાએ મહેતાણું અને સગવડો નક્કી કર્યા હોય તેને મજૂર લઈ જનારે અનુસરવાનું રહેશે. તેવી જોગવાઈ કરવી જોઈએ.
- બહાર ગામ જતા મજૂરો અંગે તેને લઈ જનાર વ્યક્તિ કે એજન્સી દ્વારા જે તે ગ્રામસભાને એની સ્થિતિ, મજૂરી તથા સુખાકારી અંગે વખતો વખત જાણકારી મળી રહે તેવી જોગવાઈ કરવી જોઈએ.
- ગામના લોકોનો શ્રમબળનો ઉપયોગ બરાબર થાય તેવું વ્યવસ્થાપન કરવા માટે ગ્રામસભાને સતત માર્ગદર્શ મળે તેવું આયોજન કરવું જોઈએ.
- તમામ લોકોના શ્રમબળને ન્યાય મળી રહે તેવા કાર્યોનુજ આયોજન ગ્રામસભા દ્વારા થાય તે સુનિશ્ચત કરવું જોઈએ.

- લોકોમાં રહેલી ક્ષમતા અને કૌશલ્યને ઓળખી તેને પ્રોત્સાહક કામોનું આયોજન થાય તેવું આયોજન કરવું જોઈએ.

**ગ્રામ હાટનું વ્યવસ્થાપન**

આદિવાસી વિસ્તારમાં આવેલા બજારો કે ગ્રામહાટ કે ફેરીયાઓના ભાવ, વજન, ગુણવત્તા, કઈ વસ્તુઓ વેચવા દેવી, એ અંગે ગ્રામસભાએ સૂચવેલા સૂચનોનો ગંભીરપણે અમલવારી થાય તે જોવું જોઈએ.

- મામલતદાર કોઈપણ દુકાનદારને પરવાનગી આપતા પહેલા ગ્રામસભાની મંજૂરીનો આગ્રહ રાખવો જોઈએ.
- ગ્રામસભા દ્વારા અપાયેલી ફરિયાદને અગ્રીમતા આપી તાત્કાલીક પગલા લેયાલ તેવું આયોજન કરવું જોઈએ.

**ખાણ અને ખનીજો**

આદિવાસી વિસ્તાર મોટા ભાગે પ્રાકૃતિક સંપદા વાળો વિસ્તાર છે. આ વિસ્તામાં પ્રાકૃતિક સંપદા સાથે ખનીજ સંપત્તિ પણ ઘણી છે. આથી જો ખનીજ સંપત્તિનો ઉપયોગ વધી જાય તો તે વિસ્તારના લોકોની જીવનશૈલી પર તેની અસર તો થાય જ છે. પરંતુ સાથે સાથે પ્રાકૃતિક સંપદા પર પણ તેની અસર થાય છે. એટલે કે આખી જીવસૃષ્ટિ પર તેની અસર થાય છે. આથી ખની જ સંપત્તિનો ઉપયોગમો સંયમ રહે એ ખૂબ જરૂરી છે.

- કોઈ પણ કંપની, વ્યક્તિ કે સરકાર દ્વારા ખનીજ માટે ખોદકામ કરવાનું હોય ત્યારે ગ્રામસભાની મંજૂરી હોય તો જ ખોદકામ થાય તેવી જોગવાઈ કરવી જોઈએ. અને તેની કડક અમલવારી પણ કરવી જોઈએ.
- ખનીજ હેતુ માટે જમીન મેળવનારે અરજી સરકારને કરે તેની સાથે ગ્રામસભાને પણ કરવી જોઈએ. અને ગ્રામસભાની મંજૂરી અને શરતોને આધીને જ સરકારે મંજૂરી આપવી જોઈએ.
- જે વિસ્તારમાંથી ખનીજ કાઢવામાં આવે તેની આવકનો વપરાશ તે જ વિસ્તારના લોકોની સુખાકારી વધે તે માટે કરવું જોઈએ.
- સ્થાનિક લોકોના વપરાશ માટે પણ ગ્રામસભાએ નક્કી કરેલ માપદંડ પ્રમાણે ખાણ-ખનીજ લેવાની છૂટ હોવી જઈએ.

- ખાણ-ખનીજની મંજૂરી આપતા પહેલા ગ્રામસભા પર્યાવરણના સંરક્ષણને ધ્યાનમાં રાખે તે અંગે માર્ગદર્શન પુરુ પાડવું જોઈએ,

**નાણાની ધીરધાર**

- આદિવાસી વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ લોન લેવા માંગે તો તે ગ્રામસભાના માધ્ય થકી લોન લઈ શકે તેવી જોગવાઈ કરવી જોઈએ.
- નાણાં ધીરનાર વ્યક્તિએ પણ પેસા એક્ટ લાગુ વિસ્તારમાં નાણાં ધીરતા પહેલા ગ્રામસભાની મંજૂરી લેવી પડશે.
- નાણાં ધીરનારે સમયાંતરે ગ્રામસભાને પણ સમયાંતરે લોનની વિગત પુરી પાડવાની રહેશે.
- લોન લેનારનું શોષણ થતું હોય એમ લાગે તો જે તે નાણાં ધીરનાર સામે લોન લેનાર ગ્રામસભા સામે ફરીયાદ કરી શકશે.
- ગ્રામસભાની શાંતિસમિતિ આ અંગે તપાસ કરી જો નાણાં ધીરના જવાબદાર જણાય તો તેના ઉપર પગલા લેવા માટે જવાબદાર અધિકારીને જાણ કરશે.

**વ્યસનમુક્તિ સંબંધિત પગલા**

- કેફી પદાર્થના નિયંત્રણો માટે ગ્રામસભા નિયમો ઘડશે.
- વ્યસનથી પીડાતા લોકોને આરોગ્ય કેન્દ્ર કે પરામર્શન કેન્દ્રો પર ગ્રામસભા મોકલવાનો નિર્ણય કરશે.

**અંધશ્રદ્ધા, જાદુટોણા વગેરે વિષય બાબતો**

- અંધશ્રદ્ધા, જાદુટોણા સંદર્ભે ગ્રામસભામાં ચર્ચા કરી તેનું નિવારણ કરશે.
- લોકોની વૈજ્ઞાનિક સમજ કેળવાય તે માટે જરૂર જાગૃતિ કાર્યક્રમો કરશે.

#### 2.6.1.2 વન અધિકાર કાયદો (FRA)

- વન આધારિત ખેતીને પ્રોત્સાહન અંગે વિચારવું.

- જે તે ગામને ફાળવવામાં આવેલ જંગલમાં સાગ. સીસમ જેવા વૃક્ષોને ઉછેર કરવા પ્રોત્સાહન આપવામાં આવે.

- વન અધિકાર કાયદો અને પેસા એક્ટ એક બીજા સાથે જોડવામાં આવે.

- વન અધિકાર કાયદામાં જમીન ફાળવવામાં જે અનિયમિતતા છે તેને દુર કરવામાં આવે.

- વન અધિકાર કાયદાની જોગવાઈની અમલવારીનું સતત મૂલ્યાંક કરવામાં આવે.

**2.7 ઉપસંહાર**:

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી વિકાસના વિવિધ મંતવ્યો અને જે તે મંતવ્ય ની મર્યાદાઓ વિશે અહીં ચર્ચા કરવામાં આવી છે. આદિવાસી વિકાસ ને કેવી રીતે જુઓ અને નિર્ધારિત કરેલી આદિવાસી હાર્દિક વિકાસની વિભાવનાને કેવી રીતે કાર્યરત કરવી વગેરે જેવા મુદ્દાઓની અહીં છણાવટ કરવામાં આવી. અહીં મુખ્યત્વે આપણે એ જોયું કે આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે. કોઈ એક બિંદુએથી આદિવાસીના હાર્દિક વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્ર તહ જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે કાર્યવિધ કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે.

# પ્રકરણ-3
# જિલ્લામાં આદિવાસી વસ્તી અને તેમની વિકાસ સમસ્યાઓ



| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 3.1 | પ્રસ્તાવના | 23 |
| 3.2 | જિલ્લા ને લગતી પ્રાથમિક આંકડાકીય માહિતી | 23 |
| 3.3 | તાપી જીલ્લાના અર્થતંત્રમાં વિવધ ક્ષેત્રવાર આર્થિક સમસ્યાઓ | 34 |
| 3.4 | આદિવાસી આર્થિક ઉત્થાન/ વિકાસ | 39 |
| 3.5 | ઉપસંહાર | 44 |

# પ્રકરણ-3
# જિલ્લામાં આદિવાસી વસ્તી અને તેમની વિકાસ સમસ્યાઓ

**3.1 પ્રસ્તાવના:**

આદિવાસી આર્થિક વિકાસ દર્શન સમગ્ર ગુજરાતનું આદિવાસી જીવન અને સંસ્કૃતિ ને લગતા આ સંશોધન માં આ અહેવાલ માત્ર તાપી જિલ્લા ના અન્વેષણ અંગેનો છે. તાપી જિલ્લો મૂળતઃ સુરત જિલ્લામાંથી વિભાજન પામી ને બનેલ એક જિલ્લો છે. તાપી જિલ્લામાં હાલ કુલ સાત તાલુકા આવેલા છે, પરંતુ વિશ્લેષણની સરળતા ખાતર અહીં પ્રસ્તુત અહેવાલમાં માત્ર પાંચ તાલુકાઓનો ઉલ્લેખ કરેલ છે, કારણકે ડોલવણ અને કુકરમુંડા તાલુકો 2017માં વિભાજિત થયેલ હોય તે અંગેની પાછળના સમયની માહિતી ઉપલબ્ધ નથી તેથી તે તાલુકાઓ ભૂતકાળમાં જેમની સાથે સંયુક્ત રીતે અસ્તિત્વ ધરાવતા હતા તે તાલુકાઓ ની માહિતી અહીં ઉલ્લેખ કરવામાં આવેલ છે. જોકે આદિવાસી વિકાસ દર્શન જ્યાં ભવિષ્યની ચર્ચાઓ સાથે સંકળાયેલું છે તેવા કિસ્સાઓમાં વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતા ડોલવણ અને કુકરમુંડા તાલુકા નો ઉલ્લેખ કરીને પ્રસ્તુત અહેવાલમાં ચર્ચા કરવામાં આવી છે. જિલ્લા ને લગતી પ્રાથમિક આંકડાકીય માહિતી નીચે મુજબ છે

**3.2 જિલ્લા ને લગતી પ્રાથમિક આંકડાકીય માહિતી**

જિલ્લા ને લગતી પ્રાથમિક આંકડાકીય માહિતી

| Heads | Nos. |
|---|---|
| Area (Sq. Kms.) | 3434.64 |
| No. of Talukas | 5 |
| Prants | 2 |
| Municipal Corporations | 0 |
| Municipal Towns | 2 |
| Panchayats | 284 |
| *Taluka Panchayats* | 5 |
| *Gram Panchayats* | 284 |
| Villages | 523 |

તાપી તાલુકો 3434 ચોરસ કિલોમીટર એરિયા ધરાવે છે જેમાં કુલ સાત તાલુકાઓ આવેલા છે ઉલ્લેખનીય છે કે માત્ર બે નગરપાલિકાઓ આવેલી છે પરંતુ એક પણ મોટું શહેર એટલે કે મ્યુનિસિપલ કોર્પોરેશન આવેલ નથી. આ જિલ્લામાં કુલ ૫૨૩ ગ્રામ પંચાયત આવેલી છે જ્યારે કુલ સાત તાલુકા પંચાયત આવેલી છે.

**તાપી જીલ્લાની વસ્તી વિષયક પ્રાથમિક માહિતી:**

| State/ District/ Taluka | Scheduled Tribe Population | | % of Decadal Change (ST) | % of ST Pop. to Total Pop. | Sex Ratio (ST) | |
|---|---|---|---|---|---|---|
| | Total | | T | T | T | R |
| | 2001 | 2011 | 2001-2011 | 2011 | | 2011 |
| **Gujarat** | 7481160 | 8917174 | 19.2 | 14.75 | 981 | 984 |
| **Tapi** | 601114 | 679320 | 13.01 | 84.18 | 1022 | 1022 |
| **Nizar** | 83843 | 105043 | 25.29 | 80.82 | 1033 | 1033 |
| **Uchchhal** | 71084 | 86693 | 21.96 | 98.05 | 1029 | 1029 |
| **Songadh** | 170464 | 195103 | 14.45 | 84.91 | 1012 | 1012 |
| **Vyara** | 211611 | 227613 | 7.56 | 84.84 | 1025 | 1025 |
| **Valod** | 64112 | 64868 | 1.18 | 71.63 | 1013 | 1013 |

*Source: Census of India – 2001 & 2011, Registrar General of India*

પ્રદેશમાં આદિવાસી વસ્તી 2001માં 84 પોઇન્ટ 18% જણાય હતી ઉચ્છલ તાલુકામાં આદિવાસી વસ્તીસૌથી વધારે 98.5 ટકા જણાઈ હતી, જ્યારે આદિવાસી સૌથી ઓછું પ્રમાણ જિલ્લામાં વાલોડ તાલુકામાં સિકોતેર 65% જણાવ્યું હતું. જિલ્લામાં જાતિગત પ્રમાણ ની વાત કરીએ તો પ્રદેશમાં ખૂબ જ સારી સ્થિતિ જોવા મળે છે એટલે કે 2011ના વસ્તી ગણતરી અહેવાલ પ્રમાણે જિલ્લામાં જાતિગત પ્રમાણ તમામ તાલુકાઓમાં 1000થી વિશેષ જોવા મળ્યું હતું. જાતિગત વસ્તી પ્રમાણે શહેરી અને ગ્રામીણ બંને જગ્યાએ ખુબજ અનુકુળ જોવા મળ્યું હતું.

તાપી જિલ્લા ભૌગોલિક પરિચય:

27 સપ્ટેમ્બર 2007ના જાહેરનામાથી સુરત જિલ્લાનુ વિભાજન કરી અલગ જિલ્લા તરીકે તાપી જિલ્લાની રચના થઇ. જેમાં પાંચ તાલુકા, 248 ગ્રામ પંચાયતો અને બે નગરપાલિકા વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. 13 ઑગસ્ટ 2013ના રોજ તાપી જિલ્લાના નવા બે તાલુકા બનાવવામાં આવ્યા. તાપી જિલ્લાના વ્યારા

તાલુકામાંથી ડોલવણ અને નિઝર તાલુકામાંથી કુકરમુંડા એમ બે તાલુકા નવા બનતા હાલ તાપી જિલ્લામાં કુલ 7 તાલુકા છે. 1) વ્યારા, 2) સોનગઢ, 3) વાલોડ 4) ઉચ્છલ 5) નિઝર 6) ડોલવણ અને 7) કુકરમુંડા. આ સાતે તાલુકાનો આદિવાસી તાલુકા તરીકે સમાવેશ થાય છે. જેમાંથી સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાને અતિપછાત તાલુકા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

તાપી જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તારની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી જોવા મળે છે. ઔદ્યોગીક વિકાસની ગેરહાજરી અને સેવાક્ષેત્રના મર્યાદિત વિકાસને કારણે રોજગારીની તકો નીચી છે. રોજગારી અર્થે લોકો સુરત શહેર તરફ સ્થળાંતર કરે છે. અંબિકા, પૂર્ણા, મીંઢોળા, વાલ્મિકી સહીત બારમાસી તાપી નદી આ જિલ્લાના મધ્ય ભાગમાંથી વહે છે. ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાપી નદીના કિનારાના તાલુકા છે, છતા તેની ગણના અતિ પછાત તાલુકા તરીકે થાય છે. વિકાસ માટેની વિશાળ ઉકાઇ યોજનામાં આદિવાસીની અવગણનાએ અસરગ્રસ્ત આદિવાસી વિસ્તારોને આર્થિક રીતે નબળા રાખ્યા છે. તાપી નદીના ફળદુપ સપાટ મેદાનો, વરસાદની ઊંચી આવક, ફળદ્રુપ જમીન સંપત્તિ, સમતોલ લૈંગિકપ્રમાણ ધરાવતું માનવ સંસાધન તેમ જ કુદરતી સંસાધનોની વિપુલતા હોવા છતા આર્થિક દ્રષ્ટિએ આ જિલ્લો પછાત રહ્યો છે. આ સંદર્ભે જિલ્લાનો પ્રાથમિક પરિચય રજૂ કરાયો છે.

ભૌગોલિક પરિચય

રાજ્યનો 1.6 ટકા (3,434.64 ચો.કી.મી.) વિસ્તાર ધરાવતા તાપી જિલ્લામાં રાજ્યની 1.33 ટકા વસ્તી વસવાટ કરે છે. જિલ્લાની પૂર્વ દિશાએ મહારાષ્ટ્ર, પશ્ચિમે સુરત, ઉત્તરે નર્મદા અને દક્ષિણે ડાંગ તથા નવસારી જિલ્લાની સરહદ સ્પર્શે છે. ભૂરચના પ્રમાંણે જિલ્લાને બે ભાગમાં વહેંચી શકાય. 1) પૂર્વ તરફનો ટેકરીવાળો પ્રદેશ- જે દક્ષિણે સહયાદ્રી તથા ઉત્તરે સાતપૂડાની હારમાંળાથી ઘેરાયેલો છે. 2) તાપી નદીનો ફળદ્રુપ સપાટ મેદાન- જે જિલ્લાના પૂર્વમાં પશ્ચિમઘાટથી પશ્ચિમમાં અરબી સમુદ્ર તરફ ઢળતુ મેદાન છે. જમીન વિસ્તારની દ્રષ્ટિએ ક્યારી જમીનનો મધ્યમ પટ્ટો અને પર્વતીય કાળી જમીનનો  સંપૂર્ણ આદિવાસી વસ્તીવાળો પટ્ટો છે. જિલ્લામાં મોટાભાગે સમઘાત આબોહવા અનુભવાય છે. જુન-જુલાઇથી સપ્ટેમ્બર સુધી ચોમાસુ ચાલે છે. ઑકટોબરથી ફેબ્રુઆરી સુધી હવા ઠંડી રહે છે. અને ત્યાર બાદ ઉનાળો અનુભવાય છે. નેઋત્યના મોસમી પવનો જિલ્લામાં ઑગસ્ટ સુધી સારો વરસાદ લાવે છે.

સાત તાલુકા ધરાવતા તાપી જિલ્લામાં કુલ 291 ગ્રામ પંચાયતો છે. જે પૈકી 200 સ્વતંત્ર પંચાયતો અને 91 જૂથ ગ્રામપચાયતો છે. વ્યારા અને સોનગઢ નગરપાલિકા છે. જિલ્લામાં કુલ 488 ગામો છે, જે પૈકી 451 વસ્તીવાળા ગામો અને 37 ઉજ્જડ ગામો છે. કુકરમુંડામાં સૌથી વધુ 19 ગામો ઉજ્જડ છે. વિસ્તાર અને ગામોની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી મોટો તાલુકો સોનગઢ છે, જે જિલ્લાનો 37 ટકા ભૌગોલિક વિસ્તાર ધરાવે છે. નિઝર તાલુકામાં સૌથી ઓછા ગામો છે. ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ કુકરમુંડા સૌથી

નાનો તાલુકો છે, જે જિલ્લાનો માત્ર પાંચ ટકા વિસ્તાર ધરાવે છે.

તાપી જિલ્લાના તમામ તાલુકા આદિવાસી છે.

સમગ્ર જિલ્લામાં 84 ટકા વસ્તી આદિવાસી છે ઉચ્છલ તાલુકામાં સૌથી વધુ 98 ટકા વસ્તી આદિવાસી છે. ટૂંકમાં દરેક તાલુકામાં 70 ટકાથી વધુ આદિવાસી વસ્તીની દ્રષ્ટિએ સૌથી મોટા સોનગઢ તાલુકામાં 28.47 ટકા વસ્તી વસવાટ કરે છે. જ્યારે સૌથી ઓછી વસ્તી કુકરમુંડામાં 7.49 ટકા છે.

શહેરી વસ્તી માત્ર વ્યારા અને સોનગઢ તાલુકામાં અનુક્રમે 22.66 ટકા અને 17.3 ટકા છે. આ સિવાયના તમામ તાલુકામાં 100 ટકા ગ્રામીણ વસ્તી છે.

જિલ્લાના વાલોડ અને સોનગઢ સિવાયના તમામ તાલુકામાં લૈંગિકગુણોત્તર હજારથી વધારે છે. ઉચ્છલ તાલુકો 1025 સાથે પ્રથમ ક્રમે છે. ગુજરાતના આ જિલ્લામાં સ્ત્રી-પુરૂષની વસ્તી વચ્ચે સૌથી વધારે સમતુલા જોવા મળે છે.

ઉચ્છલ અને નિઝર તાલુકામાં વર્ષ 2001 થી 2011ના દાયકાનો વસ્તી વૃદ્ધિદર 20 ટકાથી વધુ છે. વાલોડ તાલુકામાં સૌથી ઓછો (3.9 ટકા) વસ્તી વૃદ્ધિ દર છે.

વાલોડ તાલુકો પ્રતિ ચો.કિ.મી. એ 380 વ્યક્તિ ધરાવે છે. જિલ્લામાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ દેશ અને રાજ્યની તુલનાએ ખૂબ નીચું છે.

જિલ્લામાં કુલ 6.79 લાખ આદિવાસી વસ્તી છે. તાપી જિલ્લામાં વ્યારા અને સોનગઢ તાલુકામાં કુલ 4 નાના શહેરો છે. જેમાં જિલ્લાની કુલ આદિવાસી વસ્તીના ત્રણ ટકા વસ્તી વસવાટ કરે છે. તે સિવાયની 96.75 ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં નિવાસ કરે છે. જિલ્લામાં 0-6 વયનાં બાળકોનું પ્રમાણ સોનગઢ તાલુકામાં છે. સુરત શહેરના ઉદ્યોગિકીકરણ અને બિનઆદિવાસી સમાજના અનુકરણને કારણે તાપી જિલ્લામાં ભવિષ્યમાં કુલ જાતિ પ્રમાણ ઘટશે એ સંભવિત છે.

જિલ્લામાં કુલ વસ્તી સોનગઢ તાલુકામાં વધારે છે, પરંતુ અક્ષરજ્ઞાન ધરાવતી વસ્તી વ્યારામાં વધુ છે. વ્યારા અને સોનગઢમાં શહેરીકરણને કારણે અક્ષરજ્ઞાન ધરાવતી વસ્તીની ટકાવારી ઊંચી છે જ્યારે સંપૂર્ણ ગ્રામીણ વિસ્તાર ધરાવતા તાલુકામાં 10 થી 12 ટકા અક્ષરજ્ઞાન ધરાવતી વસ્તી છે. સ્ત્રીઓ કરતા પુરૂષોમાં અક્ષરજ્ઞાન દર ઊંચો છે. જો કે તમામ તાલુકામાં સ્ત્રી-પુરૂષ અક્ષરજ્ઞાનના દર વચ્ચે નજીવો તફાવત છે. તાલુકાની તુલનાએ જિલ્લા કક્ષાએ આ તફાવત વધુ દેખાય છે. તમામ તાલુકામાં 70 ટકાથી વધુ વસ્તી અક્ષરજ્ઞાન ધરાવે છે. જે ભાવિ વિકાસ માટે હકારાત્મક સંકેત છે. ઉચ્છલ અને નિઝર સાપેક્ષ રીતે નીચો અક્ષરજ્ઞાન દર ધરાવે છે. આ વિસ્તારોમાં ઘણા દશકથી ગાંધીવિચારથી પ્રેરિત સેવકો શિક્ષણ માટે પ્રયત્નશીલ રહ્યા છે, તેના હકારાત્મક પરિણામો આ વિસ્તારને પ્રાપ્ત થયા છે.

જિલ્લામાં કુલ વસ્તીના 55.87 ટકા શ્રમશક્તિ છે. જિલ્લામાં સૌથી વધુ શ્રમદળ ઉચ્છલ અને ડોલવણ તાલુકામાં છે, જે 60 ટકાથી વધુ છે. મોટાભાગના તાલુકામાં 50થી 60 ટકા શ્રમદળ છે. જિલ્લામાં મુખ્ય કામદારોનુ ટકાવારી પ્રમાણ વધારે છે. પુરૂષોની તુલનાએ

કામ નહી કરનાર અને સીમાંત કામદારોમાં મહિલાઓનું ટકાવારી પ્રમાણ ઊંચુ છે. મોટાભાગે મહિલાઓ સ્થાનિક મજૂરી અથવા ઘરકામ સાથે જોડાયેલી જોવા મળે છે.

તાપી જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોનુ ટકાવારી પ્રમાણ ઊંચું છે. 2011ની વસ્તી ગણતરી મુજબના કુલ કુટુંબો પૈકી 64.48 ટકા કુટુંબો ગરીબીરેખા નીચે જીવે છે. સૌથી વધુ નિઝર તાલુકામાં 60 ટકા કુટુંબો ગરીબીરેખા નીચે જીવે છે. એ જ રીતે વાલોડ અને ઉચ્છલ તાલુકામાં પણ 40 ટકાની આસપાસ ગરીબીરેખા નીચેના કુટુંબો છે. અતિગરીબ (0-16) કુટુંબોની ટકાવારી ઉચ્છલ અને નિઝર તાલુકામાં સૌથી વધુ છે. સોનગઢ અને વ્યારા તાલુકામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની ટકાવારી પ્રમાણમાં નીચી છે.

**તાપી જીલ્લાના કુદરતી સંસાધનો**

કુદરતી સંસાધનોનું પર્યાપ્ત પ્રમાણ ભાવિ વિકાસની શક્યતા દર્શાવે છે. અલબત્ત, અભ્યાસો દર્શાવે છે કે કુદરતી રીતે સમૃદ્ધ પ્રદેશોમાં આર્થિક ગરીબાઈ ભોગવે છે. ટેકનૉલોજિ પર આધારિત આર્થિક વિકાસ સંસાધનોના શોષણમાં પરિણમતો જોવા મળ્યો છે. આદિવાસી તાલુકામાં સામાન્ય રીતે જળ, જંગલ, જમીન જેવા મૂળભૂત સંસાધનોનુ પ્રમાણ વધુ જોવા મળે છે.

તાપી જિલ્લામાં તાપી નદીનો વિશાળ તટ જિલ્લાને વિશેષ સંસાધનો ઊભા કરી આપે છે.

ડુંગરો અને જંગલને કારણે વરસાદ પણ પર્યાપ્ત માંત્રામાં થાય છે.

સાદી રેતી અને બ્લેક ટ્રેપ જિલ્લાની મહત્વની ખનિજ સંપત્તિ છે.

તાપી જિલ્લાનો કુલ વિસ્તાર 5.04 લાખ હેકટર છે. જે પૈકી સૌનગઢ સૌથી વધુ 38.89 ટકા જમીન  ધરાવે છે. નિઝર અને કુકરમુંડામાં છ ટકાથી પણ ઓછી જમીન છે. જિલ્લાના કુલ જમીન વિસ્તાર પૈકી 14.67 ટકા જંગલ વિસ્તાર છે. વાલોડ તાલુકામાં જંગલ વિસ્તાર નથી અને નિઝર તથા કુકરમુંડામાં એક ટકા કરતા પણ ઓછો જંગલ વિસ્તાર છે. અન્ય ચાર તાલુકામાં 13 ટકાથી વધુ જંગલ વિસ્તાર છે. સૌથી વધુ ઉચ્છલ તાલુકામાં 31.32 ટકા જંગલ વિસ્તાર છે.

કૃષિ: જિલ્લામાં કુલ 38.13 ટકા જમીનમાં વાવેતર થાય છે, ચોખ્ખો વાવેતર વિસ્તાર 31.78 ટકા છે. સૌથી વધુ વાલોડ તાલુકામાં 46.48 ટકા વાવેતર વિસ્તાર છે. આ તાલુકામાં એકંદર વાવેતર વિસ્તાર 60 ટકાની આસપાસ છે. જે નોંધનીય કહી શકાય. ઉચ્છલ તાલુકામાં સૌથી ઓછો ચોખ્ખો વાવેતર વિસ્તાર (11.10 ટકા) છે. ઉચ્છલ તાલુકા સિવાયના અન્ય તમામ તાલુકામાં 30 ટકાથી વધુ ચોખ્ખો વાવેતર વિસ્તાર છે. એક કરતા વધુ વખત વાવેતર વિસ્તાર તમામ તાલુકામાં 10 ટકાથી ઓછું છે.

જિલ્લામાં ખેડી શકાય તેવી પડતર જમીનનુ ટકાવારી પ્રમાણ સૌથી ઊંચુ છે. કુલ જમીન વિસ્તાર પૈકી 33 ટકા જમીન પડતર છે. વાલોડ તાલુકામાં ખેડી શકાય તેવી પડતર

જમીનનુ પ્રમાણ સૌથી વધુ (47.13 ટકા) છે. જ્યારે ઉચ્છલ તાલુકામાં સૌથી ઓછું (11.31 ટકા) છે. ઉચ્છલ સિવાયના અન્ય તમામ તાલુકામાં 30 ટકાથી વધુ ખેડી શકાય તેવી પડતર જમીન છે.

ગૌચર વિસ્તાર મોટાભાગના તાલુકામાં બે ટકાથી ઓછું છે. ઉચ્છલ તાલુકાની મોટાભાગની જમીન ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી છે. સોનગઢ તાલુકામાં બિનખેતી વિષયક ઉપયોગમાં લેવાયેલી જમીનનું ટકાવારી પ્રમાણ સાપેક્ષ રીતે ઊંચુ છે. ટૂંકમાં તાપી જિલ્લામાં 68 ટકા જમીન બિનકૃષિ હેટળ છે. મોટાભાગનો જમીન વિસ્તાર પડતર છે.

આદિવાસી ક્ષેત્રોમાં જંગલ અત્યંત મહાત્ત્વનું સ્થાન ધરાવે છે. તાપી જિલ્લાનો જંગલ વિસ્તાર 74,025 હેકટર છે. જિલ્લાના કુલ જમીન વિસ્તારના 14.67 ટકા જંગલ છે. છેલ્લા એક દાયકા દરમિયાન જિલ્લાના કુલ જંગલ વિસ્તારમાં 3.16 ટકાનો ઘટાડો થયો છે. આ ઘટાડો મુખ્યત્વે અનામત વન વિસ્તારમાં થયો છે. જિલ્લાના કુલ વનવિસ્તાર પૈકી મોટાભાગનો (97.31 ટકા) વન વિસ્તાર અનામત વનવિસ્તાર છે. છેલ્લા દાયકા દરમિયાન તેમાં 3.23 ટકાનો ઘટાડો નોંધાયો છે. રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારની સામે જિલ્લાનો કુલ વન વિસ્તાર 4.14 ટકા હિસ્સો ધરાવે છે. ટુંકમાં જંગલ વિસ્તારની દ્રષ્ટિએ તાપી જિલ્લો રાજ્યમાં મહત્વનુ સ્થાન ધરાવે છે.

જિલ્લામાં નદીઓ અને તાપી નદીની નહેરો સિંચાઇનો મહત્વનો સ્રોત છે. ઉપરાંત તળાવો, ચેકડેમ, અને કૂવાઓ સિંચાઇના મુખ્ય સ્રોત છે. જિલ્લામાં અનુશ્રવણ તળાવ દ્વારા સૌથી વધુ સિંચાઇ વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. તાપી જિલ્લામાં ચેકડેમ દ્વારા ઉકાઇ ડાબા કાંઠા અને કાકરાપાર નહેરથી સિંચાઇ વિસ્તાર 26,642 હેકટર, કૂવા દ્વારા 30,046 હેકટર તથા અન્ય પદ્ધતિ દ્વારા 6,808 હેકટર સિંચાઇ પુરી પાડવામાં આવે છે. આમ, જિલ્લો કુલ 63,496 હેકટર જેટલી સિંચાઇ શક્તિ ધરાવે છે.

જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સરેરાશ વાર્ષિક વરસાદમાં સતત વધારો થયો છે. દર વર્ષે સરેરાશ 800 થી 1100 મી.મી. વરસાદ પડે છે. વરસાદનું સાતત્ય જળવાઈ રહ્યું છે. ડોલવણ અને વ્યારા તાલુકામાં સરેરાશ 1200 થી 1800 મી.મી. વરસાદ જોવા મળે છે. ઉચ્છલ, નિઝર અને કુકરમુંડામાં સરેરાશ 500 થી 900 મી.મી. વરસાદ થાય છે. વર્ષ 2018 દરમિયાન તમામ તાલુકામાં 800 મી.મ.થી વધુ વરસાદ થયો છે.

જિલ્લામાં મુખ્ય બે પ્રકારની પરિવહન સેવા ઉપલબ્ધ છે: રેલવે અને સડક. જિલ્લામાં કુલ 43 કિ.મી. લંબાઇ ધરાવતી બ્રોડગેજ રેલવે લાઇન છે. સાત રેલવે સ્ટેશન છે. નિઝર, ડોલવણ અને કુકકમુંડામાં રેલવેની સવલત નથી સોનગઢ તાલુકાનાં એક ગામ સિવાય જિલ્લાના તમામ ગામ બસની સીધી સેવા ધરાવે છે. આ ઉપરાંત તાલુકા અને જિલ્લા મથકો સાથે જોડાણ કરતા જીપ અને બસ જેવી ખાનગી પરિવહન સેવા ઉપલબ્ધ છે. પરંતુ આ સેવાની અનિશ્ચતતા સમસ્યારૂપ બને છે.

સંદેશવ્યવહારનાં સંદર્ભે જિલ્લામાં કુલ 174 મુખ્ય કચેરી અને શાખાઓ દ્વારા ટપાલ સેવા

પુરી પાડવામાં આવે છે. જિલ્લાના કુલ ટપાલ કેન્દ્રો પૈકી સૌથી વધુ (26.44 ટકા) વ્યારા તાલુકામાં છે. ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકામાં 10 ટકા કરતા પણ ઓછા ટપાલ કેન્દ્રો આવેલા છે. જિલ્લામાં સરેરાશ ત્રણ ગામ વચ્ચે એક ટપાલ શાખા છે. સોનગઢમાં ટપાલ કેન્દ્રોની સૌથી ઓછી છે. જિલ્લામાં ટપાલ સેવા સંદર્ભે સૌથી મોટી સમસ્યા ટપાલકર્મીઓની છે. સમગ્ર કુકરમુંડા તાલુકામાં એક જ ટપાલી છે. ડોલવણ, ઉચ્છલ અને નિઝરમાં પણ બેથી ત્રણ ટપાલીથી કામ ચલાવવામાં આવે છે. આમ, તાપી જિલ્લામાં ટપાલ સુવિધા અપૂરતી છે.

વીજળીનું વિતરણ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તક રહેલું છે. તાપી જિલ્લા આંકડાકીય રૂપરેખા, 2018-19 મુજબ જિલ્લાના તમામ 488 ગામોમાં વીજળી પૂરી પાડવામાં આવે છે. જિલ્લામાં ત્રણ વિદ્યુતઉત્પાદન મથકો વર્ષમાં 715.85 કરોડ કિલોવોટ વીજળીનું ઉત્પાદન કરે છે. જે પૈકી 97 ટકા ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન દ્વારા થાય છે, જેનો લાભ સ્થાનિક આદિવાસીઓ ઉત્પાદનના પર્યાપ્ત સાધનોની ગેરહાજરીમાંઅને આર્થિક ક્ષમતા પણ ઓછી હોવાથી મેળવી શકતા નથી. પરંતુ આ ઉત્પાદન મથકોની આડઅસરો ઘણા સ્થાનિક લોકો ભોગવી રહ્યા છે.

આદિવાસીઓ ઔપચારિક શિક્ષણથી વંચિત રહેવાથી આર્થિક રીતે સક્ષમ થઈ શક્ય નથી, ઉપરાંત 'શિક્ષિત' બિન-આદિવાસી સમુદાય વડે તેમનાં શોષણ માટે પણ નિરક્ષરતા જવાબદાર છે. રોજગારી, સ્વરોજગારી, સાધનોનો કાર્યક્ષમ ઉપયોગની પદ્ધતિ વગેરે નૈતિક અને વ્યાવસાયિક શિક્ષણથી પ્રભાવિત થાય છે. આદિવાસી તાલુકામાં છેલ્લા બે દાયકાઓ દરમિયાન અક્ષરજ્ઞાનનું પ્રમાણ વધ્યું છે. પરંતુ વ્યાવસાયિક તથા ઉચ્ચ શિક્ષણની સ્થિતિ અને ગુણવત્તામાં અવનતિ થતી જાય છ, જે શાળા, શિક્ષકો અને શિક્ષણના સાધનોની અપૂરતી વ્યવસ્થા અને સંચાલનની ખામીને કારણે જોવા મળે છે. જિલ્લાના દરેક તાલુકામાં લઘુત્તમ એક સરકારી પ્રાથમિક શાળ છે, પરંતુ મોટા ભાગની શાળામાં શિક્ષણનાં સાધનો, વર્ગખંડો, શૌચાલય, પીવાનું પાણી વગેરે જેવી પાયાની સવલતો પુરતી નથી. જિલ્લામાં બિન-સરકારી શાળાઓ મર્યાદિત છે. ખાસ કરીને અતિ પછાત તાલુકા એવા ઉચ્છલ, નિઝર અને કુકરમુંડામાં ખાનગી શાળા ખૂબ ઓછી હોવા ઉપરાંત બિન-સરકારી શાળાઓમાં શાળાદીઠ વિદ્યાર્થી પ્રમાણ સરકારી શાળા કરતા વધુ છે. આર્થિક રીતે સદ્ધર કુટુંબો સરકારી શાળામાં અપૂરતી સુવિધા અને શિક્ષણની નીચી ગુણવત્તાના કારણે બાળકોને બિન-સરકારી શાળામાં ભણાવવાનો આગ્રહ રાખે છે.

સોનગઢ તાલુકાનાં અપવાદ સિવાય અન્ય તાલુકામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું પ્રમાણ ઓછું અને બિન-સરકારી શાળા વધારે છે. સરકારી શાળામાં અપૂરતા શિક્ષકો અને સવલતો, શિક્ષકદીઠ વિદ્યાર્થી પ્રમાણ પણ નીચું હોવાથી બિન-સરકારી શાળાની પસંદગી કરવા આવે છે. વાલોડ તાલુકામાં એક પણ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા નથી. જ્યા બિન સરકારી શાળાઓમાં એક શિક્ષકે 187 વિદ્યાર્થીઓ છે.

સમગ્ર તાપી જિલ્લામાં કુલ સાત મહાવિદ્યાલયો (કૉલેજ) છે, જે પૈકી મોટાભાગની રાજ્યની નાણાકીય સહાયથી ચાલે છે. કુકરમુંડામાં એક પણ ઉચ્ચશિક્ષણ સંસ્થા નથી. ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં સવલતો અને અધ્યાપકો પુરતા છે, પણ વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત છે. કારણ કે આ તાલુકામાં ઉચ્ચ શિક્ષણ પ્રવેશદર ખૂબ નીચો છે. પ્રાથમિક અને માંધ્યમિક કક્ષાએ શાળા છોડવાનો ઊંચો દર આ માટે જવાબદાર કહી શકાય.
જિલ્લામાં લગભગ બે ગામ વચ્ચે એક તબીબી સંસ્થા આવેલી છે. જિલ્લાની મોટાભાગની આરોગ્ય સંસ્થાઓ ડોલવણમાં છે. ડોલવણમાં 10 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, જ્યારે અન્ય તાલુકામાં સરેરાશ 3થી 5 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. સમગ્ર જિલ્લામાં તમામ પ્રકારની કુલ 310 તબીબી સંસ્થાઓ છે. જે પૈકી 25 ટકા સંસ્થાઓ ડોલવણ તાલુકામાં છે. સૌથી ઓછી તબીબી સવલતો ઉચ્છલ અને કુકરમુંડામાં છે. ખાસ કરીને કુકરમુંડામાં જિલ્લાની કુલ પથારીઓ પૈકી માત્ર ત્રણ ટકા પથારીઓ છે. સૌથી વધુ પથારીઓ વ્યારા તાલુકામાં છે. જિલ્લાની 43 ટકા પથારી આ તાલુકામાં છે. તાપી જિલ્લામાં તબીબી સવલતોની અસમાંનતાનાં કારણે તબીબી સેવા માટે દૂરના સ્થળે જવુ પડે છે.

**તાપી જીલ્લાના આજીવિકા અને રોજગારીનાં ક્ષેત્રો**

વર્ષ 2011ની વસ્તી ગણતરી અનુસાર તાપી જિલ્લામાં કુલ 77,914 જમીનધારકો પૈકી 76.04 ટકા  આદિવાસી છે. 84 ટકા આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લામાં મોટાભાગના જમીનધારકો આદિવાસી હોય તે સ્વભાવિક છે. જિલ્લાના કુલ જમીનધારકો પૈકી 63 ટકાથી વધુ જમીનધારકો સીમાંત અને નાના ખેડૂતો છે. મોટા ખેડૂતોનું પ્રમાણ માત્ર 1.5 ટકા છે. જિલ્લાના કુલ આદિવાસી જમીનધારકો પૈકી 40.61 ટકા સીમાંત ખેડૂતો છે. કુલ આદિવાસી જમીનધારકો પૈકી 68.33 ટકા સીમાંત અને નાના ખેડૂતો છે. આમ, મોટાભાગના આદિવાસી ખેડૂતો સીમાન્ત અને નાના ખેડૂતો છે. એનાથી ઉલટું મધ્યમ અને મોટા ખેડૂતોમાં બિન આદિવાસી ખેડૂતોની ટકાવાવી ઊંચી છે. આમ, જમીનધારણની દ્રષ્ટિએ પણ આદિવાસી ખેડૂતો ગરીબ છે. વાલોડમાં 58.40 ટકા જમીનધારકો સીમાંત ખેડૂતો છે.
જિલ્લાના પાકો પૈકી અનાજનું વાવેતર વધારે થાય છે. કુલ વાવેતર વિસ્તાર પૈકી 45 ટકા વાવેતર વિસ્તાર અનાજનો છે, જેમાં મુખ્યત્વે ડાંગર, ઘઉ, જુવાર અને મકાઇનો સમાવેશ થાય છે. અનાજના કુલ વાવેતર વિસ્તાર પૈકી 75 ટકા વિસ્તારમાં ડાંગરનુ વાવેતર થાય છે. ડાંગર બાદ બીજા ક્રમે જુવારનું વાવેતર થાય છે. અનાજ ઉપરાંત કઠોળ, શેરડી અને તેલીબિયાંનુ વાવેતર નોંધપાત્ર છે. કઠોળમાં સૌથી વધુ 65 ટકા વાવેતર તુવેરનું થાય છે. ત્યાર બાદ ચણા અને મગ મહત્વના પાકો છે.  તેલીબિયામાં મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર થાય છે.
જિલ્લાના કુલ વાવેતર વિસ્તારમાં સૌથી વધુ 30.71 ટકા હિસ્સો સોનગઢ તાલુકાનો છે. જ્યારે કુકરમુંડા સૌથી ઓછો વાવેતર વિસ્તાર ધરાવે છે. મોટાભાગની ખેતપેદાશોનો

વાવેતર વિસ્તાર અન્ય તાલુકાની તુલનાએ સોનગઢ તાલુકામાં વધુ જોવા મળે છે. જિલ્લામાં કઠોળના કુલ વાવેતર વિસ્તાર પૈકી સૌથી વધુ 43 ટકા વાવેતર વિસ્તાર સોનગઢ તાલુકામાં છે. વાલોડ તાલુકો શેરડીના વાવેતરમાં અગ્રસર છે. વ્યારા તાલુકો શાકભાજીના વાવેતરમાં સૌથી વધુ વાવેતર વિસ્તાર ધરાવે છે. ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા જેવા અતિ પછાત તાલુકામાં તેલીબિયાનો વાવેતર વિસ્તાર 15 ટકાની આસપાસ છે, પરંતુ તેલીબિયા સિવાયના અન્ય પાકોનો વાવેતર વિસ્તાર ખૂબ જ ઓછો છે.

જિલ્લામાં કુલ 1.60 લાખ હેકટર ચોખ્ખો વાવેતર વિસ્તાર છે. જે જિલ્લાના કુલ જમીન વિસ્તારના 32 ટકા છે. જિલ્લાના કુલ ચોખ્ખા વાવેતર વિસ્તાર પૈકી 40 ટકા જમીનમાં સિંચાઇની સુવિધા છે. વાલોડ તાલુકામાં સૌથી વધુ 90 ટકા વિસ્તાર સિંચિત છે. ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકામાં 50 ટકાથી વધુ સિંચિત વિસ્તાર છે. પરંતુ આ તાલુકામાં ચોખ્ખા વાવેતર વિસ્તારનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. જિલ્લામાં સિંચાઇના મુખ્ય સ્રોત નહેર અને કૂવા છે. 47.17 ટકા સિંચાઇ કૂવા દ્વારા થાય છે તથા 42 ટકા નહેર દ્વારા અને 11 ટકા અન્ય સ્રોત દ્વારા થાય છે. નહેર દ્વારા સિંચિત વિસ્તાર વાલોડ તાલુકામાં સૌથી વધુ છે, જે જિલ્લામાં નહેર દ્વારા થતા સિંચિત વિસ્તારના 38 ટકા હિસ્સો ધરાવે છે. એ જ રીતે વ્યારા અને સોનગઢ તાલુકા 20 ટકાથી વધુ નહેર દ્વારા સિંચિત વિસ્તાર ધરાવે છે. ઉચ્છલ, નિઝર અને કુકરમુંડામાં નહેર સિંચાઇનો સંપૂર્ણ અભાવ છે. આ તાલુકામાં કૂવા અને અન્ય સ્રોત દ્વારા મર્યાદિત પ્રમાણમાં સિંચાઇની સવલત છે. સોનગઢ તાલુકાનો 29 ટકા વિસ્તાર કૂવા દ્વારા સિંચિત છે. ઉચ્છલ તાલુકામાં 52 ટકા સિંચાઇ અન્ય સ્રોતો(બોર, તળાવ વગેરે) પર આધારિત છે.

તાપી જિલ્લાના દરેક તાલુકામાં ખેત ઉત્પાદન બજાર સમિતિ કાર્યરત છે.

જિલ્લામાં પશુધન પૈકી ગાય અને ભેસનું પ્રમાણ નોંધપાત્ર છે. 60 ટકાથી વધુ ગાય વ્યારા અને સોનગઢ તાલુકામાં છે. વાલોડ અને ઉચ્છલમાં ગાય-ભેસનું ટકાવારી પ્રમાણ નીચું છે. સોનગઢ તાલુકામાં  જિલ્લાની કુલ ભેંસો પૈકી 37 ટકા ભેસો જોવા મળે છે. સોનગઢ તાલુકો જિલ્લામાં ઘેટાં-બકરાં ઉછેરમાં મોખરાનું સ્થાન ધરાવે છે. જિલ્લાના કુલ પશુધનમાં વાલોડ અને નિઝર તાલુકા સૌથી ઓછો હિસ્સો ધરાવે છે.  ટૂંકમાં તાપી જિલ્લામાં પશુપાલન અંગે નોંધનીય પ્રગતિ જણાતી નથી. જિલ્લામાં પશુપાલનનું મહત્વ ઘટતું જાય છે.

સમગ્ર તાપી જિલ્લામાં કુલ 559 દૂધ મંડળીઓ અને 1.09 લાખ સભ્યો છે. જિલ્લાની કુલ દૂધ મંડળીઓ પૈકી 33 ટકા મંડળીઓ સોનગઢ તાલુકામાં છે. જ્યારે વાલોડ અને નિઝરમાં 10 ટકા કરતા પણ ઓછી મંડળીઓ છે. એ જ રીતે દૂધ ભરતા સભ્યો પણ મોટા ભાગે વ્યારા અને સોનગઢ તાલુકામાં છે. જ્યારે વાલોડ, નિઝર અને કુકરમુંડા તાલુકામાં 10 ટકાથી પણ ઓછા સભ્યો છે. વ્યારા અને સોનગઢ તાલુકા સિવાયના તાલુકામાં વાર્ષિક સરેરાશ 40 હજાર લિટર કરતાં પણ ઓછું દૂધ એકત્રિત થાય છે. આમ,

તાપી જિલ્લામાં પશુપાલન અને ડેરી ઉદ્યોગ અંગે વધુ જાગૃતિ અને પ્રોત્સાહનની આવશ્યકતા જણાય છે.

તાપી જિલ્લામાં મુખ્યત્વે સોનગઢ, ઉચ્છલ અને નિઝરમાં મત્સ્યઉદ્યોગ વિકસેલો જોવા મળે છે. અલબત્ત, તે પણ નાના પાયા પર અને અનિશ્ચિત છે. યાંત્રિક હોડી કે અન્ય યાંત્રિક સાધનોનો સંપૂર્ણ અભાવ છે. જિલ્લાની કુલ 1580 બિનયાંત્રિક હોડીઓમાંથી સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકા અનુક્રમે 296, 544 અને 740 હોડી ધરાવે છે. મત્સ્ય ઉદ્યોગ ધરાવતા ચાર તાલુકામાં કુલ 1445 મત્સ્ય સહકારી મંડળીઓ છે. જેમાં સૌથી વધુ 730 મંડળીઓ સોનગઢ તાલુકામાં છે. જિલ્લાની કુલ 44,939 માંછીમાંર  સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં જોવા મળે છે. 48 ટકા વસ્તી ઉચ્છલ તાલુકામાં છે. કુલ માંછીમાંરોની વસ્તી પૈકી 13.61 ટકા વસ્તી પૂર્ણ સમય માટે માંછીમાંરીનો વ્યવસાય કરે છે. પૂર્ણ સમય માટે મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલ વસ્તી પૈકી 80 ટકાથી વધુ વસ્તી ઉચ્છલ અને નિઝર તાલુકાની છે. આમ, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાના ગામો તાપી નદીના કિનારાના અને ઉકાઇ યોજનાની નજીકના હોવાથી આ તાલુકામાં મત્સ્ય ઉદ્યોગના વિકાસની વિપુલ તકો રહેલી છે.

જિલ્લાના કુલ જમીન વિસ્તાર પૈકી 14.67 ટકા જંગલ વિસ્તાર છે. વાલોડ તાલુકામાં જંગલ વિસ્તાર નથી અને નિઝર તથા કુકરમુંડામાં એક ટકા કરતા પણ ઓછો જંગલ વિસ્તાર છે. અન્ય ચાર તાલુકામાં 13 ટકાથી વધુ જંગલ વિસ્તાર છે. સૌથી વધુ ઉચ્છલ તાલુકામાં 31.32 ટકા જંગલ વિસ્તાર છે. જંગલ વિસ્તાર ધરાવતા તાલુકામાં ઇમાંરતી લાકડું મુખ્ય વન પેદાશ અને બળતણ, વાંસ, ઘાસ, ટીમરુ ને કેસુડાનાં પાન અને લાખ પણ આર્થિક દ્રષ્ટિએ મહત્વનાં છે. છેલ્લા દાયકા દમિયાન ઇમાંરતી લાકડાના પેદાશમાં લગભગ 70 ટકાનો ઘટાડો નોંધાયો છે. એ જ રીતે બળતણના કુલ પ્રમાણમાં પણ 48 ટકાનો ઘટાડો થયો છે. ટૂંકમાં વનપેદાશના ઉત્પાદનમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. છેલ્લા દાયકા દરમિયાન વનપેદાશના વેચાણ મૂલ્યમાં પણ 44 ટકાના દરે ઘટાડો જોવા મળે છે. તેમ છતાં  વનપેદાશો આધારિત ગૃહદ્યોગોના વિકાસ દ્વારા રોજગારીની વિપુલ તકો ઊભી કરવાની શક્યતા રહેલી છે.

તાપી જિલ્લામાં વન અધિકાર કાયદાનો લાભ મુખ્યત્વે સોનગઢ, વ્યારા અને ઉચ્છલ તાલુકા પુરતો સીમિત જણાય છે. આદિવાસી તાલુકામાં પડતર અને જંગલ જમીન વધુ હોવા છતાં આ કાયદા અન્વયે ઓછા દાવા માંન્ય થયા છે. માંન્યદાવા અને તે સામે માંન્ય જમીનનું પ્રમાણ સોનગઢ અને ઉચ્છલ તાલુકામાં વધુ છે. પરંતુ દાવાદીઠ માંન્ય સરેરાશ જમીનનું પ્રમાણ ઓછું છે. ઉચ્છલ સિવાયના અન્ય તાલુકામાં સરેરાશ માંન્ય જમીન એક હેકટર કરતા પણ ઓછી છે.

જિલ્લાના કુલ 3.28 લાખ કામદારો પૈકી 50 ટકાથી વધુ શ્રમિકો ખેતમજૂર આર્થિક પછાતપણાનું મુખ્ય પરિબળ ગણી શકાય. કુકરમુંડા અને ઉચ્છલ તાલુકામાં અનુક્રમે 79 ટકા અને 72.50 ટકા ખેતમજૂર છે. વ્યારા તાલુકાને બાદ કરતા મોટાભાગના તાલુકામાં

40 થી 79 ટકા શ્રમિકો ખેતમજૂર છે. અન્ય 20 કામદારો પણ બિનકૃષિક્ષેત્રે મજૂરીનું જ કામ કરે છે. જિલ્લામાં ખેડૂતોનું પ્રમાણ મર્યાદિત છે. ડોલવણ તાલુકામાં કુલ શ્રમિકો પૈકી સૌથી વધુ 45.56 ટકા ખેડૂતો છે. જ્યારે અન્ય તમામ તાલુકામાં 30 ટકા કરતા પણ ઓછા ખેડૂત છે. મોટાભાગના તાલુકામાં 2 ટકાથી ઓછા શ્રમિકો ઓદ્યોગિક ક્ષેત્રે સંકળાયેલા છે. આમ, ખેડૂત અને ખેતમજૂર તરીકે જિલ્લાની લગભગ 80 ટકાથી વધુ શ્રમશક્તિ ખેતીક્ષેત્ર દ્વારા આજીવિકા મેળવે છે.

**તાપી જીલ્લાના ખાણ-ખનીજ**

જિલ્લામાં સાદી રેતી અને બ્લેક ટ્રેપ પ્રાપ્ત થાય છે. વર્ષ 2018-19 દરમિયાન રૂપિયા 29.54 કરોડનાં મૂલ્યની 1738157 મે.ટન સાદી રેતી એકત્રિત કરાઇ હતી. તેમ જ રૂપિયા 47.12 કરોડ બ્લેક ટ્રેપનું 2356011 મે.ટન ઉત્પાદન થયું હતું. આમ સમગ્ર જિલ્લાને કુલ રૂપિયા76.66 કરોડની ખનિજ આવક પ્રાપ્ત થઇ હતી.

સોનગઢ તાલુકામાં ઉકાઇ ખાતે જે.કે.પેપર મિલ, ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન અને હાઇડ્રોપાવર મથક સિવાય કોઈ મોટા ઔદ્યોગિક એકમો નથી. વ્યારા અને સોનગઢ તાલુકાનાં ખાણઉદ્યોગમાં ગ્રામીણ વિસ્તારના લોકો મજૂરીનું કામ મેળવે છે. વ્યારા તાલુકામાં ખુશાલપુરા અને વાલોડ તાલુકામાં દાદરીયા ખાતે ખાંડનાં કારખાના આવેલાં છે, જેમાં મોસમના 4થી 6 મહિના હંગામી રોજગારી મળી રહે છે. આ ઉપરાંત વાલોડમાં લિજ્જત પાપડ અને વ્યારામાં હીરા ઘસવાના કારખાના આવેલાં છે.આ સિવાય અન્ય નાના પાયાના કે ગૃહઉદ્યોગોની મોટા પાયે ગેરહાજરી

વર્ષ 2014-15માં સમગ્ર જિલ્લામાં કુલ 250 એકમો નોંધાયા હતા. જે પૈકી મોટાભાગના એકમો વ્યારા તાલુકામાં હતા. જ્યારે ઉચ્છલ, નિઝર અને વાલોડ તાલુકામાં આ ઉદ્યોગોનુ પ્રમાણ ખૂબ ઓછું હતું. કુલ ઉદ્યોગો પૈકી સૌથી વધુ ઉદ્યોગો મધ્યમ કક્ષાના હતા. સૂક્ષ્મ અને મધ્યમ એકમોમાંથી સૌથી વધુ કામદારો રોજગારી મેળવાતા હતા. એકમદીઠ કામદારોનુ પ્રમાણ જોતાં સરેરાશ 9 કામદારો એક એકમમાંથી રોજગારી મેળવતા હતા. વાલોડમાં દરેક એકમ માત્ર બે શ્રમિકને રોજગારી આપતું હતું. જ્યારે સોનગઢ અને ઉચ્છલમાં એકમદીઠ વધુમાં વધુ 11 લોકો રોજગારી મેળવતા હતા. આમ, જિલ્લામાં રોજગારી સર્જનની રીતે ઓદ્યોગિકક્ષેત્રનો ફાળો ઘણો નીચો હતો, જે સ્થિતિમાં ફેરફાર થયો જણાતો નથી (સ્થળ અવલોકન આધારિત).

જિલ્લાના કુલ 3.28 લાખ કામદારો પૈકી 50 ટકાથી વધુ શ્રમિકો ખેતમજૂર હતા. જિલ્લામાં ઓદ્યોગિક ક્ષેત્રે કામ કરતી શ્રમશક્તિનુ પ્રમાણ બે ટકાથી ઓછું હતું. નિઝર અને કુકરમૂંડામાં આ પ્રમાણ એક ટકાથી પણ ઓછું હતું. જિલ્લાના કુલ શ્રમદળ માટે રોજગારીની દ્રષ્ટિએ ઓદ્યોગિક ક્ષેત્રનુ મહત્વ નહિવત ગણી શકાય. જિલ્લાની લગભગ 80 ટકાથી વધુ શ્રમશક્તિ ખેતીક્ષેત્ર દ્વારા આજીવિકા મેળવતી હોવા છતાં ખેડાણ ઘટકોના અતિ નાના કદ, સિંચાઇની મર્યાદિત સવલત અને જમીનવિહોણા શ્રમિકોનું ઊંચુંપ

પ્રમાણ હોવાના કારણે ખેતીક્ષેત્રે વિકાસની સંભાવના છે. ઉપરાંત રોજગારીના વૈકલ્પિક અને પૂરક ક્ષેત્ર તરીકે ઔદ્યોગિક ક્ષેત્રેને વિશેષ પ્રોત્સાહન આપી વિકસાવવાની આવશ્યકતા પણ ખરી જ.

જિલ્લામાં મોટાભાગની બેંકો રાષ્ટ્રીયકૃત છે. કુલ બેંકો પૈકી 24 ટકા સહકારી બેંકો છે, દક્ષિણ ગુજરાતમાં સહકારી કૃષિ ક્ષેત્રની ભૂમિકા મહત્ત્વની છે. જિલ્લામાં આવેલ કુલ બેંકિંગ સવલતમાંવ્યારા પ્રથમ ક્રમે છે.  36.49 ટકા બેંકો વ્યારા તાલુકામાં છે. જ્યારે ઉચ્છલ, નિઝર અને કુકરમૂંડામાં બેંકિંગ સુવિધા ઓછી છે. વિરોધાભાષી સ્થિતિ એ છે કે, જે વિસ્તારોને વિકસાવવાની વધુ આવશ્યકતા છે, તે વિસ્તારોમાં બેંક સુવિધા નહિવત છે. આમ, તાપી જિલ્લામાં બેંકિંગ સુવિધા અપર્યાપ્ત અને અસામાંન છે. સહકારી બેંક સુવિધા વિકસાવીને બચત તથા મૂડીરોકાણને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા છે.

**તાપી જીલ્લામાં બેરોજગારોનું પ્રમાણ**

જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ માહિતી મુજબ જે 1571 યુવાઓને રોજગારી મળી છે તેમાંથી મોટાભાગે કારકુન અને કારોબારી ક્ષેત્રમાં રોજગારી મેળવે છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં વર્ગ- 1 થી વર્ગ-4 સુધીના કુલ 540 લોકો રોજગારી મેળવે છે. જે પૈકી 478 કર્મચારી વર્ગ-3ના છે. વ્યારા અને સોનગઢ તાલુકામાં રોજગારી મેળવતા કર્મચારીઓનું પ્રમાણ અનુક્રમે 118 અને 153 છે. વ્યારા અને સોનગઢ નગરપાલિકાઓમાં અનુક્રમે 76 અને 74 કર્મચારીઓને રોજગારી મળી છે. અલબત્ત, પંચાયતી રાજની સંસ્થાઓમાં કાયમી રોજગારી આપવામાં આવતી નથી.

**તાપી જીલ્લામાં સહકારી પ્રવૃત્તિ**

સહકારી પ્રવૃત્તિ સ્વરોજગારી અને સ્વસહાયનો મહત્વનો સ્રોત છે. તાપી જિલ્લામાં ગામદીઠ ત્રણ સહકારી મંડળીઓ છે. જિલ્લાના સાત તાલુકા પૈકી ચાર તાલુકામાં ગામદીઠ બે મંડળીઓ છે. મંડળીઓની સંખ્યા અને સભ્ય સંખ્યાની દ્રષ્ટ્રિએ સોનગઢ અને વ્યારા તાલુકા તાપી જિલ્લામાં મોખરે છે. જ્યારે વાલોડ અને ડોલવણમાં સહકારી પ્રવૃત્તિ ઓછી છે. જિલ્લામાં સહકારી પ્રવૃત્તિઓની સ્થિતિને પ્રોત્સાહન મળી રહે તે માટે યોગ્ય પ્રોત્સાહનો અને જાગૃતિ લાવવાની આવશ્યકતા જણાય છે. જિલ્લામાં સહકારી મંડળીઓની વિવિધતા જોવા મળે છે. જિલ્લામાં આવેલ કુલ મંડળીઓ પૈકી સૌથી વધુ 43.39 ટકા સહકારી દૂધ મંડળીઓ છે. કુલ મંડળીઓમાં સેવા KAMPS, કડીદ અને ખાંડ સહકારી મંડળીઓ નોંધનીય હિસ્સો ધરાવે છે. તે સિવાયની મંડળીઓ ઓછા-વત્તા અંશે જોવા મળે છે.

## 3.3 તાપી જીલ્લાના અર્થતંત્રમાં વિવધ ક્ષેત્રવાર આર્થિક સમસ્યાઓ

આદિવાસી પ્રદેશોમાં ખોરાક, ઘાસચારો, નાના ઇમારતી લાકડા, હળ, ઔષધી અને અન્ય

જરૂરિયાતો પરંપરાગત રીતે જંગલો જ પૂરી પાડે છે. જંગલના સંસાધનો જ તેમના સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા, ધર્મ અને સામાજિક, આર્થિક વ્યવસ્થાતંત્રનાં પાયામાં રહેલા છે, તેથી જંગલ વિના આદિવાસી વિકાસનો વિચાર ન કરી શકાય જમીનની બાબતમાં પણ કહી શકાય વાસ્તવમાં આદિવાસીઓ માટે આ બંને સમસ્યાઓ સિક્કાની બે બાજુઓ છે. જમીન તેમનું ઉત્પાદક સાધન છે જંગલ તેમનું પર્યાવરણ છે તથા આજીવિકાનું સાધન પણ છે. (જોષી,૨૦૨૧)

**સમસ્યાઓનો ટુંકસાર:**

તાપી ના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ વિસ્તારની જમીન પથરાળ અને નાની નાની ટેકરીઓમાં પથરાયેલી જોવા મળે છે. સિંચાઈની સુવિધા અલ્પ પ્રમાણમાં હોવાથી ખેતી ચોમાસા પૂરતી માર્યાદિત જોવા મળે છે, મહદઅંશે ચોમાસું પાક લેવામાં આવે છે. શિયાળુ અને ઉનાળુ પાક નહીવત પ્રમાણમાં લેવામાં આવે છે જંગલ ઘટતું જતું હોવાથી ગૌણ વન પેદાશ, બળતણ, ઘાસચારો મેળવવાની સમસ્યા ઉભી થઇ છે. લગ્ન, બીમારીમાં દેવું કરે છે. આદિવાસી બાળક ભીલી બોલી બોલે છે. શાળામાં તેનું ગુજરાતીમાં શિક્ષણ આપવામાં આવે છે તેથી સમસ્યા ઉભી થાય છે. પોષણ યુક્ત આહારના અભાવે આરોગ્યની સમસ્યા ઉભી થાય છે, કેટલેક અંશે વ્યસનની સમસ્યા જોવા મળે છે. પીવાના પાણીની સમસ્યા છે. જંગલ જમીનના સંદર્ભમાં સમસ્યા છે.

**વિવધ ક્ષેત્રવાર આર્થિક સમસ્યાઓ**

પ્રત્યેક જીલ્લો અને પ્રત્યેક પ્રદેશની ભૂગોળ જુદી જુદી હોય છે આ ભૂગોળ ને આધારે તેમના કુદરતી સંસાધનો પણ વૈવિધ્યસભર હોય છે. વૈવિધ્યસભર કુદરતી સંસાધનોને કારણે આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. આ વૈવિધ્યતાના કારણે પ્રત્યેક જિલ્લાને વૈવિધ્યતા સફર આર્થિક પ્રવૃત્તિઓ વિકાસ પામતી હોય છે. આ વિવિધતાસબર આર્થિક પ્રવૃત્તિઓ જે તે સ્થાનિક પ્રજાઓમાં વૈવિધ્યતા પૂર્ણ રોજગારીના વિકલ્પો પૂરા પાડતા હોય છે. પરંતુ અહેવાલમાં જિલ્લાની ભૂગોળ ને અનુસાર તેના અર્થતંત્ર અને આ અર્થતંત્રમાં કયા કયા આર્થિક પ્રશ્નો છે તેની છણાવટ કરવામાં આવેલ છે. દ્વિતીય કક્ષાની માહિતીના આધારે જિલ્લા અને અર્થતંત્રને સમજવાનો પ્રયત્ન કરેલો છે. જિલ્લાના અર્થતંત્રની સમજ મેળવ્યા પછી જિલ્લાના આદિવાસીઓ અર્થતંત્રના કયા હિસ્સામાં વર્તમાન સમયમાં પ્રવૃત્તિ છે તેની સમજ કેળવી છે આ સમજના આધારે જિલ્લાના આદિવાસીઓ કઈ કઈ સમસ્યાઓ સામનો કરી રહ્યા છે તેની ચર્ચા કરીને આ સમસ્યાઓના નિવારણ શું હોઈ શકે તેની વિગતે ચર્ચા પણ કરવામાં આવેલ છે. જિલ્લાના અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં આદિવાસી સમાજ કઈ કઈ સમસ્યાઓ અનુભવી રહ્યો છે અને તેનું નિરાકરણ શું હોઈ શકે તેની ચર્ચા વિવિધ ક્ષેત્રો વાર નીચે મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરી શકાય.

પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો નીચે મુજબ ચર્ચા કરી શકાય.

આદિવાસી વિસ્તારોની રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે અહીંના આર્થિક પ્રશ્નો માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં વણાયેલા છે. પ્રદેશની ગરીબી માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા તેની નિસબત સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો ઉપર પણ છે. તેથી પ્રદેશની ગરીબીને માત્ર આર્થિક બિંદુથી જોવું તે ભૂલ રહેશે.

નીચે મુજબની મુખ્ય વિકાસ અંતરાયો સમૂહ ચર્ચા અને પ્રદેશના પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાણવા મળી.

1. **માળખાગત સુવિધાઓની અછત**:
   એક વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ભારતના પ્રત્યેક રાજ્ય અને રાજ્યના પ્રત્યેક વિસ્તારમાં માળખાગત સુવિધાઓની અછત વધતે ઘટતે આવશે જોઈ શકાય છે. પરંતુ આદિવાસી વિસ્તારોમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતના અંતરિયાળ છેવાડાના આદિવાસી વિસ્તારોમાં કે જ્યાં જંગલ વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશ હોય અહીં આંતર માળખાકીય સુવિધાઓની બહુ જ મોટા પ્રમાણમાં અછત જોવા મળે છે. આંતરમાળખાકીય સુવિધાઓની અછતને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.
2. **રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક**:
   ગુજરાતના પૂર્વ પટ્ટીના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં રેલવે વ્યવહાર ના બરાબર છે. વળી અહીં રોડ અને રસ્તાઓનું માળખું પણ અત્યંત મર્યાદિત છે. જોકે વસ્તી અહીંયા છૂટી છવાઈ હોય પ્રત્યેક વસ્તીને રોડ રસ્તાથી જોડવી અને તેમાં પણ ડુંગર પ્રદેશમાં રસ્તાઓનું રખ રખાવ કરવો અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આવા સંજોગોમાં રોડ રસ્તાઓની અછતના પરિણામે આદિવાસી સમાજમાં વિકાસના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. દૂરના વિકસિત સમાજની સંપર્કમાં આવી વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવવી આદિવાસીઓ માટે કોઈ સહજ બાબત નથી. જ્યાં જાહેર માર્ગ મકાન અને જાહેર પરિવહનની સુવિધાઓ અત્યંત મર્યાદિત હોય ત્યાં સ્થાનિક સમાજ દ્વારા દૂરના વિકસિત સમાજ સાથેનો સંપર્ક અત્યંત મર્યાદિત થઈ જાય છે. આ સંજોગોમાં વિકાસ માટેની પ્રેરણાઓ આ અંતરિયાળ સમાજને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મળી રહી છે. સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેને વિકાસ માટે પ્રયોજવા અહીં ઘણા જ મુશ્કેલ છે. ઉત્પાદનની નવી ટેકનોલોજી અને ઉત્પાદનને નવા બજારો સુધી પહોંચાડવું રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કની અછતના કારણે ઘણું દુષ્કર પુરવાર થઈ રહ્યું છે. રોડ રસ્તા ની અછત અહીંની પ્રવાસન સંભાવનાઓને પણ ઘણી મર્યાદિત બનાવી રહી છે વળી. રોડ રસ્તાઓની અછત અહીંના શિક્ષણ અને સ્વાસ્થ્યને પણ ખૂબ જ નકારાત્મક રીતે પ્રભાવિત કરી રહી છે.
3. **શિક્ષણ અને સ્વાસ્થ્યસુવિધાઓની મર્યાદાઓ**:
   દુર અંતરિયાળ પ્રદેશ ઉપર જણાવવાનું છે રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક વિહોણો હોય અહીં છૂટી છવાઈ વસ્તીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના પ્રશ્નો પણ અત્યંત વિગત બને છે અહીં શિક્ષણ અને સ્વાસ્થ્ય ની આકૃતિ કરનાર કેળવાયેલ કર્મચારીગણ એટલે કે શિક્ષકો અને

તબીબી કર્મચારીઓ આ અંતરિયાળ પ્રદેશમાં પોતા ની ફરજ માટે ઉદાસીનતા દાખવે છે. વળી જે મર્યાદિત શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેનો પણ અવિરત પ્રવાહ મેળવો અત્યંત મુશ્કેલ પડે છે, કારણ કે રોડ રસ્તા અને સંપર્કોની મર્યાદિત સુવિધાઓને કારણે રોજબરોજ આ સેવાઓમાં વિવિધ પ્રકારની ખલેલો ઉદભવે છે ક્યારેક કર્મચારીગણ સમયસર ફરજ ઉપર ઉપસ્થિત નથી થઈ શકતા તો ક્યારેક વસ્તુઓનો સપ્લાય સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે આ પરિસ્થિતિને લઈને અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યનું સ્તર તુલનાત્મક રીતે નીચું જોવા મળે છે.

4. **સિંચાઈની સુવિધાઓ**:

ગુજરાત રાજ્યની પૂર્વમાં સરહદી વિસ્તારોમાં આવેલ આદિવાસી સમુદાયની જમીન તેની વિપરીત ભૂગોળના કારણે સિંચાઈની અછત અનુભવી રહી છે. અહીં વરસાદનું પ્રમાણ ખાસ કરીને મધ્ય ગુજરાતના પૂર્વ ભાગો અને દક્ષિણ ગુજરાતના વિવિધ આદિવાસી તાલુકાઓમાં સવિશેષ હોવા છતાં અહીં ખેતી માટે બાર મહિનાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવી ઘણી મુશ્કેલ સાબિત થઈ રહી છે. અહીંની ભૂગોળ પ્રમાણે ડુંગરાડ પ્રદેશોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને સંગ્રહ કરેલ પાણીને નહેર દ્વારા વિવિધ ઉબડખાબડ પ્રદેશોની વચ્ચે આવેલ ખેતરોમાં પહોંચાડવું ટેકનિકલ રીતે પણ ઘણું ખર્ચાળ સાબિત થાય છે, અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દસકાઓ દરમિયાન નાની સિંચાઈ પૈકી વિવિધ ખેત તલાવડીઓ અને ચેકડેમ, બોરી બંધ વગેરે પ્રદેશની સિંચાઈ સમસ્યામાં થોડી ઘણી આવશે હળવાશ નું વાતાવરણ સર્જન કરી શક્યા છે. જોકે આ પ્રદેશની ખેતીને વધુ સમૃદ્ધ કરવું હોય તો એની ફળદ્રુપ જમીનને બાર મહિનાની સિંચાઈ પૂરી પાડીને ખૂબ જ મોટા પ્રમાણમાં કૃષિ ક્રાંતિનો અવકાશ રહેલો છે.

5. **સંદેશા વ્યવહાર ની અછત ;**

ગુજરાતના આદિવાસી વિસ્તારો સદીઓથી અંતરિયાળ અને વણખેડાયેલા રહ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે આજે પણ અહીં સંદેશા વ્યવહારની અછત જોવા મળે છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં વિશ્વ આંખો ડિજિટલ ક્રાંતિ અને માહિતી ટેકનોલોજીના સહારે વિકાસના ઊંચા આપમાં ઉડાન ભરી રહ્યું છે, ત્યાં ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તાર હજુ ઇન્ફર્મેશન ટેકનોલોજીના જોઈએ તેટલા પ્રમાણમાં લાભ મેળવવામાં અત્યંત મર્યાદિત પ્રમાણમાં સફળતા મેળવેલ છે. અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે આદિવાસી સમાજમાં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. વિસ્તારની અમારી પ્રત્યક્ષ મુલાકાતો દરમિયાન અમે જોયું કે અહીંના ગામોમાં અને ગામના પ્રત્યેક ઘરોમાં સ્માર્ટફોન હોવો એ અત્યંત સાહજિક બાબત છે. મનોરંજનના એક સાધન તરીકે પણ અહીં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. નવી પેઢીના આદિવાસી બાળકો આ ડિજિટલ ટેકનોલોજી સાથે દુનિયાની સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ માટે સજ્જ થઈ રહ્યા છે. આ નવી પેઢીના આદિવાસી બાળકોને જો યોગ્ય સંદેશા વ્યવહારની સગવડો

પૂરી પાડવામાં આવે અને તેમને વાજબી ભાવે ડિજિટલ ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં એક નવા જ પ્રકારની ડિજિટલ ક્રાંતિનો અવકાશ છે.

6. **મત્સ્ય પાલન પ્રવૃત્તિ**:
   ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં ઇન લેન્ડ ફિશિંગ ખૂબ મોટા પ્રમાણમાં સંભાવનાઓ ધરાવે છે ગુજરાતના મોટાભાગ ની મોટી સિંચાઈ યોજના માટેના બંધ આદિવાસી વિસ્તારોમાં આવેલા છે આ મોટા જળાશયો મત્સ્યપાલન માટે બહુ મોટી શક્યતાઓ ઊભી કરે છે. અહીં વર્તમાન સમયમાં પણ ઘણી મત્સ્ય પાલન પ્રવૃત્તિઓ અસ્તિત્વ ધરાવે છે પરંતુ અહીં ટેકનોલોજી અપગ્રેડ ન થઈ હોવાથી અને સંસાધનોની ખામીના કારણે તથા વ્યવસ્થાપનની મર્યાદાઓને કારણે મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત મર્યાદિત પ્રમાણમાં અસ્તિત્વમાં ધરાવે છે જો યોગ્ય ટેકનોલોજી નો વિસ્તાર કરવામાં આવે અને યોગ્ય મેનેજમેન્ટ પૂરું પાડવામાં આવે તો આ મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત વિસ્તૃત થઈ શકે તેવી સંભાવનાઓ છે. વળી આદિવાસી પ્રદેશોની અંદર નાના નાના ચેકડેમ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે અહીં પણ મત્સ્યપાલન પ્રવૃત્તિ પ્રારંભિક પરંપરાગત ટેકનોલોજી ની મદદથી થઈ રહી છે. જેની અત્યંત નીચી ઉત્પાદકતા છે. જો યોગ્ય બિયારણ પૂરું પાડવામાં આવે અને યોગ્ય પ્રમાણમાં ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં મત્સ્ય પાલન પ્રકૃતિ તે સ્થાનિક આદિવાસીઓમાં નિર્વાહનું એક બહુ મોટું વિકલ્પ સર્જન થઈ શકે તેમ છે.
7. **પશુપાલન અને અન્ય ખેત આધારિત પ્રવૃત્તિઓ**:
   ગુજરાતના અંતરિયાળ આદિવાસી જિલ્લાઓમાં પશુપાલન પ્રત્યે રાજ્યના અન્ય જિલ્લાની તુલનામાં અત્યંત નિરાશા જનક દેખાવ રહ્યો છે. જોકે સુરત વલસાડ  તાપી  જેવા જિલ્લાઓમાં જે પશુપાલન અંતર્ગત પ્રગતિ થઈ છે તેમાં આદિવાસી સમુદાયનો હિસ્સો અત્યંત મર્યાદિત છે. આદિવાસી સમાજ અનાદિકાળથી પશુપાલન પ્રત્યે કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. શિકારી સંસ્કૃતિની નજીક રહેલ આદિવાસી સમુદાય માં પશુપાલન પ્રત્યે ઐતિહાસિક રીતે જ એક પ્રકારની નિરાશા રહેલી છે. જો કે વર્તમાન સમયમાં પ્રગતિશીલ સમાજની દેખાદેખી ની અસર હેઠળ આદિવાસી તાલુકામાં પણ ખૂબ જ ઝડપથી પશુપાલન પ્રત્યેનો અભિગમ બદલાઈ રહ્યો છે અને આદિવાસી સમાજ હવે પશુપાલન પ્રત્યે સજાક બન્યા છે. આદિવાસીના પશુપાલન પ્રકૃતિને અને મરઘા બચકા ઉછેર પ્રવૃત્તિને જો યોગ્ય ટેકનોલોજી અને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે તો તેમની પૂરક આજીવિકા માટે આ એક મજબૂત વિકલ્પ છે. બદલાતા આધુનિક સમયમાં મશરૂમ ઉછેર કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે આજીવિકાના એવા વિકલ્પો છે જે આદિવાસી સમાજમાં અત્યંત ઝડપથી સ્વીકૃત પામશે અને તેમની આર્થિક પરિસ્થિતિના સુધાર માટે ખૂબ જ કારગત સાબિત થશે.
8. **ગૃહ ઉદ્યોગ અને નાના પાયાનો ઉદ્યોગોનો વિકાસ**:

અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં આઝાદી સમયે એક પ્રકારનું નિર્વાહસ્તરનું જીવન પ્રવર્તમાન હતું.. દેશ અને રાજ્ય આઝાદી બાદના ત્રણેક દસકા દરમિયાન ઠીક ઠીક પ્રમાણમાં આ નિવાહ સ્તરમાંથી પ્રગતિ કરીને ઉત્પાદનની બજાર આધારિત પદ્ધતિ પ્રસ્થાપિત કરે છે પરંતુ ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં આ સમય દરમિયાન એટલે કે ઇસવીસન1980 સુધી વિકાસની કોઈ ખાસ ચલ પહેલ જોવા મળતી નથી. અહીંનું નિર્વાહ જીવન સ્તર 1980 સુધી ઠીક ઠીક પ્રમાણ માં જળવાઈ રહે છે 1980 થી 90 ના દશકા દરમિયાન અહીં વિકાસ પ્રક્રિયા ઠીક ઠીક પ્રમાણમાં પ્રારંભ થાય છે. ઇસવીસન 1990 પછી જ્યારે દેશ ઉદારીકરણ અને વૈશ્વિકરણના માહોલમાં પ્રવેશ કરે છે ત્યારે ખાનગીકરણ ની અસર હેઠળ આદિવાસી તાલુકાઓમાં વિકાસ પ્રક્રિયા વેગ બનતી બને છે. તેમ છતાં અહીં આજ દિન સુધી ઔદ્યોગિકરણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં વિકસ્યું છે. ગુજરાતમાં જેને ગોલ્ડન કોરિડોર કહીએ છીએ તેની આસપાસ આવેલા આદિવાસી તાલુકાઓમાં ઔદ્યોગીકરણ ઠીક ઠીક પ્રમાણ માં જોવા મળશે પરંતુ તે સિવાયના અન્ય આદિવાસી તાલુકામાં ઔદ્યોગીકરણ અત્યંત મર્યાદિત છે. ઔદ્યોગીકરણના આ મર્યાદિત વિકાસને કારણે આદિવાસી સમુદાયમાં રોજગારીના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. મોટા ઉદ્યોગીકરણના વિકલ્પ તરીકે અહીં ગૃહ ઉદ્યોગ અને નાના ઉદ્યોગોના વિકાસની ખુબ જ સંભાવનાઓ રહેલી છે. આદિવાસી સમાજના પોતાના પરંપરાગત ઉત્પાદનો માટેના જો નાના પાયાના ઉદ્યોગો વિકાસ પામે તો અહીં રોજગારીની ઘણી જ વૈકલ્પિક શક્યતાઓ નિર્માણ પામી શકે તેમ છે.

9. **કુદરતી સંસાધનો અને જંગલ પેદાશો**:
આદિવાસી પ્રદેશ મુખ્યત્વે જંગલ પ્રદેશો છે અહીં કુદરતી સંસાધનો અત્યંત વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જંગલો ઉપરના વસ્તીના દબાણને જોતા જંગલોનું વિનાશ વેગ પકડે તે સ્વાભાવિક છે. જંગલોને જો બચાવવા હોય તે જ પ્રમાણે કુદરતી સંસાધનો જો વિવેક પૂર્ણ ઉપયોગમાં લાવવા હોય તો જે પ્રદેશની આ સંપત્તિ છે તેવા આદિવાસી સમુદાયને આ સંસાધનો સાથે જોડવા પડશે. આદિવાસીઓને આ સંસાધનોમાંથી વિવેક પૂર્ણ આજીવિકા મેળવવા માટે ના અધિકારો આપવામાં આવશે તો તેના પરિણામ સ્વરૂપે જ્યાં આદિવાસી સમુદાયની ગરીબી ઓછી થશે ત્યાં બીજી બાજુ આદિવાસી સમુદાયો અહીં વૈકલ્પિક સ્વરૂપે નિર્વાહના ઘણા બધા રસ્તાઓ મેળવી શકશે. વળી આ પ્રકારના પગલા દ્વારા કુદરતી સંસાધનો અને જંગલના રક્ષણની પણ એક ખાતરી સમાજને આદિવાસી સમુદાય તરફથી મળશે. જંગલ જમીન અધિકાર કાયદો તે આ દિશામાં લેવામાં આવેલું એક કારગત પગલું છે.

## 3.4 આદિવાસી આર્થિક ઉત્થાન/ વિકાસ:

આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ

પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ  પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે.

**ખેતી ક્ષેત્રેમાં આદિવાસીનો વિકાસ:**

ખેતી ક્ષેત્રે જે આદિવાસી મેદાની પ્રદેશો છે ત્યાં  સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવીને સિંચાઈની પ્રગતિને વેગમાન બનાવી શકાય તેવી ઘણી સંભાવનાઓ રહેલી છે. ટેકનોલોજી ની કૃષિ ક્ષેત્રમાં અપગ્રેડેશન દ્વારા આદિવાસી કૃષિને પ્રગતિશીલ બનાવીને તેની ઉત્પાદકતા વધારી શકાય તેવા સંજોગો નિર્માણ પામેલા છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે આ પ્રકારના મેદાની ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતા પ્રદેશો કેટલા? અત્યંત મર્યાદિત કહી શકાય તેવા તેવા આદિવાસી પ્રદેશો આ પ્રકારની વિશિષ્ટતા ધરાવે છે કે જે જગ્યાએ સિંચાઈના અભ્યાસ વધારીને આદિવાસી કૃષિને વધુ ઉત્પાદક બનાવી શકાય તેવા સંજોગો છે. અન્ય આદિવાસી પ્રદેશો માટે એમ કહી શકાય કે સંસ્થળ ન હોય તેવા ડુંગરાળ પ્રદેશોમાં ખેતીને જો વધુ ઉત્પાદક બનાવી હોય તો ખેતીમાં આધુનિક પ્રયોગો કરવા અનિવાર્ય થશે. આ પ્રયોગોમાં ખેતી ક્ષેત્રે વિવિધ આધુનિક પાકો જેવા કે સ્ટ્રોબેરી, કાજુ અને વિવિધ પ્રકારના મશરૂમ જેવા બિન પરંપરાગત અને વધુ વ્યાપાર સંભાવનાઓ ધરાવતા પાકો ઉપયોગમાં લેવામાં આવશે તો આદિવાસી ખેતી ને વધુ ઉત્પાદક બનાવીને આદિવાસી પ્રદેશોમાં કુટુંબોને એક સદર અને નિશ્ચિત રોજગારી આપવી શક્ય બનશે.

**આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રનો વિકાસ:**

આદિવાસી પ્રદેશો તેના કુદરતી સૌંદર્યને લઈને લોકોમાં અને સ્થાન ધરાવે છે. અહીં જંગલ આચ્છાદિત ડુંગરો, આ વનરાજીની વચ્ચે તેમનું કુદરતી નિવાસ આદિવાસી પ્રદેશોના વિવિધ પ્રાણી અને પક્ષીઓ જંગલ નદી નાળા વગેરે પ્રવચન માટેની જરૂરી એવી પ્રાથમિક આકર્ષણની વસ્તુઓ છે. આ અર્થમાં જોઈએ તો આ પ્રદેશોમાં આદિવાસી પ્રવાસન અને ઈકો ટુરીઝમ ખુબ જ સંભાવનાઓ ધરાવે છે. આદિવાસી સંસ્કૃતિ પોતે પણ એક પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે. ગુજરાતની તમામ ભૌગોલિક પ્રદેશો પ્રવચન નાઆકર્ષણ માટે અને અલાયદ સ્થાન ધરાવે છે. વર્તમાન સમયમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નું નિર્માણ જે તે પ્રદેશની એક મોટું કારણ સાબિત થયેલું છે. આવનારા સમયમાં ગુજરાતની સંપૂર્ણ પૂર્વ પટ્ટી કે જે આદિવાસી રહેણાંક વિસ્તાર છે તેમાં પ્રવાસ પર્યટનની ખૂબ જ વિશાળ સંભાવનાઓ રહેલી છે. આ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને પ્રદેશના સ્થાનિક આદિવાસીઓને જો યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે અને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને અલાયદી યોજનાઓનું ઘડતર કરવામાં આવે તો આ પ્રદેશોમાં પ્રવચન ઉદ્યોગ સ્થાનિક લોકોની રોજગારી માટે એક બહુ જ મોટો વિકલ્પ પુરવાર થઈ શકે તેમ છે. સેવા ક્ષેત્રના અન્ય વિકલ્પોની જો તપાસ કરવામાં આવે તો આદિવાસીઓ દ્વારા તેમની પરંપરાગત ઉપચાર અને સારવાર પદ્ધતિઓ સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેમ છે. આદિવાસી ભગત ભુવાઓ દ્વારા જે તે સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા તૈયાર કરવાની એક અલાયદી વ્યવસ્થા વિકસાવી રહી છે. સરકારી નિયંત્રણો દ્વારા જો આ પ્રકારની ઉપચાર પદ્ધતિને યોગ્ય પ્રોત્સાહન આપી વિતાવવામાં આવે તો સ્વાસ્થ્યની પ્રાથમિક સમસ્યાઓમાં આ પ્રકારની સારવાર

પદ્ધતિઓ લોકોમાં ટીક ટીક પ્રમાણમાં સ્વીકાર્યતા પામશે. સેવા ક્ષેત્રે ખૂબ જ ઊંચી રોજગારી સાપેક્ષતા ધરાવે છે. સેવાના વિકલ્પો આદિવાસી યુવાઓમાં તાલીમ અને કૌશલ્ય વર્ધન દ્વારા વિસ્તારી શકાય તેવી ખૂબ ઊંચી શક્યતાઓ છે. અગાઉ વાત કરી તેમ આદિવાસી ક્ષેત્રોમાં વિકાસ પામે છે તો તેના પરિણામ સ્વરૂપે પ્રવાસને પૂરક એવા પ્રવચન ગાઈડનો વિકાસ, પ્રવાસીઓ માટેની રેણાક સુવિધાઓ માટે હોમસ્ટે જેવી સેવાઓનો વિકાસ, પ્રવાસીઓના પરિવહન માટેની વિવિધ કક્ષાની પરિવહન સુવિધાઓ તેના માટે વાહનચાલકોની સેવાઓ, વિવિધ પ્રકારની રેસ્ટોરન્ટો કે જેમાં બહાતીગળ આદિવાસી ભોજન પણ પીસાતું હોય. આમ અનેક ક્ષેત્રોનો વિકાસ થાય તેવી શક્યતાઓ જોઈ શકાય છે. જિલ્લા સંશોધક તરીકે વિવિધ આદિવાસી પ્રદેશો માં વિવિધ મુલાકાતો દ્વારા એ જોવા મળ્યું છે કે આ પ્રદેશમાં વસતા સ્થાનિક આદિવાસીઓ ટેકનોલોજી ની સ્વીકારી બાબતમાં ખૂબ જ ઉત્સુકતા ધરાવે છે. અર્થ એ છે કે જો વિવિધ ક્ષેત્રોને ઓળખી કાઢીને આ ક્ષેત્રોની જરૂરિયાતોને સ્થાનિક આદિવાસી યુવાઓમાં પ્રસારિત કરવામાં આવે, યુવાઓને પોતાને રસ રુચિ હોય તેવા ક્ષેત્રોમાં તાલીમ બંધ કરવામાં આવે અને ત્યારબાદ તેમને નો વ્યવસાય કરવા માટે જે પાયાની મૂડી કે અન્ય જરૂરિયાત હોય તેનીઆ પૂર્તિ કરવા માટે જ સરકાર યોગ્ય પ્રબંધ કરે તો આ પ્રદેશના યુવાનો જાતે જ ટેકનોલોજી ની મદદથી બજારમાંથી પોતાના ક્લાયન્ટને મેળવીને પોતાની સ્વરોજગારીના ક્ષેત્રો વિકસાવશે. વર્તમાન પરિસ્થિતિ એવી છે કે જેમાં સ્થાનિક યુવાનો માર્ગદર્શનના અભાવે એક નિરાશા નું વાતાવરણ નિર્માણ કરી ચૂક્યા છે વિકલ્પના અભાવે અહીં બજારમાં જેની જરૂરિયાત ઘણી જ ઓછી છે તેવું વિનયન અને વાણિજ્ય શાખાનું શિક્ષણ અત્યંત ઉચ્ચસ્તર સુધીનું મેળવ્યા કરે છે ,ત્યારબાદ વિકલ્પના અભાવે તેઓ સરકારી નોકરીની શોધમાં વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ કરે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રકારની તમામ જગ્યાઓનો જો સરવાળો કરીએ તો તેની સંખ્યા થોડા હજાર પદ પૂરતી જ નિશ્ચિત હશે. સ્થાનિક આદિવાસી યુવાનોની સંખ્યા લાખોમાં છે. જો આ તમામ આદિવાસી યુવાનો માટે રોજગારીની નવી ક્ષિતિ જો ખોલવી હશે તો સ્વરોજગારી દ્વારા સેવા ક્ષેત્રના વિવિધ વિકલ્પોનો વિકલ્પ બારી ખુલવી રહી.

**આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ:**

આદિવાસી પ્રદેશો તેમની અંતરિયાળ રચનાને કારણે વર્ષોથી ઉદ્યોગોમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા નથી. વળી આદિવાસી શ્રમિકો તેમની શ્રમસ્થાનાંતરની ખૂબીને કારણે પોતાનું શ્રમ અને કિલોમીટર દૂર જઈને પણ સેવા આપતા હોય ઉદ્યોગો માટે આદિવાસી પ્રદેશમાં ઉદ્યોગનું સ્થાપન કરવું કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા ના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે જેને કારણે અહીં ઔદ્યોગિક વિકાસની ગતિ અત્યંત મર્યાદિત જોવા મળી છે. આદિવાસી પ્રદેશો કુદરતી સંસાધનોની રીતે જોઈએ તો ઘણા જ સમૃદ્ધ પ્રદેશો છે. આ પ્રદેશોમાં વિવિધ ઉદ્યોગો માટેની વિવિધ ખાણ અને ખનીજો ના ભંડારો આવેલા છે. આદિવાસી પ્રદેશોના આ ખાણ અને ખનીજો ની મદદ લઈને અન્ય પ્રદેશોમાં ઉદ્યોગોનો વિકાસ ઝડપી બને છે આજ ઉદ્યોગોમાં શ્રમના મુખ્ય સ્ત્રોત તરીકે આદિવાસીઓ પોતા શ્રમ સેવાઓ પૂરી પાડતા જોઈ

શકાય છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગો પ્રત્યક્ષ સ્વરૂપે જવા તૈયાર નથી અથવા કહો કે પ્રત્યક્ષ સ્વરૂપે ઉદ્યોગ સ્થપાય તેવી શક્યતાઓ ઘણી જ ઓછી છે. આ વાસ્તવિકતા ને ધ્યાનમાં રાખીને સ્થાનિક આદિવાસીઓને રોજગારીનો વિકલ્પ વિકાસ પામે તે માટે સ્થાનિક કક્ષાએ નાના અને મધ્યમ ઉદ્યોગો વિશે તેમના પરંપરાગત ઉદ્યોગો ગૃહ ઉદ્યોગ સ્વરૂપે તેના માટે સરકારે પગલાં ભરવા રહ્યા. વર્તમાન સમયમાં સરકાર દ્વારા આદિવાસી પ્રદેશોમાં ઉદ્યોગના સ્થાપન માટેનું ઘણું ઊંચું પ્રોત્સાહન રહેલું છે વળી નાના ઉદ્યોગો અને આદિવાસી ઉદ્યોગ સાહસિકોને આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપન કરવા માટે પણ ખૂબ ઊંચા પ્રમાણનો પ્રોત્સાહન પૂરૂંપાડવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોને ખૂબ ઊંચા પાયા ઉપર સબસીડી પણ પૂરી પાડવામાં આવે છે તેમ છતાં આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ કઈક અંશે કુંઠિત થયેલો જોવા મળે છે. આ બધા પાછળના કારણોથી તપાસવામાં આવે તો જાણવા મળશે કે, જે દિશામાં આદિવાસી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે તે દિશાથી વિપરીત દિશામાં આદિવાસી ક્ષેત્રના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો સબસીડી અને વિવિધ પ્રકારની લોનમાં વિવિધ પ્રકારની રાહતો સરકારી યોજનામાં કેન્દ્ર સ્થાન ધરાવે છે પરંતુ આમ કરવા જતા સબસીડી અને અન્ય આકર્ષણના કારણે વિવિધ વર્ગ ધરાવતા સમૂહ દ્વારા આ પ્રકારના લાભ મેળવવા માટે જૈન કેમ પ્રયુક્તિઓ આચરવામાં આવે છે. પરિણામે આવે છે કે સબસીડી અને આવા આકર્ષણ ખોટા પ્રોજેક્ટમાં ખોટી રીતે યુટીલાઈઝ થાય છે. છેલ્લે પરિણામે આવે છે કે સબસીડી અને આકર્ષણને કારણે અસ્તિત્વમાં આવેલો કોઈપણ પ્રોજેક્ટ સબસીડીની ગેરહાજરીમાં પોતે પોતાનું અસ્તિત્વ ટકાવી શકતો નથી. આ વાસ્તવિકતા સામે જો સરકારે આદિવાસી પ્રદેશના આદિવાસી ઉદ્યોગોને યોગ્ય દિશામાં પ્રોત્સાહન આપવું હશે તો તેમને આ પ્રકારના આ પ્રકારના પ્રત્યક્ષ પોર્શાહનો આપવાના બદલે તેમના માટે વેચાણની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી પડશે. આમ કરવાથી બજારના અભાવે જે ઉદ્યોગો બાળ મૃત્યુ પામે છે તે પોતે બજારની પ્રાપ્તિ થતા આત્મ નિર્ભર સાબિત થશે. આ પ્રકારના પ્રોત્સાહનો જે તે ઉદ્યોગને સરકારી હસ્તક્ષેપ કે આકર્ષણની ગેરહાજરીમાં પણ જીવંત રાખશે. વેચાણ વ્યવસ્થાની એક અલાયદી યુક્તિ આ અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે તે એ છે કે એક કેન્દ્રીય ધોરણે કોઈ એક નિયંત્રિત ઓથોરિટી ની સ્થાપના કરીને, સમગ્ર રાજ્યનું આદિવાસી ઉત્પાદન કોઈ એક જ બ્રાન્ડ નેમ સાથે જો માર્કેટિંગ કરવામાં આવે તો તેની સફળતાની સંભાવનાઓ અને ઘણી વધી જાય છે. આ સંદર્ભમાં આપણી સામે NDDB નું અમૂલ બ્રાન્ડનું સફળ ઉદાહરણ મોજુદ છે. વિકેન્દ્રિત ધોરણ એ થતું દૂધ ઉત્પાદન એક જ બ્રાન્ડ હેઠળ સમગ્ર ભારતમાં માર્કેટિંગ થાય તેની વિવિધ પ્રોડક્ટો લોકોમાં સ્વીકૃત બને છે. વિકેન્દ્રિત ધોરણે થતી આદિવાસી ઉત્પાદન પ્રવૃત્તિને પણ કોઈ એક બ્રાન્ડ ના નામ સાથે જો લોકમાનસમાં જાહેરાત કરવામાં આવે તો તે લોકોમાં સ્વીકૃતિ પામશે, અલબત્ત અહીં ગુણવત્તા નીયંત્રણ માટેની કોઈ એક સ્વતંત્ર એજન્સી હોવી અનિવાર્ય છે, જે આદિવાસી સેવાઓ અને વસ્તુઓની ગુણવત્તાની ખાતરી લોકોમાં પ્રસ્થાપિત કરશે.

**આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ:**

જે પ્રદેશોમાં કૃષિ વિકાસ પામે છે તેમાં કૃષિને આધારે જ્યાં વિકાસ સંભાવનાઓ છે તેવા અન્ય ક્ષેત્રો પણ વિકાસ પામે છે આવા ક્ષેત્રોમાં પશુપાલન મરઘા- બટકા ઉછેર કૃષિ પ્રોસેસિંગ યુનિટ, કૃષિ ઉત્પાદનોનું એડિશન કરી શકે તે માટેના વિવિધ એકમોનું નિર્માણ વગેરે સંભાવના ગુજરાતના આદિવાસી પ્રદેશોમાં પણ ભરપૂર પ્રમાણમાં રહેલી છે. આ તમામ સંભાવનાઓ એક પ્રાથમિક શરત માંગી લે છે તે એ છે કે સ્થાનિક લોકોમાં કૃષિ વિકાસ અને તેને દ્વારા કૃષિ સંલગ્ન વ્યવસાયોમાં વૃદ્ધિ માટેની તાલાવેલી. સ્થાનિક આદિવાસી સમાજમાં જો વિકાસની ભૂખ જગાડવામાં આવે તો , આદિવાસી આદિવાસી સ્વયં પોતાના આર્થિક વિકાસ માટે પ્રવૃત્તિ થઈ જશે. ખાસ કરીને 1991 પછીના સમયમાં જોવામાં આવે તો અહીં વિકાસ માટેની એક ભૂખ જોવા મળે છે. આ વિકાસ માટેની ભૂખ ને જો યોગ્ય દિશા નિર્દેશ કરવામાં આવે તો તેના પરિણામો અચૂક રીતે સકારાત્મક પ્રાપ્ત થઈ શકે તેમ છે. ગુજરાતના જે પ્રદેશોમાં કૃષિ સમલગ્ન પ્રવૃત્તિઓ ઊંચા પ્રમાણમાં વિકાસ પામી છે ત્યાં જોવામાં આવ્યું છે કે જે તે પ્રવૃત્તિમાં કોઈ એક જ જ્ઞાતિ પ્રભાવી રહી છે દાખલા તરીકે જોવામાં આવે તો તાપી જિલ્લામાં કૃષિ સંલગ્ન પશુપાલન પ્રવૃત્તિમાં ચૌધરી જ્ઞાતિ અત્યંત પ્રભાવિત રહી છે. આ જ રીતે જો વિચારવામાં આવે તો જે તે પ્રદેશના જે તે આદિવાસી સમાજની ખાસિયતો ને ધ્યાનમાં રાખીને જો તેમને તેમને અનુકૂળ હોય તેવી કોઈ એક કૃષિ સંલગ્ન પ્રવૃત્તિમાં પ્રોત્સાહિત કરવામાં આવે તો અત્યંત સકારાત્મક પરિણામો મેળવવાની સંભાવના ઘણી ઉંચી રહેલી છે. ઉદાહરણ તરીકે જુઓ જોવામાં આવે તો જે આદિવાસી સમુદાયો જંગલ સાથે આજે પણ સીધા સંકળાયેલા છે તે આદિવાસી સમુદાયો માટે જો તેમને વિવિધ જંગલી પેદાશો એકત્રિત કરીને તેને બજાર અનુસાર યોગ્ય પેકિંગ અને યોગ્ય ધારા ધોરણ અને માપદંડ અનુસાર અનુસાર કરવામાં આવે તો આ પ્રકારના ઉત્પાદનોની બજારમાં ખૂબ જ ભોળા પ્રમાણમાં માંગ આજે પણ જોવા મળે છે. દાખલા તરીકે બજારમાં જોવા મળતી પતંજલિ બ્રાન્ડ તેની સંપૂર્ણ સફળતા કુદરત આધીન હોવાના તેના દાવા ઉપર નિર્ભર છે. આદિવાસી સમુદાયો તેના પ્રારંભથી જ કુદરત દત્ત અને કુદરત સાથે સંકળાયેલું જીવનશૈલી જીવતા આવ્યા છે આ રીતે જોવામાં આવે તો આદિવાસીઓ દ્વારા એકત્ર કરી અને તેનું વેચાણ વ્યવસ્થા કરવામાં આવતી વસ્તુઓમાં ખૂબ જ લોકપ્રિય બનશે તેવી ખૂબ ઊંચી સંભાવનાઓ રહેલી છે.

**આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ:**

આદિવાસી સમુદાય રોજગારીના વિકલ્પોની શોધમાં ગુજરાત રાજ્ય અને ગુજરાત રાજ્યની બહાર પણ કૃષિ અને કૃષિ સિવાયના ક્ષેત્રોમાં પોતાના શ્રમનું વિનિમય કરતા જોવા મળે છે. ખૂબ જ નીચું શિક્ષણ અને અત્યંત ગરીબીના કારણે આ આદિવાસી પરિવારો જ્યાં પણ સ્થાનાંતર કરે છે ત્યાં મોટાભાગે તેમને અત્યંત ઊંચા પ્રમાણમાં શોષણનો શિકાર સહન કરવાનું આવે છે. બીજા અર્થમાં કહીએ તો આદિવાસી શ્રમની ઊંચી ઉત્પાદકતા અને અત્યંત નીચું વેતન તથા કામની અત્યંત વિકટ પરિસ્થિતિ ને પણ સહન કરવાની તૈયારી આ તમામ પરિબળો જ્યાં એક બાજુ આદિવાસીશ્રમની સ્વીકૃતિ માટેનું કારણ બને છે. જ્યારે બીજી બાજુ તે આદિવાસી શોષણનું પણ

મૂળ કારણ બને છે. ગુજરાત કે ગુજરાત બહારના વિવિધ શહેરોમાં ખાસ કરીને બાંધકામ ઉદ્યોગમાં જોવા મળતા આદિવાસી પરિવારમાં શોષણ અત્યંત ઊંચા પ્રમાણમાં જોવા મળે છે જોવા મળ્યા છે. નિર્મૂલ માટે સરકારે કોઈ એક કેન્દ્રીક નોંધણી અને છતાં તે અનુપચારિક નોંધણી બની રહે તે પ્રકારની કોઈ એક સિસ્ટમ વિકસાવી એકમાત્ર ઉપાય છે. આ પકલ્પના સંયુક્તઅહેવાલમાં આ અંગેનું સૂચન વિસ્તારથીકરવામાં આવેલું છે.

**૩.5 ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં તાપી જીલ્લાના વિવધ આર્થીક પ્રશ્નોની ચર્ચાઓ વિગતવાર કરી ત્યાર બાદ આ આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ  પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે.

# પ્રકરણ-4
# વિકાસના વૈકલ્પિક એજન્ટો સ્વેચ્છિક સંસ્થાઓ/NGO અને આદિવાસી આર્થિક ઉત્કર્ષ


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 4.1 | પ્રસ્તાવના | 46 |
| 4.2 | વિવિધ NGO ના સફળ થયેલ પ્રકલ્પોની વિકાસગાથા | 46 |
| 4.3 | યુનિવર્સિટી જગત અને નવી પેઢીની પ્રેરણા: ગૂજરાત વિધ્યાપીઠ પ્રેરિત ગ્રામશિલ્પી કાર્યક્રમ | 61 |
| 4.4 | ક્ષેત્રકાર્ય કરેલ વ્યક્તિઓની માહિતી | 64 |
| 4.5 | ઉપસંહાર | 67 |

# પ્રકરણ-4
# વિકાસના વૈકલ્પિક એજન્ટો
# સ્વૈચ્છિક સંસ્થાઓ/NGO અને આદિવાસી આર્થિક ઉત્કર્ષ

**4.1 પ્રસ્તાવના:**

વિકાસના વૈકલ્પિક એજન્ટો તરીકે એનજીઓ/ સ્વૈચ્છિક સંસ્થાઓને વર્તમાન સ્વરૂપમાં ઠીક-ઠીક સ્વીકૃતિ મળેલ છે. સરકારી તંત્રની એક મર્યાદા હોય છે. સરકારી તંત્ર સ્થાનિક સહભાગિતા વિકસાવવામાં ક્યાક મર્યાદા અનુભવે છે. પ્રદેશિક જરૂરિયાતો ને યોગ્યરીતે સમજી તે જરૂરિયાતો પૂરતી કરવાં માટેના વિવિધ વિકલ્પો તપાસી યોગ્ય વિકલ્પ ની પસંદગી કરવામાં સરકારી તંત્ર ની તુલનમાં વિકાસના વૈકલ્પિક એજન્ટો તરીકે સ્વીકૃત NGO/ સ્વૈચ્છિક સંસ્થાઓ વધુ દક્ષતાથી કાર્ય કરી શકે છે. ગુજરાતનાં આદિવાસી વિસ્તારોમાં બહુજ મોટા પ્રમાણમા NGO કાર્યાન્વિત છે. આ NGO ની ભૂમિકા તપાસવા માટે મોટા પાયા ઉપર કાર્ય કરતી વિવિધ NGOના સફળ થયેલ પ્રકલ્પોનો વિવિધ સંશોધકો દ્વારા અભ્યાસ કરવામાં આવેલ હતો. આ અભ્યાસની ટૂક નોધ નીચે મુજબ રજૂ કરેલ છે. અહી આ સંદર્ભના આર્થિક વિશ્લેષણ કરી વિકાસના વૈકલ્પિક એજન્ટો તરીકે લોક જાગૃતિ અને લોકમત કેવી રીતે પરિણામ લક્ષી બની શકે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

### 4.2 વિભાગ-૧ વિવિધ NGO/સ્વૈચ્છિક સંસ્થા/સહકારી ક્ષેત્રના સફળ થયેલ પ્રકલ્પો:

### 4.2.1. ઈસર સહકારી પિયત મંડળી (સુરત જીલ્લાના માંડવી તાલુકાના ૩ ગામો)

ઇસર સહકારી પિયત મંડળી દ્વારા આદિવાસી વિસ્તારમાં ગ્રામીણ ગરીબ લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે કામગીરી કરે છે. આદિવાસી વિસ્તારમાં પિયત મંડળીની સ્થાપનાથી શિક્ષણમાં પણ સુધારાની કામગીરી કરે છે. પિયત મંડળીના સભ્યો થવાથી તે લોકોની આર્થિક અને સામાજિક સ્થિતિમાં પરિવર્તન જોવા મળે છે.

સુરત જીલ્લાની  ઇસર પિયત મંડળીમાં કુલ સભાસદોની સંખ્યા ૬૪૩ છે. તેમાંથી માંડવી તાલુકાના ૩ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં ઈસરનાં કુલ ૨૮૭, દેવગઢનાં ૧૪૪ અને જુનવાણાનાં કુલ ૩૨ સભાસદો જેમાંથી ૭.૫ % લેખે ૩૩ સભાસદોનો અભ્યાસ કરેલ છે. જેમાંથી નહેરનું સ્થળ અગ્ર, મધ્ય અને છેવાડે એમ અલગ-અલગ રીતે પસંદ કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં અને સભાસદોમાં જોવા મળેલ મુખ્ય બાબતો નીચે મૂજબ છે.

પસંદ કરાયેલ ઉત્તરદાતાઓમાં ગરીબી રેખા નીચેનું પ્રમાણ વધારે જોવા મળે છે. પસંદ

કરાયેલ ઉત્તરદાતાઓ અનુસુચિત જનજાતિના જોવા મળે છે. આવકનું મુખ્ય સ્રોત ખેતી છે. મુખ્ય વ્યવસાય ખેતી અને ગૌણ વ્યવસાય પશુપાલન જોવા મળે છે. ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે જ્યારે પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. શિક્ષણ ઓછું હોવાનું અને શિક્ષણ વચ્ચે છોડી દેવાના મુખ્ય કારણમાં આર્થિક પરિસ્થિતિ નબળી હોવી અને અમુક લોકો શિક્ષણને બિન જરૂરી સમજે છે એવું આ અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું. તેમજ સભાસદોમાં ભૌતિક અસ્કામાંતોમાં સૌથી વધુ પ્રમાણ મોબાઈલનું જોવા મળ્યું. મોટાભાગના મકાનો કાચા જોવા મળ્યા. પિયત મંડળી આવવાથી ખેતી અને સિંચાઈ ક્ષેત્રે ટ્રેક્ટર અને ઓઈલ એન્જિનનો વધુ ઉપયોગ થવા લાગ્યો. જમીન પિયત અને બિન પિયત એમ બંને પ્રકારની જોવા મળે છે. સભાસદોમાં મોટા ભાગે પિયત માટે નહેરનો ઉપયોગ કરતાં જોવા મળે છે. ખેતીમાં સંકર બિયારણ અને રાસાયણિક ખાતરનો વપરાશ વધુ જોવા મળે છે. ઈસર મંડળીની સ્થાપનાનાં કારણે તેનો લાભ મેળવનાર સભાસદોના જીવન ધોરણમાં સુધારો જોવા મળ્યો છે.

### 4.2.2. દીપક ફાઉન્ડેશન

**૧) કલ્પ વાડી યોજનાનું આર્થિક અધ્યયન**: કલ્પ વાડી યોજનાનું આર્થિક અધ્યયન છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મુંડામોર, મુઘલાવાંટ, બગલીયા, રંગપુર, ઝીલાવા, ઝાંઝરઝોલ, ઝરોઈ, વીજળી, ડેરી, સીંગલકુવા અને ખેરકા ૧૧ ગામોના સંદર્ભમાં આદિવાસી વિસ્તારમાં ગરીબી, બેરોજગારી વગેરે સમસ્યાઓને પરીણામે આ વિસ્તારના લોકોનું જીવન ધોરણ નીચું જોવા મળે છે.

કલ્પ વાડી પ્રોજેક્ટ કવાંટ આજીવિકા પ્રોજેક્ટ (Kawant Livelihood Project) (KALP) અંર્ગત 2009 માં શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં કવાંટમાં આજીવિકા વિકસાવવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા હતા અને તેમાં આ વાડી યોજનાનો સમાવેશ પણ થઈ જાય છે. કવાંટ માં 30,000 થી પણ વધુ આદિવાસી ઘરો છે. લોકોના સાર્વત્રિક વિકાસ અને આજીવિકા પુરી પડવાના હેતુથી વાડી યોજના અમલમાં મુકવામાં આવી હતી. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગની ભાગીદારીમાં આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવ્યો હતો. તેમાં નાબાર્ડની પણ મહત્વની ભૂમિકા રહેલી છે. અને તેમાં દીપક ફાઉન્ડેશને નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને યોજના ઘડી હતી.

આ સંસ્થા બચત મંડળી, સ્વસહાયજુથો વગેરેની રચના કરી જરૂરી ધિરાણ પૂરી પાડે છે. તથા ખેતી અંગેની માહિતી અને તાલિમ, માર્ગદર્શન આપી ખેડૂતોને પોતે જ પોતાને મદદરૂપ બની રહે તેવી સ્થિતિસર્જીને ખેડુતોને મદદ અને પ્રોત્સાહન પુરૂં પાડે છે. આ કાર્ય ખેડૂતોને સજીવ ખેતી તરફ વાળવાનું કે આર્થિક સ્વસહાય પુરતુ જ મર્યાદિત નથી પરંતુ આર્થિક રીતે પગભર બને તે માટે મહત્વનું બની રહે છે. તે અંતર્ગત ૨૦૦૯-૧૦માં જે વાડી યોજના હેઠળ વાડીઓ આપવામાં આવી તેનો આર્થિક અભ્યાસ અહીં કરવામાં આવ્યો છે.

અભ્યાસ માટે કુલ ૧૧ ગામોની પસંદગી કરવામાં આવી હતી. જેમાથી 42 કુટુંબની મુલાકાત લેવામાં આવી હતી. પસંદ કરેલ બધાજ ઉત્તરદાતાઓ અનુસુચિત જનજાતિના અને પુરુષો છે. પીવાનું પાણી પાકા રસ્તા અને વીજળી ૧૮ કલાકથી વધુ દરેક ગામમાં મળી રહે છે. પાણી માટે મુખ્યત્વે કૂવા અને બોરનો સમાવેશ થાય છે. પાકા રસ્તા માંથી ઓછી માત્રામાં રસ્તા અર્ધપાકા કે તૂટેલા જોવા મળ્યા હતા. ખાનગી શાળા, અંગ્રેજી શાળા, ઉદ્યોગ અને જાહેર શૌચાલય કોઈ પણ ગામમાં જોવા મળતા નથી. BPL આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબોનું પ્રમાણ વધારે પ્રમાણમાં જોવા મળે છે. સ્થળાંતરનું પ્રમાણ સૌરાષ્ટ્રમાં મજુરી માટે વધારે પ્રમાણમાં થાય છે. કુલ ઉત્તરદાતાઓમાંથી મોટા ઉત્તરદાતાઓ પિયત જમીન ધરાવતા હતા. પરતું ઉનાળામાં પાણીની તંગી રહે છે. ટેબલ, ખુરશી અને મોબાઈલ જેવા સાધનો ઉપયોગી હોવાથી દરેક ઘરમાં જોવા મળે છે. આંબાવાડી નિષ્ફળ નિવડી છે તેથી તે રોજગારી સર્જવામાં  પણ નિષ્ફળ નિવડી છે. ગામોમાં સામાજિક પ્રસંગોમાં વધારે ખર્ચ થતું જોવા મળે છે. સાથે સાથે વ્યસનનું પ્રમાણ પણ વધારે હોવાથી તે પાછળ થતો ખર્ચ વધારે જોવા મળે છે. મોટા ભાગના ઉત્તરદાતાઓના મતે વિકાસ એટલે રોજગારી અને ગામમાં વાહન વ્યવહારની સુવિધા હોવી.

**૨) વાડી યોજનામાં જોડાયેલા આદિવાસી લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ )છોટા ઉદેપૂર જીલ્લાના કવાંટ તાલુકાના ગામોને કેન્દ્રમાં રાખીને)**

પ્રસ્તુત સંશોધન અહેવાલ દ્વારા છોટાઉદેપૂર જીલ્લાનાં કવાંટ તાલુકાના ગામનાં લોકોની આર્થિકસામાજિક પરિસ્થિતિ જાણવા મળશે. પ્રસ્તુત સંશોધનમાં આદિવાસીનો અભ્યાસ - કરવા માટે કુલ કલ્પ પ્રોજેક્ટનાં લાભાર્થીઓમાંથી ૫૦ ખેડૂતો પસંદ કરવામાં આવ્યા છે. ૧૧ ગામોમાંથી મંકોડી, થાંભલા, ગેડેથા ગામોમાંથી છ-છ ઉત્તરદાતા,  પંસદ કરવામાં આવ્યાં છે. ગામમાં સરેરાશ રીતે સારા પ્રમાણમાં સુવીધા ઉપલબ્ધ છે. સૌથી વધું ઉત્તરદાતા ૪૧ થી ૬૦ વર્ષની ઉંમર વચ્ચે આવનારા જોવા મળે છે. જેનું પ્રમાણ ૬૪% જોવા મળે છે. સૌથી વધારે ઉત્તરદાતાઓ ગરીબી રેખા નીચે જીવનારા લોકો છે. જેનું પ્રમાણ ૭૨% છે. ગામડાઓમાં હાલમાં પણ કુટુંબોમાં સંયુક્ત પ્રથાનું પ્રમાણ વધારે છે. સ્થળાંતર વધારે જીલ્લા બાહર થવાનું મુખ્ય કારણ ત્યાં યોગ્ય કામ અને વેતન મળે છે. જ્યારે ૨૭ ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિ સારી હોવાથી ઘરમાંથી કોઈ સ્થળાંતર કરતુ નથી. ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિ નબળી હોવાથી મજુરી કરવાનું પ્રમાણ વધારે છે. અને ઓછા પ્રમાણમાં ઉત્તરદાતા નોકરી અને ધંધા માટે જાય છે. (મજુરી ૩૨% અને નોકરી અને ધંધો ૧૪%) સૌથી વધારે ઉત્તરદાતાઓ ખેતી અને છૂટક મજુરી વ્યવસાય સાથે સંકળાયેલા છે. કારણ કે ખેતી એમનો પરંપરાગત વ્યવસાય છે. અને છૂટક મજુરી એ એમનો ગૌણ વ્યવસાય છે. (ખેતી અને છૂટક મજુરી ૭૪%). મોટાભાગના ઉત્તરદાતાઓની જમીનનું પ્રમાણ ૧ થી ૬ એકરમાં છે. માટે સીમાંત અને નાના ખેડૂતોનું પ્રમાણ વધારે (૮૬%)  જોવા મળે છે. સૌથી વધારે ૦.૫ એકરમાં ઉત્તરદાતાઓ વાડી કરી હતી. અને ૧ એકર વાડી વાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે. (૦.૫ એકરમાં ૭૨%

અને ૧ એકરમાં ૨૮%)

ઉત્તરદાતાની વાડી અંગેની માહિતી જોઈએ તો મોટાભાગના ઉત્તરદાતા ૨૦૦૯માં જોડાયા છે .અને બાકીના ઉત્તરદાતા ૨૦૧૦ અને ૧૦૧૧ માં જોડાયા છે૨૦૦૯) . માં ૭૨% અને ૨૦૧૦(%૧૧ ૨૮/. મોટાભાગના ઉત્તરદાતાઓ ને ૦૫ એકરની વાડી.માં જીવિત આંબાની સંખ્યાનું પ્રમાણ વધારે છે .અને ૧ એકરની વાડીમાં જીવિત આંબાની સંખ્યાનું પ્રમાણ ઓછું છે ૦.૫) .૪૬% અને ૧ ૨૨ જ્યારે (% ૧૬ ઉત્તરદાતાને આંબા મરી ગયા છે તેનું મુખ્ય કારણ પાણીની સમસ્યા હતી. ઉત્તરદાતાઓને જીવિત આંબાની સંખ્યાનું પ્રમાણ ખુબ ઓછું હતું .મોટાભાગે ઉત્પાદનનું પ્રમાણ ૧ થી ૧૦ મણ કેરીનું જ જોવા મળ્યું હતું (%૩૮) . ઉત્તરદાતાઓને ઓછા પ્રમાણમાં કેરીઓ થતી હતી માટે તેનું વેચાણ ગામમાં જ વધારે થતું હતું. મોટાભાગના ઉત્તરદાતાઓ સંસ્થામાં જોડાવાથી રોજગારીમાં વધારો થયો છે કેમકે સંસ્થા દ્વારા રોજગારી સંદર્ભે અનેક કાર્યક્રમ કરવામાં આવે છે(%૪૨) .
ઉત્તરદાતાની ખર્ચ અને આવક અંગેની માહિતી જોઈએ તો ઉત્તરદાતાઓ ઘરે પશુપાલન કરતા હોવાથી દુધ અને દુધની બનાવટો પાછળ ૨૦૦ કરતા ઓછું ખર્ચ કરનાર કુટુંબો વધારે છે. અને શિક્ષણ અને કાપડ પાછળ ૬૦૦ થી ૮૦૦ સુધી ખર્ચ કરનાર કુટુંબો ઓછા છે) .કોષ્ટક ક્રમ ૩(૨૨. વાડીમાંથી મળતી આવકનું પ્રમાણ ૧૫૦૦૦ સુધી હોય તેવા ઉત્તરદાતા વિશેષ મળે છે. બાકીના તમામ ઉત્તરદાતાઓને ઓછી આવક પ્રાપ્ત થાય છે. નફો ન મળવા પાછળનું મુખ્ય કારણ પાણીની સમસ્યા હોવાથી વધારે ઉત્તરદાતાઓના આંબા મરી ગયા છેઉત્તરદાતાની . કુલ આવકમાં વધારે હિસ્સો ખેતીની આવકનો) ૫૨(% છે પરંતુ ખેતી ફક્ત ચોમાસામાં જ કરાય છે .માટે ઉત્તરદાતાઓની આવકનું પ્રમાણ ઘણું નીચું જોચા મળે છે.

## 3) દીપક ફાઉન્ડેશન દ્વારા સર્વાંગી વિકાસ પ્રોજેક્ટ હેઠળ દાળમીલમાં જોડાયેલ મહિલા લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લાના નશવાડી તાલુકાના અગિયાર ગામોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં કોલબા, સારીપાણી, રાનેડા, સીન્ધીકુવા, કોલીબોરીયાદ, મોધલા, કાળીડોળી, પીપલાજ, રાણીપુરા, ભરવાડા અને સેન્ગપુર ગામનો સમાવેશ થાય છે જેમાંથી ૩૯ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. તમામ ઉત્તરદાતા તરીકે સ્ત્રીઓ છે. જેમાં BPL રેશન કાર્ડ ધારકોનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં વ્યસનનું પ્રમાણ વધારે જોવા મળે છે જેમાં દારુ, મસાલો જેવા વ્યસન જોવા મળે છે. વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં કડીયા કામ, મજુરી કામમાં રોજગારી મળી રહેતી હોવાથી સ્થળાંતરનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જે કુટુંબમાં સ્થળાંતર જોવા મળે છે તેમાં પણ ૧/૨ સભ્યો જ કામ માટે જાય બાકી સભ્યો ગામમાં જ જે કઈ કામ મળે તે કરતાં જોવા મળે છે. મોટાભાગના લોકો ગામમાં ખેતી અને પશુપાલન વ્યવસાયમાંથી રોજગારી મેળવે

છે. ગામમાં અર્ધપાકા મકાનોનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં પીવાનું પાણી અને વીજળીની સુવિધા ઉપલબ્ધ છે. પસંદ કરેલ કુટુંબમાં મોબાઈલ અને સ્કુટર બધા પાસે જોવા મળે છે. મનોરંજનનાં સાધનોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ગામમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. તેમજ છેલ્લા દશ વર્ષથી શિક્ષણમાં વધારો થતો જોવા મળે છે. ગામમાં લોકોની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે. આ ઉપરાંત ગૌણ વ્યવસાયમાં પશુપાલન, મજુરી અને શાકભાજીનું વેચાણ જોવા મળે છે. ગામની જમીન કાળી, ગોરાડું અને પથરાળ જોવા મળે છે. ફાઉન્ડેશન દ્વારા અપાતી તાલીમના કારણે ખેતીની આવકમાં વધારો થયો છે. તેમના ઘરમાં દૂધ, કઠોળ અને શાકભાજી તેમજ અનાજ જેવી વસ્તુઓ ઉપલબ્ધ હોવાથી તેના માટે બહારથી ખરીદી કરવી પડતી નથી. આથી તે વસ્તુઓ પાછળ થતા ખર્ચનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

### ૪) દીપક ફાઉન્ડેશનની વાડી યોજનામાં જોડાયેલા આદિવાસી લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લાના કવાંટ તાલુકાના મુંડામોર, મુઘલવાંટ, બગલીયા, રંગપુર, ઝીલવા, ઝાંઝરઝોલ, ઝરોઈ, વીજળી, ડેરી, સીંગલકુવા અને ખેરકા ગામને કેન્દ્રમાં રાખીને કરેલ છે. જેમાંથી ૪૨ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે.

બધા જ કુટુંબો અનુસુચિત જનજાતિના જોવા મળે છે. ગામમાં માળખાકીય સુવિધાઓ પીવાનું પાણી, વિજળી, રસ્તાઓ વગેરે જોવા મળે છે. એક પણ ગામમાં ખાનગી શાળા કે અંગ્રેજી શાળા કે જાહેર શૌચાલય જોવા મળતા નથી. BPL આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. સ્થળાંતર જોવા મળે છે અને એ પણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં જતા લોકોનું પ્રમાણ વધારે જોવા મળે છે. જમીન ધરાવે છે પરંતુ ઉનાળામાં પાણીની તંગીના લીધે બહારગામ કામ માટે જવું પડે છે. વાડી યોજના સાથે જોડાયેલ કુટુંબની મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે આંબાવાડી નિષ્ફળ નીવડી છે આથી તેમાં આવક કે રોજગારી નાં મળતા અન્ય જગ્યાએ રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે. ગામમાં વ્યસનનું પ્રમાણ વધારે જોવા મળે છે આથી વ્યસન પાછળ થતું ખર્ચ પણ વધારે જોવા મળે છે તેમજ અનાજ, શિક્ષણ અને આરોગ્ય પાછળ થતાં ખર્ચ કરતાં સામાજિક પ્રસંગો પાછળ થતાં ખર્ચનું પ્રમાણ વધારે જોવા મળે છે.

### 4.2.3.શ્રોફ ફાઉન્ડેશન સંસ્થાનો પશુપાલન યોજનાનો આર્થિક અભ્યાસ

**૧) પશુપાલન યોજનાનો આર્થિક અભ્યાસ:** શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના ૧૯૮૦ માં થઇ હતી. તેની શરૂઆત વડોદરાના કલાલી ગામમાં થઇ હતી. ત્યારે ચાલતી પ્રવૃત્તિ હોસ્પિટલ, ખેતીવાડી, પશુપાલન શિક્ષણ અને શાળાના શિક્ષકોને તાલીમ આપવી. આ સંસ્થા વડોદરા અને કચ્છ જીલ્લામાં લોકોના જીવન ધોરણમાં સુધારો કરવાનું કામ કરે છે.

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લાના/તાલુકાના ખડકવાડા ગામને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં સંસ્થા સાથે જોડાયેલ લોકોમાંથી ૩૨ કુટુંબનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેના મુખ્ય તારણો નીચે મૂજબ છે.

સ્ત્રીઓ કરતાં પુરુષ ઉત્તરદાતાનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. પસંદ કરેલ કુટુંબમાંથી ગરીબી રેખા નીચે જીવતા કુટુંબનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. આ કુટુંબમાં સયુક્ત કુટુંબ પ્રથા નષ્ટ થતી જોવા મળે છે. પસંદ કરેલ કુટુંબ પૈકી ૫૦% કુટુંબમાં સ્થળાંતર જોવા મળતું તેનું મુખ્ય કારણ છે કે તેઓ પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ જોવા મળે છે. કુટુંબમાંથી ૧/૨ સભ્યો સ્થળાંતર કરે છે જ્યારે કુટુંબના બીજા સભ્યો સ્થળાંતર કરતાં નથી. ગામમાં વ્યસનનું પ્રમાણ વધારે જોવા મળે છે. વાર્ષિક ખર્ચ જે જોવા મળે છે તે પૈકી અનાજ પાછળ થતાં ખર્ચનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં સરકારી શાળા, વીજળી, પાકા રસ્તા વાહન વ્યવહાર અને પીવાના પાણીની સુવિધા વગેરે આંતર માળખાકીય સુવિધાઓ જોવા મળે છે. કુટુંબમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ ઉપરાંત મનોરંજનની વસ્તુઓનો અભાવ જોવા મળે છે. આ ગામમાં યુવા વર્ગનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે જેમાં સ્ત્રીઓ કરતાં પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે. કુટુંબની વાર્ષિક આવકમાં ખેતી અને પશુપાલન વ્યવસાયનો હિસ્સો વધારે જોવા મળે છે. પશુપાલન વ્યવસાય માટે શ્રોફ ફાઉન્ડેશન લોન આપે છે. કુટુંબો પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ હોવા છતાં પશુ વીમાની બાબતમાં અજાણ છે. એ લોકો પશુઓ માટેનું ખાણ-દાણ છોટા ઉદેપુર બજારમાંથી ખરીદી કરી લાવે છે.

**૨) શ્રોફ ફાઉન્ડેશન ફુડ પ્રોસેસિંગ (સીતાફળ) યુનિટ સાથે જોડાયેલા ખેડૂતોનો આર્થિક અભ્યાસ**

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લાના તાલુકાના ગામને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં પાંચ ગામો ખડક્વાડા, મોટીસધલી, કનાશ, સીમલકુવા અને ટુંડાવાનો સમાવેશ થાય છે. આમ આ ગામોમાંથી ૩૦ કુટુંબોની પસંદગી કરવામાં આવેલ છે.

આ અભ્યાસમાં કુટુંબના સભ્યોમાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. તમામ કુટુંબો ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા જોવા મળે છે. કુલ કુટુંબની સંખ્યામાં પુરુષો કરતા સ્ત્રીઓની સંખ્યા વધારે જોવા મળે છે. વિભક્ત કુટુંબપ્રથા વધારે જોવા મળે છે તેમજ BPL આર્થિક દરજ્જો ધરાવનાર કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામમાં જોવા મળતા મકાનોમાં કાચા મકાનનું પ્રમાણ વધારે જોવા મળે છે. લોકો ખેતી સાથે જોડાયેલ છે અને પિયત જમીનનું પ્રમાણ વધારે જોવા મળે છે. આ કુટુંબમાં સ્થળાંતર વધારે જોવા મળે છે. તેઓ કામ માટે જીલ્લા બહાર જતા જોવા મળે છે. કુટુંબમાં શિક્ષણ પાછળ થતાં ખર્ચનું પ્રમાણ ઓછુ જોવા મળે છે જ્યારે વપરાશી ખર્ચમાં વસ્ત્ર અને પગરખા પાછળ થતું ખર્ચ વધારે જોવા મળે છે. તેમની આવકનો મુખ્ય સ્રોત ખેતી જોવા મળે છે.

સીતાફળ સાથે જોડાયેલ હોવાથી તેઓ સીતાફળનું કુદરતી રીતે ઉછેર કરતાં જોવા મળે છે. સીતાફળ શેઢાના પાળા પર અને જંગલ વિસ્તારમાં જોવા મળે છે. દેશી બિયારણનો ઉપયોગ કરે છે. સીતાફળનું બજાર અને સંસ્થામાં વેચાણ કરે છે. ગુણવતા પ્રમાણે ભાવ મળે છે. આ સંસ્થા સાથે જોડાવાથી તેમની આવકમાં વધારો થયો છે અને તેથી તેમના કુટુંબના જીવનધોરણમાં પણ સુધારો જોવા મળે છે.

**૩) શ્રોફ ફાઉન્ડેશનમાં ભરતગુંથણ સંસ્થા સાથે સંકળાયેલ લાભાર્થીનો આર્થિક અભ્યાસ.**

આ અભ્યાસ છોટા ઉદેપુર જીલ્લા અને તાલુકાના પુનીયાવટ, વસેડી, જુડાવાટ, શિમલકુવા ગામને કેન્દ્રમાં રાખી કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં કુલ ૩૨ કુટુંબનો અભ્યાસ કરવામાં આવેલ છે.

અભ્યાસ દરમિયાન જોવા મળ્યું કે, ઉત્તરદાતામાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૧૦૦% વિભક્ત કુટુંબો જોવા મળેલ છે. તેમજ તમામ કુટુંબનો આર્થિક દરજ્જો BPL જોવા મળે છે. બહેનો ભરતકામ સાથે જોડાયેલ છે જ્યારે પુરુષો ખેતી અને અન્ય જગ્યાએ મજુરી માટે કામે જાય છે. ૭૮% કુટુંબો કાચા મકાનો ધરાવે છે. મોટાભાગના કુટુંબની જમીનનું પ્રમાણ ૧ થી ૩ એકર જોવા મળે છે. અને તેમાં પણ બિન પિયત જમીન વધારે છે. આથી ખેતી ચોમાસા આધારિત હોવાથી બાકીના સમયે તેમણે રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે. કુટુંબની ૫૦% થી વધારે આવક ખેતીમાંથી થતી જોવા મળે છે. તેમની જમીનનો પુરતો ઉપયોગ થતો જોવા મળતો નથી કારણ કે પિયતની સુવિધા ઉપલબ્ધ નાં હોવાથી. આ કુટુંબમાં કુલ ખર્ચના ૪૨% ખર્ચ શિક્ષણ પાછળ થતું જોવા મળે છે. ધીમે ધીમે શિક્ષણનું પ્રમાણ વધતું જોવા મળે છે. સૌથી ઓછો ખર્ચ અનાજ પાછળ થાય છે કારણ કે તે પોતાના ખેતરમાં પકવે છે. રોજગારી માટે છોટાઉદેપુરમાં કડીયાકામ, છૂટકમજુરી અને ખેતમજુરી માટે સ્થળાંતર કરતાં જોવા મળે છે.

**4.2.4. બાયફ સંસ્થા (બાયફ સંસ્થાની વાડી યોજના સાથે સંકળાયેલ કુટુંબનો આર્થિક આભ્યાસ**

**૧) બાયફ સંસ્થાની વાડી યોજના સાથે સંકળાયેલ કુટુંબનો આર્થિક આભ્યાસ:**

ડાંગ વિસ્તારમાં 22 કુટુંબનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં ગરીબી અને બેરોજગારી જેવા પ્રશ્નો હોવાથી મોટા ભાગના લોકોનો આર્થિક દરજ્જો ગરીબી રેખા નીચે જોવા મળે છે. સંયુક્ત કુટુંબના બદલે વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. દરેક વ્યક્તિ પોતાની માલિકીનું મકાન ધરાવે છે પરંતુ મોટા ભાગના મકાનો કાચા જોવા મળે છે. ગામમાં ગટર લાઈન જોવા મળતી નથી આ ઉપરાંત ગામમાં કોઈ ખાનગી દવાખાનું કે ખાનગી શાળા પણ જોવા મળતી નથી. ગામમાં પ્રાથમિક શાળા આવેલ છે. ગામમાં વીજળીની સુવિધા ઉપલબ્ધ છે. આવકનું પ્રમાણ જોઈએ તો પસંદ કરેલ કુટુંબો પૈકી ૭૭% કુટુંબોમાંની આવક ૨૦ થી ૩૦ હજાર જોવા મળી હતી જે બહુ ઓછી કહી શકાય. આ વિસ્તારમાં પસંદ કરેલ કુટુંબોમાં દરેક કુટુંબમાં પોતાની જમીન જોવા મળે છે આ ઉપરાંત

તેઓ પશુઓ પણ ધરાવે છે આમ તેઓ ખેતી સાથે પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ જોવા મળે છે. તે લોકો અનાજ માટે બજાર પર આધાર રાખતા નથી. પોતાની જરૂરીયાત મુજબ પોતાના ખેતરમાં પકવે છે આ ઉપરાંત સસ્તા અનાજની દુકાનમાંથી મળતા અનાજનો ઉપયોગ કરે છે. જે કુટુંબનો આર્થિક દરજ્જો સારો છે તે લોકો રસોઈ બનાવવા માટે ગેસનો ઉપયોગ કરે છે જ્યારે મોટા ભાગના કુટુંબોમાં લોકો રસોઈ માટે લાકડાનો ઉપયોગ કરે છે. શિક્ષણ અને તાલીમ પાછળ વાર્ષિક સરેરાશ ખર્ચ ૧૦૦૦૦ ની આજુબાજુ જોવા મળે છે. પરિવહન પાછળ પણ ૧૦૦૦ થી ૫૦૦૦ નો ખર્ચ જોવા મળે છે. બાયફ સસ્થામાં જોડાવા માટેનું માર્ગદર્શન બાયફ સંસ્થાના કર્મચારી દ્વારા મળેલ છે.

**૨) બાયફ સંસ્થા સાથે જોડાયેલ વાડી યોજનાનાં લાભાર્થીનો આર્થિક અભ્યાસ**

આ અભ્યાસ કપરાડા તાલુકાના કપરાડા અને ચંદવેગણ ગામને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. ધરમપુર અને કપરાડા તાલુકાના ૧૬૨ ગામમાં વાડી યોજના કાર્યરત છે. તેના કુલ ૧૭૦૫૮ લાભાર્થીઓ છે. જેમાં કપરાડા ગામના ૧૫ અને ચંદવેગણ ગામના ૧૫ કુટુંબનો અભ્યાસ કરેલ છે. ગામમાં BPL રેશનકાર્ડ ધારકોનું પ્રમાણ વધારે હતું. ૨૫ પૈકી ૧૭ ઉત્તરદાતા એવા હતા જે સ્થાનિક હતા બાકી બહારથી સ્થળાંતર કરી આવેલા હતા. મોટા ભાગના કુટુંબમાં સ્થળાંતર જોવા મળે છે. સ્થળાંતર કરવા માટેનું મુખ્ય કારણ એ હતું કે તેમની પાસે જમીન હતી પરંતુ સિંચાઈની સુવિધા પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હતી આથી ખેતી ચોમાસા આધારિત હોવાથી ચોમાસાના ચાર મહિના જ કામ મળતું હતું બાકીના સમયે તેઓએ રોજગારી માટે બહાર ગામ જવું પડતું હતું. ઘણા લોકો એવા હતા કે જે કપરાડા તાલુકામાં ચાલતી હોટલોમાં રસોઈ બનાવવા માટે જતા તેમજ વાહન ચાલક તરીકે પણ જતા હતા. મોટા ભાગના લોકો તાલુકા અને જીલ્લા બહાર સ્થળાંતર કરતાં હતા. બહાર ગામ જે કામ માટે જતા તેમાં લાકડા કાપવા, બાંધકામ અને ભાંગતોડ માટે જતા હતા. ૧ ટન લાકડા કાપવાની મજુરી ૭૦૦ રૂપિયા મળતી હતી. અને બાંધકામ માટેની મજુરી ૩૦૦ થી ૪૦૦ રૂપિયા મળતી હતી. મોટાભાગના મકાનો અર્ધપાકા અને કાચા જોવા મળે છે. ચંદવેગણ ગામ કરતાં કપરાડામાં આંતરમાળખાકીય સુવિધાઓ વધારે જોવા મળતી હતી. કારણ કપરાડા એ તાલુકાનું સ્થળ હોવાથી. આ વિસ્તારમાં ધીરે ધીરે શિક્ષણનું પ્રમાણ વધતું જોવા મળે છે. જે કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી હોય તે કુટુંબના બાળકો ધરમપુર, વલસાડ, સુરત અને અમદાવાદ સુધી અભ્યાસ માટે જતા જોવા મળે છે. નજીકમાં વાપીમાં ફેકટરીઓ હોવાથી મોટાભાગના વિદ્યાર્થીઓ ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરી આઈ.ટી.આઈ કરી કંપનીમાં કામ માટે જતા રહે છે આથી ઉચ્ચ શિક્ષણમાં જતા વિદ્યાર્થીઓનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે. તમામ પાકોનું ઉત્પાદન તેઓ ઘર વપરાશ માટે કરે છે બહુ ઓછું ઉત્પાદન તેઓ બજારમાં વેચવા માટે મોકલે છે. તેઓ વાડી યોજના સાથે જોડાયેલ હોવાથી કાજુની વાડી, કેરીની વાડી, સીતાફળ અને શાકભાજી કરતાં જોવા મળે છે અને તેમાંથી આવક મેળવે છે. જમીનનું પ્રમાણ જોઈએ તો ૫ થી ૧૦ એકર જમીન ધરાવનાર

૫૦%

જોવા મળ્યા હતા. ખર્ચ વિષયક માહિતી જોઇએ તો તેઓ અનાજ અને શાકભાજી પાછળ બહુ ઓછો ખર્ચ કરતાં અને વસ્ત્ર પગરખા તેમજ સામાજિક ખર્ચનું પ્રમાણ વધારે જોવા મળતું હતું. તેમજ શિક્ષણ પાછળ નહીવત ખર્ચ થતો હતો.

સંસ્થા સાથે જોડાયા પછી ખેડૂતની આર્થિક સ્થિતિમાં પરિવર્તન જોવા મળે છે. ખેડૂતો નાગલી, તુવેર, અડદ, ડાંગર ઉપરાંત કાજુની વાડી, કેરીની વાડી, સીતાફળની વાડી અને શાકભાજીનું વાવેતર કરતાં થયા છે. સંસ્થા તરફથી સુધારેલ બિયારણ મળતું હોવાથી ખેત ઉત્પાદનમાં વધારો થતો જોવા મળે છે. સંસ્થા તરફથી દવાઓ અને ખાતરો સસ્તા ભાવે મળતી હોવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો સામે આવકમાં વધારો થયો છે આથી તેમની આર્થિક પરિસ્થિતિ અને જીવનધોરણમાં સુધારો જોવા મળે છે. સંસ્થા પિયત માટે કુવાઓ અને ચેકડેમ પણ બનાવી આપે છે આથી પિયતમાં વધારો થયો છે જેથી ખેત ઉત્પાદનમાં વધારો થયો છે. આ ઉપરાંત ખેડૂતોને નાણાકીય સહાય મળતી હોવાથી બહારથી વ્યાજે નાણા લેવા પડતા નથી. આમ સંસ્થા સાથે જોડાયા પછી તેમની સ્થિતિમાં સુધારો થતો જોવા મળે છે.

**3) બાયફની I.L.D. યોજનાનો આર્થિક અભ્યાસ**

આ અભ્યાસ તાપી જીલ્લાના સોનગઢ તાલુકાના ગામોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. બોરકુવા, ચકવણ અને ટોકરવા ગામના કુલ ૩૫ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે.

આ સંસ્થામાં જોડાયા પછી કુટુંબને પશુઓ ખરીદવા માટે લોન કે ધિરાણ આપવામાં આવે છે. પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા, ખોરાક, રસીકરણ, દવાઓ, કૃત્રિમ બીજદાન વગેરેની સુવિધાઓ ઓછા વળતરે સંસ્થા તરફથી આપવામાં આવી. તમામ કુટુંબો અનુસુચિત જનજાતિ કુટુંબના જોવા મળે છે. તેમજ APL કરતાં BPL નું પ્રમાણ વધારે જોવા મળે છે. આ કુટુંબમાં સયુક્ત કુટુંબ પ્રથા જોવા મળે છે. ૩૪% કુટુંબોમાં પાકા મકાન જોવા મળ્યા જ્યારે અન્ય કુટુંબ કાચા અને અર્ધપાકા મકાનો જોવા મળ્યા અને તમામ મકાનો વ્યક્તિની પોતાની માલિકીના હતા. સ્થળાંતર કરનાર કુટુંબનું પ્રમાણ ઓછું જોવા મળે છે. મજુરી માટે અથવા કંપનીમાં નોકરી માટે તાલુકા બહાર અને જીલ્લા બહાર સ્થળાંતર કરતાં જોવા મળે છે. આ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન જોવા મળે છે જ્યારે ગૌણ વ્યવસાયમાં મજુરી, નોકરી અને ધંધો જોવા મળે છે. કુટુંબમાં ટેબલ, પંખો, ખુરશી, LPG અને મોબાઈલ જોવા મળે છે. ૩૫ કુટુંબો પૈકી ૨૫ કુટુંબો જમીન ધરાવે છે જ્યારે ૧૦ કુટુંબો પાસે જમીન નથી. જે કુટુંબ પાસે જમીન છે તેમાં પણ બિન પિયત જમીન વધારે જોવા મળે છે. કુટુંબમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે જ્યારે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**4.2 5. આનંદી સંસ્થા**

**૧). આનંદી સંસ્થા ના લાભાર્થીઓનો અભ્યાસ:**

આ અભ્યાસ દાહોદ જીલ્લાના દેવગઢબારિયા તાલુકાના ગામ આંકલી ગામને ધ્યાનમાં

રાખીને કરવામાં આવેલ છે. જેમાં બાગાયતી પાક લેતા અને બિન બાગાયતી પાક લેતા કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. જેમાં ૭ કુટુંબો બાગાયતી પાક સાથે જોડાયેલ અને ૨૫ કુટુંબો બિન બાગાયતી પાક સાથે જોડાયેલ છે. આ કુટુંબો આનંદી સંસ્થાનાં માર્ગદર્શન હેઠળ બાગાયતી પાક હેઠળ જોડાયેલ છે. ૩૨ કુટુંબોનો અભ્યાસ કર્યો જેના મુખ્ય તારણો નીચે મૂજબ જોવા મળે છે.

પસંદ કરેલ કુટુંબો પૈકી BPL કુટુંબનું પ્રમાણ વધુ જોવા મળે છે. ૩૨ કુટુંબો પૈકી ૩૦ કુટુંબોમાં સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળે છે. પસંદ કરેલ ઉત્તરદાતાઓમાં છેલ્લા પાંચ વર્ષમાં સ્થળાંતરનું પ્રમાણ ૭૧% જોવા મળે છે. લોકો ગામમાંથી જીલ્લા બહાર સ્થળાંતર કરતાં હોય તેનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૯૩% કુટુંબો પોતાની માલિકી ધરાવે છે. મોટાભાગના કુટુંબો અર્ધપાકા મકાનો ધરાવે છે. ગામમાં પાકા રસ્તા, વિજળી, પ્રાથમિક શાળા, વાહન વ્યવહારની સુવિધા અને પીવાનું પાણી વગેરે માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થાય છે. કુટુંબની સભ્ય સંખ્યા વધારે જોવા મળે છે. કુટુંબમાં જીવન જરૂરીયાતની વસ્તુઓ જોવા મળે છે જ્યારે મનોરંજનની વસ્તુઓનો અભાવ જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે જ્યારે માધ્યમિક શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આગળ અભ્યાસ નાં કરવા માટે સામાજિક કારણો સૌથી વધુ જવાબદાર છે. કુટુંબની આવકમાં ૧ લાખથી નીચેની આવક હોય તેવાં કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૧૦ વિઘા સુધી જમીનનું પ્રમાણ વધારે જોવા મળે છે જ્યારે તેનાથી વધારે જમીન ધરાવનારનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ અભ્યાસ દ્વારા એવું જાણવા મળ્યું કે ગામમાં સામાજિક પ્રસંગો પાછળ વધુ ખર્ચ થતું જોવા મળે છે.

**૨). આનંદી સંસ્થા દ્વારા કાર્યાન્વિત સર્વાંગી વિકાસ પ્રોજેક્ટ હેઠળ પિયત મંડળીના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ**

આ અભ્યાસમાં ૨ ગામની પસંદગી કરવામાં આવી છે રૂપારેલ અને ખાંડનિયા. જેમાં કુલ 41 કુટુંબોની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં રૂપારેલ ગામના ૨૮ અને ખાંડનિયા ગામના ૧૩ કુટુંબની પસંદગી કરવામાં આવેલ છે.

આ અભ્યાસના મુખ્ય તારણો જોઈએ તો પસંદ કરેલ કુટુંબમાં ૮૭% કુટુંબો BPL આર્થિક દરજ્જો ધરાવે છે. સયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. આ વિસ્તારમાં સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળે છે  જેમાં પસંદ કરેલ કુટુંબમાં ૯૦% કુટુંબમાં સ્થળાંતર જોવા મળે છે. સ્થળાંતર માટેનું મુખ્ય કારણ એ છે કે ગામમાં પુરતા પ્રમાણમાં રોજગારી મળતી નથી. સ્થળાંતર કરે છે તે કુટુંબનાં બધા સભ્યો સ્થળાંતર કરતાં નથી પરંતુ જે કમાય શકે તેવા ૧ થી ૨ સભ્યો કામ માટે સ્થળાંતર કરે છે. તેઓ મોટાભાગે તાલુકા બહાર સ્થળાંતર કરતાં જોવા મળે છે. પસંગ કરેલ કુટુંબો પૈકી 82% કુટુંબના મકાનો અર્ધપાકા જોવા મળે છે. કુટુંબમાં જરૂરી સુવિધા માટેનાં સાધનો પુરતા પ્રમાણમાં જોવા મળે છે જ્યારે LPG ગેસ, T.V. અને ફ્રીજ જેવા સાધનો ઓછા પ્રમાણમાં જોવા મળે છે. કુટુંબમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે જ્યારે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણનું

પ્રમાણ ઓછું જોવા મળે છે. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે પરંતુ આ ઉપરાંત મોટા ભાગના કુટુંબો મજુરી કરતાં જોવા મળે છે. જમીન તમામ કુટુંબો પાસે છે જેમાં ૧ થી ૬ વિઘા જેટલું જમીન કાદ જોવા મળે છે. તેમજ ૫૦ % થી વધારે જમીન પિયત જોવા મળે છે જ્યારે બિન પિયત જમીનનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ખેતીમાં વાવેતર થતાં બિયારણોમાં દેશી બિયારણોનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય છે તેથી તેમની ઉત્પાદકતા નીચી જોવા મળે છે. હાઈબ્રીડ અને સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરતાં કુટુંબોનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

પિયત મંડળીના લીધે તેઓ જે એક સિઝનમાં ખેતી કરતાં તેના બદલે ૨ સીઝન ખેતી કરતાં થયા છે અને ૩ સીઝન ખેતી કરતાં કુટુંબોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. પિયત મંડળીના કારણે તેમના ખેતરમાં ઉત્પાદનનું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત જરૂરી ઉત્પાદન કરતાં વધારાનું ઉત્પાદનનું તેઓ બજારમાં વેચાણ કરે છે. જે લોકો માત્ર ચોમાસામાં ખેતી કરતાં તેઓ શિયાળામાં અને ઉનાળામાં પણ ખેતી કરતાં થયા છે. આમ સિંચાઈ મંડળી સાથે જોડાવાથી તેમના ખેત ઉત્પાદનમાં વધારો થયો છે કારણ મંડળી સાથે જોડાયા પછી સેન્દ્રીય ખાતર અને હાઈબ્રીડ બિયારણનો ઉપયોગ કરતાં થયા છે.

## ૩) આનંદી સંસ્થા દ્વારા કાર્યાન્વિત બિયારણ બેન્કના લાભાર્થીનો આર્થિક અભ્યાસ
(દાહોદ જીલ્લાના દેવગઢબારિયા તાલુકાના પાસિયાસાલ ગામને કેન્દ્રમાં રાખીને)

આ અભ્યાસમાં પાસિયાસાલ ગામના ૨૦ કુટુંબો કે જે બિયારણ બેંક સાથે જોડાયેલ છે તેવા કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. ગામમાં BPL આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબનું પ્રમાણ ૭૫% જોવા મળ્યું હતું. ગામમાં ગરીબીનું પ્રમાણ વધારે જોવા મળેલ હતું. ગામમાં સ્થળાંતરનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. માત્ર ૩ કુટુંબોને બાદ કરતાં તમામા કુટુંબોમાં સ્થળાંતર થતું જોવા મળે છે. તેમાં પુરુષો મોટા ભાગે સ્થળાંતર કરે છે સ્ત્રીઓ બાળકોની સાચવે છે તેમજ વન પેદાશો લાવી તેનું વેચાણ કરી આવક મેળવે છે. તેઓ જંગલમાંથી વનપેદાશો મેળવી તેનું છૂટક વેપારીઓ પાસે વેચાણ કરે છે. વન પેદાશોમાં ખેરનો ગુંદર, ધાવડાનો ગુંદર, બાવળીયાનો ગુંદર, તલશી, લાકડાં, ગરમાળાની સીંગો વગરે. સ્થળાંતર માટેનું મુખ્ય કારણ એ છે કે તેમની પાસે જમીનનું પ્રમાણ ઓછું જોવા મળે છે અને જેટલી જમીન છે તેમાં પણ પિયતની સુવિધા જોવા મળતી નથી આથી પુરતા દિવસો તેમને ખેતીમાંથી કામ મળતું નથી જેથી ખેતીનું કામ પૂરું થતાં પુરુષ સભ્યો બહાર ગામ અથવા શહેરમાં કામ માટે સ્થળાંતર કરતાં જોવા મળે છે. જેમાં મુખ્યત્વે કડીયાકામ, સેન્ટીંગ કામ, ખેતીકામ અને કંપનીઓમાં કામ કરે છે. ગામમાં મોટા ભાગના કુટુંબના મકાનો કાચા અને અર્ધપાકા જોવા મળેલ છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે તેમાં પણ છોકરાઓ કરતાં છોકરીઓમાં ઓછું જોવા મળે છે. છોકરીઓ મોટાભાગે ગામમાં જ્યાં સુધી શાળા હોય ત્યાં સુધી ભણે છે પછી ઘરકામ અને ખેતી કામમાં જોડાય જાય છે. છોકરાઓ પણ ઉચ્ચ અભ્યાસમાં ઓછા જોવા મળે છે જેમાં મુખ્ય કારણ એ હતું કે કુટુંબની આર્થિક

પરિસ્થિતિ નબળી હોવાથે તેઓ પોતાના બાળકોને આગળ અભ્યાસ માટે મોકલી શકતા ના હતા. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે અને કુટુંબની આવકનો મુખ્ય સ્ત્રોત ખેતી છે. ગૌણ વ્યવસાયમાં જોઈએ તો હોટેલમાં કામ કરવા જતા લોકોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. કુટુંબ પાસે જમીનનું પ્રમાણ ૧૦ વીઘાથી ઓછું જોવા મળે છે. તેમજ પિયતની સુવિધા ખુબ માર્યાદિત હતી કારણ કે જમીન ટેકરાવાળી હોવાથી સિંચાઈની સુવિધા ઓછી હતી. કુટુંબની ખર્ચ વિષયક માહિતી તે લોકો જોડે નહોતી. પણ વાતચીત કરતાં જાણવા મળ્યું કે તેમની મોટાભાગની આવક ખર્ચ થઇ જતી હતી. તેમાં પણ શિક્ષણ પાછળ બહુ ઓછો ખર્ચ થતો જોવા મળે છે. જ્યારે સામાજિક ખર્ચનું પ્રમાણ વધારે હોય એવું જાણવા મળ્યું.

આનંદી સંસ્થા સાથે તેઓ તેની સ્થાપનાથી જોડાયેલ છે. આનંદી સંસ્થા સાથે જોડાયા પછી બહેનો પોતે પગભર થઇ છે. બેંક બિયારણ સંસ્થા પાસેથી બિયારણ મેળવી પોતાના ખેતરમાં વાવેતર કરી ખેત ઉત્પાદનમાં વધારો થયેલ જોવા મળ્યો છે. સંસ્થા દ્વારા વર્મીકમ્પોસ્ટ બનાવવામાં આવે છે અને તે ખેડૂતોમાં વિતરણ કરવામાં આવે છે જેથી તેમના ઉત્પાદનમાં વધારો થયો છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા કુવાઓ અને ચેકડેમ બનાવી આપ્યા છે જેથી પિયતની સુવિધા ઉપલબ્ધ થતાં ઉત્પાદન વધ્યું છે. આમ ઉત્પાદન વધતાં તેમની આવક વધી છે અને આવક વધતા શિક્ષણનું પ્રમાણ વધ્યું છે તેમજ તેમના જીવનધોરણમાં સુધારો થયો છે.

### ૪) આનંદી સંસ્થા દ્વારા સર્વાંગી વિકાસ પ્રોજેક્ટ હેઠળ વરસાદી પાણીના સંગ્રહણ ટાંકાના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ.

આ અભ્યાસ દાહોદ જીલ્લાના દેવગઢબારિયા તાલુકાના અને પંચમહાલ જીલ્લાનાના ઘોઘંબા તાલુકાના ૬ ગામોને કેન્દ્રમાં રાખીને છે.

આ અભ્યાસમાં દેવગઢ બારિયા તાલુકાના ૧૧ કુટુંબો અને ઘોઘંબા તાલુકાના ૨૧ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. પસંદ કરેલ ૬ ગામો(ગલીબીલી, આમલી પાણી છોતરા, કાશટિયા, મુલ્લાકુવા, નાથકુવા અને ખરખડી) છે. આ અભ્યાસમાં નીચેના તારણો જાણવા મળ્યા. પસંદ કરેલ કુટુંબોમાં BPL કુટુંબો ૭૯% જોવા મળે છે. આ વિસ્તારમાં સયુક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. કુટુંબોમાં સ્થળાંતરનું પ્રમાણ વધારે જોવા મળે છે. જે કુટુંબમાં સ્થળાંતર જોવા મળે છે તેના કુટુંબના બધા જ સભ્યો નહિ પરંતુ ૧/૨ સભ્યો સ્થળાંતર કરતાં જોવા મળે છે. જે લોકો રોજગારી માટે બહાર જાય છે તેમાંથી મોટા ભાગના લોકો સૌરાષ્ટ્ર અને સુરતમાં કામ માટે જાય છે. વડોદરામાં જતા લોકોનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે. ૭૮% કુટુંબો એવા જે પોતાનું મકાન કાચું ધરાવે છે. બહુ ઓછા કુટુંબો છે જે પાકું આવાસ ધરાવે છે. ૫૦% કુટુંબો એવા છે જેમને GFL કંપનીના લીધે જમીનનો બગાડ અને ટેકરાવાળી જમીનના લીધે યોગ્ય પીવાનું પાણી મળતું નથી. કુટુંબમાં મોબાઈલ જોવા મળે છે પરંતુ અન્ય મોઘી ચીજ વસ્તુઓ અને ભૌતિક સુખ

સગવડની વસ્તુઓનો અભાવ જોવા મળે છે. શિક્ષણમાં જોઈએ તો નિરક્ષર અને પ્રાથમિક શિક્ષણ મેળવેલ વધારે જોવા મળે છે જ્યારે ઉચ્ચ શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ ઓછું જોવા મળે છે. ઓછું શિક્ષણ મેળવવું તેમજ વચ્ચેથી અભ્યાસ છોડી દેવો તે માટેનું મુખ્ય કારણ એ જાણવા મળ્યું કે તેમની આર્થિક પરિસ્થિતિ સારી નાં હતી. તે લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે અને ખેતી સિવાય ગૌણ વ્યવસાયમાં મોટાભાગના લોકો મજુરી કરતાં જોવા મળે છે. જમીનનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે. ૫૦% વધારે કુટુંબો માત્ર ૧ થી ૨ વિઘા જમીન ધરાવે છે. ઓછી જમીન અને તેમાં પણ બિન પિયત જમીન ધરાવે છે. તે લોકો પાસે ખર્ચ અંગેની માહિતી ઉપલબ્ધ નાં હતી પરંતુ અંદાજીત તેઓ ૫ હજારથી વધારે છે એવું જાણવા મળ્યું. પોતાની જરૂરીયાત માટેનું અનાજ અને શાકભાજી તેઓ જાતે ઉત્પાદન કરે છે. તેમની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે. વરસાદી ટાંકા જે બહેનોને મળેલ છે તેમાંથી ૫૫% સગર્ભા બહેનો છે. જેમને ટાંકા બનાવવાથી પાણીની સુવિધા ઉપલબ્ધ થઇ અને સમયનો બચાવ થયો.

### 4.2.6. સર્વોદય સંસ્થા (બંધપાળા અને લેવલીંગ યોજનાના લાભાર્થીનો આર્થિક અભ્યાસ)

૧) આ અભ્યાસ વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકાના ચવરા અને પૈખેડ ગામને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યો છે. જેમાં કુલ ૩૮ કુટુંબની મુલાકાત લેવામાં આવી છે. જેમાં ચવરા ગામના ૨૪ અને પૈખેડા ગામની ૧૪ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવેલ છે.
આ અભ્યાસમાં જે કુટુંબો પસંદ કરવામાં આવેલ છે તેમાંથી BPL કુટુંબનું પ્રમાણ વધારે છે. તમામ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે આ ઉપરાંત અન્ય વ્યવસાય સાથે પણ જોડાયેલ જોવા મળે છે જેમાં દુકાનો ચલાવવી, વાહન ચલાવવું વગેરે. આ ઉપરાંત છૂટક મજુરીનું પ્રમાણ વધુ જોવા મળે છે. જે પણ કુટુંબના વડાની મુલાકાત લીધી અથવા જે પણ ઉત્તર આપનાર ઉત્તરદાતા છે તેમાંથી ૫૦% ઉત્તરદાતા અભણ જોવા મળે છે. જ્યારે માધ્યમિક શિક્ષણનું પ્રમાણ બહુ ઓછું જોવા મળે છે જે માત્ર ૫% જ જોવા મળે છે. કુટુંબમાં સયુક્ત કુટુંબનું પ્રમાણ વધુ જોવા મળે છે. ઘરમાં ભૌતિક સુખ સુવિધાની વસ્તુનું પ્રમાણ ઓછું જોવા મળે છે. મકાનના સંદર્ભમાં જોઈએ તો કુટુંબના મોટાભાગના મકાનો અર્ધપાકા જોવા મળે છે. કુટુંબના સભ્યોની વાર્ષિક આવક બહુ ઓછી જોવા મળે છે. કુટુંબમાં અનાજ અને કઠોળ પાછળ થતાં ખર્ચ કરતાં સામાજિક પ્રસંગ પાછળ થતાં ખર્ચનું પ્રમાણ વધુ જોવા મળે છે.

### ૨) સર્વોદય સંસ્થાના બંધપાળા અને જમીન સમથળનાં લાભાર્થી કુટુંબોનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકાના બે ગામ (ચૌવરા અને પૈખેડા)ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાંથી ૫૦ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. તમામ

કુટુંબો અનુસુચિત જનજાતિના જોવા મળે છે. તેમજ વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૯૦% કુટુંબો એવા છે જે BPL રેશનકાર્ડ ધરાવે છે. આ કુટુંબમાં સ્થળાંતરનું પ્રમાણ વધારે જોવા મળે છે જેમાં ૯૪% કુટુંબો એવા છે જે ૫ વર્ષથી સ્થળાંતર કરતાં જોવા મળે છે. જમીનનું પ્રમાણ જોઈએ તો ૯૦% કુટુંબો એવા છે જેમની પાસે ૧ થી ૧૫ વિઘા સુધી જમીન ધરાવે છે. ૭૦% કુટુંબો એવા છે જેમના મકાનો અર્ધપાકા જોવા મળે છે. ૧૦% કુટુંબો એવા છે જેઓ પાકા મકાનો ધરાવે છે. બાકીના કુટુંબો કાચા મકાન ધરાવે છે. ૬૪% ઉત્તરદાતા અભણ જોવા મળે છે. કુટુંબની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે અને ગૌણ આવકનો સ્રોત મજુરી છે. તેમજ છૂટક મજુરીમાંથી વધારે આવક પ્રાપ્ત થતી જોવા મળે છે. અન્ય ખર્ચની સરખામણીમાં શિક્ષણ પાછળ નહીવત ખર્ચ થતું જોવા મળે છે. વપરાશી વસ્તુઓ પાછળ વધારે ખર્ચ થતું જોવા મળે છે.

### 4.2.7. મિશન મંગલમ યોજના અંતર્ગત સખીમંડળની લાભાર્થી મહિલાઓનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ ડાંગ જીલ્લાના આહવા તાલુકાનાં માહાલપાડાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં કુલ 22 કુટુંબની મુલાકાત લેવામાં આવેલ છે. જેમાં ૧૨ કુટુંબો આહવા તાલુકાના પટેલ પાડા ફળિયાના અને ૧૦ કુટુંબો મહાલપાડા ગામના જોવા મળે છે. આ કુટુંબમાંથી ૧૨ કુટુંબો એવા હતા જે APL રેશનકાર્ડ ધારક હતા. ૧ કુટુંબને બાદ કરતાં તમામ કુટુંબો વિભક્ત જોવા મળે છે. ૬ કુટુંબો એવા હતા જેઓ સ્થળાંતર કરતાં હતા. કુટુંબના મુખ્ય વડા કે જે ઉત્તરદાતા છે તેમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. કૌટુંબિક બાબતોમાં શિક્ષણ જોઈએ તો પુરુષો કરતાં સ્ત્રીઓમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. મોટાભાગની જમીન બિન પિયત જોવા મળે છે. અર્ધપાકા મકાનોનું પ્રમાણ વધારે જોવા મળે છે. તેઓ પાસે સાયકલ, મોટર સાયકલ અને મોબાઈલનું પ્રમાણ વધુ જોવા મળે છે. અનાજ અને કઠોળ પાછળ ઓછું ખર્ચ કરે છે જ્યારે શિક્ષણ અને સામાજિક ખર્ચ વધારે જોવા મળે છે. આ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે જ્યારે ગૌણ વ્યવસાયમાં તેઓ સખી મંડળની કેન્ટીન ચલાવે છે. કુટુંબનું માસિક ખર્ચ ૫ થી ૬ હજાર જોવા મળે છે. મહિલા સખી મંડળમાં જોડાયા પહેલા મોટાભાગના લોકો ઘરકામ અને જંગલમાંથી લાકડા કાપી લાવતા તેમજ બિન ખેતી ક્ષેત્રે રોકાયેલા હતા.

### 4.2.8. સેવાધામ ટ્રસ્ટની નાગલીની બનાવટો તથા મશરૂમ ખેતીના લાભાર્થી કુટુંબોનો આર્થિક અભ્યાસ

આ અભ્યાસ ડાંગ જીલ્લાના આહવા અને સુબીર તાલુકાના ૩ ગામોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. ૩ ગામો જેમાં મુલચોંડ ગામમાંથી ૧૨ કુટુંબો, જામન્યા ગામમાંથી ૧૧ કુટુંબો અને ધવલીદોડ ગામમાંથી ૧૧ કુટુંબો આમ કુલ ૩૪ કુટુંબોનો અભ્યાસ

કરવામાં આવેલ છે.

પસંદ કરેલ કુટુંબમાંથી BPL આર્થિક વર્ગ ધરાવનાર કુટુંબનું પ્રમાણ વધારે છે. કુટુંબની આવક જોઈએ તો સંસ્થા દ્વારા જે નોકરીમાંથી આવક મળે છે તેમજ ખેતી, પશુપાલન અને છૂટક મજુરી દ્વારા આવક પ્રાપ્ત કરે છે. મહિલાઓ દ્વારા જે આવક મળે છે તે મોટા ભાગે અનાજ પાછળ થતાં ખર્ચ અને મોજ શોખની વસ્તુઓ પાછળ જ વપરાય જાય છે. ખેતીમાંથી મળતી આવકનું પ્રમાણ વધારે છે. સંસ્થામાં જોડાયા પછી તેમના જીવનધોરણમાં થોડા અંશે સુધારો થયો છે. તેમના મકાનોનું પ્રમાણ કાચું વધારે જોવા મળે છે જ્યારે પાકા મકાનો બહુ ઓછા જોવા મળે છે.

### 4.2.9. ફુડ પ્રોસેસિંગ કેરી યુનિટ સાથે જોડાયેલ ખેડૂતોનો આર્થિક અભ્યાસ

૧) આ અભ્યાસ છોટાઉદેપુર જીલ્લા અને તાલુકાના ગામોને કેન્દ્રમાં રાખીને છે. આ અભ્યાસમાં કુલ ૩૫ કુટુંબોનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેની મુખ્ય બાબતો આ મુજબ છે. પસંદ કરેલ કુટુંબમાં વિભક્ત કુટુંબનું પ્રમાણ વધુ જોવા મળે છે. BPL રેશનકાર્ડ ધારકોનું પ્રમાણ વધુ જોવા મળે છે. શિક્ષણ જોઈએ તો સ્ત્રીઓ કરતાં પુરુષોમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. પસંદ કરેલ કુટુંબોમાં પાકા મકાનોનું પ્રમાણ વધુ જોવા મળે છે જ્યારે અર્ધપાકા અને કાચા મકાનોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ કુટુંબમાં મોટાભાગના કુટુંબો સ્થળાંતર કરતાં જોવા મળે ચી જેમાં તેઓ તાલુકા બહાર વધારે જતા જોવા મળે છે. ભૌતિક સુખ સગવડની વસ્તુઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કુટુંબની માથાદીઠ આવક ૫ હજારથી વધારે જોવા મળે છે. જમીન ધરાવે છે પરંતુ તેમાં પિયતની સુવિધા ઉપલબ્ધ નથી. વપરાશી ખર્ચમાં તેઓ કાપડ અને પગરખા પાછળ વધુ ખર્ચ થતું જોવા મળે છે.

૨) આ અભ્યાસ છોટાઉદેપુર જીલ્લા અને તાલુકાના ગામોને કેન્દ્રમાં રાખીને છે. જેમાં કુલ ૩૫ કુટુંબનો અભ્યાસ કરેલ છે. પસંદ કરેલ કુટુંબોમાં મોટાભાગના કુટુંબો અનુસુચિત જનજાતિનાં જોવા મળે છે. જેમાં આર્થિક રીતે પછાત કુટુંબોનો જોવા મળે છે. પસંદ કરેલ કુટુંબમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણમાં પણ પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. પાકા અને અર્ધપાકા મકાનો ઓછા જોવા મળે છે જ્યારે કાચા મકાનોનું પ્રમાણ વધુ જોવા મળે છે. મકાનો પોતાની માલિકીના જોવા મળે છે. આ કુટુંબોમાં સ્થળાંતરનું પ્રમાણ ઓછું જોવા મળે છે. અનાજ અને કઠોળ પાછળ ઓછુ ખર્ચ જોવા મળે છે કારણ તે પોતે ઉત્પાદન કરે છે જ્યારે વપરાશી ખર્ચ વધુ જોવા મળે છે.

### 4.2.10. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (વઘઈ) દ્વારા કાર્યાન્વિત યોજનાનો આર્થિક અભ્યાસ

૧) આ અભ્યાસ ડાંગ જીલ્લાના સુબીર તાલુકાના ખાંભલા, આમસરપાડા અને બીજુરપાડા ગામને કેન્દ્રમાં રાખી કરવામાં આવેલ છે. જેમાં ૨૭ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. પસંદ કરેલ કુટુંબ પૈકી 22 કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. કુટુંબના સભ્યોમાં પુરુષો

કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. વિભક્ત કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. આ કુટુંબમાં સ્થળાંતરનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ૨૭ કુટુંબો પૈકી ૧૫ કુટુંબો એવા છે જે પાકું મકાન ધરાવે છે આમ BPL કુટુંબો હોવા છતાં પાકા મકાનનું પ્રમાણ વધારે જોવા મળે છે. કુટુંબમાં ભૌતિક સુખ સગવડની વસ્તુઓમાં મોબાઈલ. ટી.વી., ટેબલ ખુરશી, મોટર સાયકલ વગરે વધારે જોવા મળે છે જ્યારે ફ્રિજ અને કમ્પ્યુટર જેવી વસ્તુઓ ઓછી જોવા મળે છે. ૧૪ થી ૩૫ વર્ષની વય જૂથમાં શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે. તમામ કુટુંબો પાસે જમીન જોવા મળે છે અને પિયતની સુવિધા ઉપલબ્ધ જોવા મળે છે. દરેક કુટુંબનું માસિક ખર્ચ ૫ થી ૬ હજાર જોવા મળે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સાથે જોડાયા પહેલા પણ ખેતી જ કરતાં અને જોડાયા પછી પણ ખેતી જ કરે છે પરંતુ તેમાં જોડાયા બાદ તેમના જીવનધોરણમાં સુધારો જોવા મળે છે.

**૨) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર(વઘઈ) દ્વારા કાર્યાન્વિત યોજનાનો આર્થિક અભ્યાસ**

આ અભ્યાસ ડાંગ જીલ્લાના આહવા તાલુકાના મોટાચર્યા અને લહાન્ચાર્ય ગામને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૯ કુટુંબો પસંદ કરવામાં આવેલ છે. ગામમાં BPL કુટુંબનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળે છે. તેમની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે. કુટુંબમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે જ્યારે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કુટુંબમાં વરાશી વસ્તુઓ પાછળ વધારે ખર્ચ જોવા મળે છે તેમજ સામાજિક પ્રસંગો પાછળ પણ વધારે ખર્ચ જોવા મળે છે અન્ય ખર્ચની તુલનામાં શિક્ષણ પાછળ નહીવત ખર્ચ થતું જોવા મળે છે. મોટાભાગના કુટુંબો જમીન ધરાવે છે પરંતુ બિન પિયત જમીનનું પ્રમાણ વધારે જોવા મળે છે.

**4.3 યુનિવર્સિટી જગત અને નવી પેઢીની પ્રેરણા: ગૂજરાત વિધ્યાપીઠ પ્રેરિત ગ્રામશિલ્પી કાર્યક્રમ:**

સાંપ્રત સમયમાં આપણે ઈચ્છીએ કે નાં ઇચ્છીએ પરંતુ ગામડું એ ‘વિશ્વ ગ્રામ’ બની ચૂક્યું છે. બદલાયેલા સમયમાં જે પડકારો, અવરોધો અને સ્થિતિ ઉભી થઇ છે તે સંદર્ભમાં ગ્રામ સ્વરાજ, સ્વાવલંબન અને ગ્રામ વિકાસની વિભાવના અને અમલીકરણની પદ્ધતિમાં બદલાવ એ અનિવાર્ય છે. યુગધર્મ જેવા આ કાગ્રામશિલ્પીને  વ્યાપક ક્ષેત્રે પાર પાડવા નવી સમજણ, નવી કુશળતા કે સજ્જતાવાળા કર્મશીલ અને નિષ્ઠાવાન સ્નાતકો-યુવકો ગ્રામ કક્ષાએ લોકો માટે, લોકો સાથે અને લોકો વચ્ચે રહીને કામ કરે એ ખૂબ જરૂરી છે. આ જરૂરીયાત સમજી-પારખીને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ દ્વારા ગ્રામશિલ્પી યોજના તૈયાર કરવામાં આવી છે.

**ગ્રામશિલ્પી કાર્યક્રમનું ધ્યેય:**

વિકાસનો નાનામાં નાનો એકમ ગામડું છે. વિકાસનું ટકાઉપણું તેની દિશા, તરાહ અને અમલીકરણ પર છે. આ માટે વૈશ્વિક પરિપેક્ષમાં ગામના તળપદા આયોજન કરી પ્રકૃતિની

ખીલવણી સાથે માનવીનો વિકાસ કરવા સક્ષમ એવી હરોળ ઊભી કરવી.

**ગ્રામશિલ્પી કાર્યક્રમના હેતુઓ:**

૧. એકવીસમી સદીમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા પ્રસ્થાપિત થાય તેવા ગ્રામીણ ગુજરાતના નવનિર્માણનું મોડેલ ઊભું કરવું.

૨. સ્નાતકો/અનુસ્નાતકોને ટકાઉ વિકાસ માટેના જ્ઞાન, કુશળતા, નિષ્ઠા અને સમજણ વિકસે તે માટે સક્ષમ બનાવવા.

૩. આ ગ્રામાભિમુખ કાર્યકરો ગુજરાતના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય દ્રષ્ટીએ જરૂરીયાતવાળા કાર્યક્ષેત્રનાં ગામોમાં રહીને ઈચ્છીત પરિવર્તન માટે કામ કરે તે દરમિયાન સમર્થન પૂરું પાડવું.

૪. ગુજરાતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, કર્મશીલો અને સલગ્ન સરકારી વિભાગોના નેટવર્ક દ્વારા આ વિચારની સ્વીકૃતિ અને પ્રચાર-પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા.

**ગ્રામશિલ્પી કાર્યક્રમનો અભિગમ અને પદ્ધતિ:**

- ગામની પસંદગી ગ્રામશિલ્પી દ્વારા
- કામની પસંદગી ગામ લોકો દ્વારા
- કુદરતી સ્રોતો આધારિત કાર્યક્રમો
- લોકોનું અને ગ્રામશિલ્પીનું જરૂરિયાત આધારિત ક્ષમતાવર્ધન
- ગ્રામજનોની પહેલ આધારિત કાર્યક્રમ
- ગ્રામશિલ્પીની અનુકરણીય જીવનશૈલી

**ગ્રામશિલ્પી પરિચય (ખોબા ગામ,ધરમપુર, વલસાડ ખાતે કાર્યરત શ્રી નીલંભાઈ પટેલ નો કિસ્સો)** :

આમ તો શ્રી નિલમભાઈ ગ્રામશિલ્પીનું જન્મ સ્થળ વલસાડ જીલ્લાનું ગુંદલાવ ગામ, સ્નાતક પછીના અભ્યાસ માટે મેં ગૂજરાત વિદ્યાપીઠના અર્થશાસ્ત્ર વિભાગમાં પ્રવેશ મેળવ્યો. અભ્યાસ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા કેટલાક કાર્યક્રમોમાં ભાગ લેતો અને ગ્રામીણ વિકાસના વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બનતા , તેના વિશે વધુને વધુ જાણવાનો પ્રયાસ કરતાં.

ગ્રામશિલ્પીના સંપૂર્ણ વિચારોનું ઘડતર ગૂજરાત વિદ્યાપીઠની છાત્રાલય પ્રવૃતિઓ, પરિસરનું વાતાવરણ, પુસ્તકાલય વગેરેથી થયું. આથી એક નવા ગ્રામશિલ્પીના પંથે ગ્રામશિલ્પીને દોરી જનાર ગૂજરાત વિદ્યાપીઠની ભૂમિને હું ગ્રામશિલ્પીની પ્રેરણા ભૂમિ માનું છું.

ગ્રામશિલ્પીના પરિવારમાં પાંચ સભ્યો. પિતાજીને એમ હતું કે દિકરો અનુસ્નાતક થયા પછી નોકરી કરશે અને ઘરની જવાબદારીઓ સંભાળી લેશે. જો કે ગ્રામશિલ્પી કાર્યક્રમે ગ્રામશિલ્પીની જીવનની તરાહ જ બદલી નાખી. આ કાર્યક્રમમાં જોડાયા બાદ ગ્રામીણ

ધરતીને જ ગ્રામશિલ્પીની કર્મભૂમિ બનાવી અને ગ્રામીણ વિકાસને જ પોતાનું લક્ષ્ય બનાવ્યું. આ સાથે જ કાયમી ગામડે વસવાટનો નિર્ણય કર્યો, જેના કારણે પરિવાર સાથેના સબંધોમાં થોડી ઓટ પણ આવી.

તેમ છતાં પોતાના લક્ષ્ય અને કાર્યને વળગી રહી ધરમપુર તાલુકાના મહારાષ્ટ્રની સરહદે આવેલા ખોબા ગામમાં રહી ગ્રામ સ્વરાજ, ગ્રામાભિમુખ સમાજવ્યવસ્થા માટે છેલ્લા બે વર્ષથી મથામણ કરી રહ્યા છે .

**ગ્રામશિલ્પી તરીકે કરેલ પ્રવૃતિઓ:**

- શિક્ષણથી વંચિત એક થી છ ધોરણનાં બાળકો સાથે શૈક્ષણિક પ્રવૃતિઓ. (૬૮ બાળકો)
- છાત્રાલયમાં રહેતા ૧૭ બાળકો માટે અનાજની વ્યવસ્થા.
- વૃક્ષારોપણ અને તેનું જતન. (૧૨૨- વૃક્ષો-સાગ, વાંસ, સાદડ, રતનજયોત, સીતાફળ, જામફળ, બદામ, ફણસ વગેરે).
- પર્યાવરણના વિવિધ પાસાંઓની લોકોમાં જાગૃતિ માટેના કાર્યક્રમો, જેમ કે પોસ્ટર પ્રદર્શન, શેરી નાટકો, યુવા શિબિર વગેરે.
- રાજ્યભરમાંથી સોએક યુવાનોને સાથે લઇ યુવાજૂથની રચના કરી. તેઓ સ્વૈચ્છિક રીતે સમાજસેવાના કાર્યો કરે છે.
- ગામમાં મહિલા મંડળની રચના (૧૮ બહેનો), જેમાં ગૃહ ઉધોગ માટેના પ્રયત્નો અને નાણાકીય બચત.
- ગામના તમામ સભ્યો દારૂથી દૂર રહે તે માટે દારૂથી થતાં ગેરફાયદા વિશેની સમજણ ખોબા ગામ ઉપરાંત અન્ય ગામોમાં પણ આવે તેવા પ્રયાસો. ( બાળકો દ્વારા શેરી નાટક અને યુવાન દ્વારા વ્યસન મુક્તાર્થીના ઘરે ગૃહ નિવાસ)

**અન્ય પ્રવૃતિઓ:**

- આરોગ્ય કેમ્પમાં સહયોગ.
- યુવાનોમાં કૌશલ્ય વિકાસ અને એઇડ્સ તથા અન્ય રોગો વિશેની જાણકારી.
- ગામ લોકોમાં એકતા રહે તે માટે “સદ્ભાવના ઓટલા” નું નિર્માણ.
- બાળકોમાં શિક્ષણ અને સર્જનાત્મકતા વિકસે તે માટેના વિવિધ પ્રયોગો તથા વિવિધ પ્રવૃતિઓ જેવી કે પોસ્ટ કાર્ડ બનાવવા, વાંસમાંથી રમકડા બનાવવા, વિવિધ રમતો, પર્યાવરણમાંથી ગણિત શિખવવું વગેરે.
- લીલા શાકબાજી માટે બિયારણ વિતરણ. જેમાં વાલોળ, ચોળી, ટામેટાં, ગુવાર જેવા વિવિધ શાકભાજીના પાકો.

આ સિવાય સ્થાનિક જરૂરીયાતોને ધ્યાનમાં રાખી ને તા.૧૫/૦૭/૨૦૦૯ થી “લોક મંગલમ” નામની સંસ્થાની રચના કરવામાં આવી છે.ખોબા ગામમાં શિક્ષણની વ્યવસ્થા ઉભી થાય

અને બાળકોને શિક્ષણ મળી રહે તે માટે એક એકર જમીન મળી છે. ખોબાને ગ્રામશિલ્પીનું કાર્યક્ષેત્ર ગણી આજીવન અહી જ ગ્રામ વિકાસના કાર્યો કરવાનો નિર્ણય કર્યો છે.

**ગ્રામશિલ્પીનું ગામ ખોબા** સહ્યાદ્રીની ગીરીમાળામાં ધરમપુરથી ૪૫ કી.મી દૂર આવેલું છે. અવલખંડી સુધી બસ આવે, પછી આઠેક કી.મી ડુંગરાળ વાટે નીચે ઉતરીએ ત્યારે ખોબા પહોંચાય. ગામની પ્રાથમિક શાળામાં પાંચ ધોરણ સુધી શિક્ષણની વ્યવસ્થા છે. વધુ શિક્ષણ માટે તો ૨૫ કી.મી દૂર જવું પડે. બિમારીમાં પણ આટલું જ અંતર કાપવું પડે. ટૂંકમાં અમે એકવીસમી સદીના લાભ કે પ્રશ્નોથી ઘણા દુર છે આ પ્રદેશ.

**ગ્રામશિલ્પીનું સ્વપ્ન**

- વન વિસ્તારમાં વધારો કરવો.
- નઈ તાલીમ શિક્ષણ પદ્ધતિ અનુરૂપ કેળવણી.
- વસ્ત્રમાં સ્વાવલંબી થવું.
- યુવા વર્ગમાં ગાંધી વિચારો પ્રમાણે વૈચારિક ક્રાંતિ લાવવાનાં પ્રયાસો.
- વ્યસન મુક્ત ગામ.
- ગામડું કુટુંબ બને.

**હવે પછીની કામગીરી અને આર્થિક જવાબદારીઓ:**

ખોબા ગામમાં એક છાત્રાલય પણ શરુ કર્યું છે. જેમાં વિદ્યાર્થીના ભોજન ખર્ચની વ્યવસ્થા એક સ્નેહી તરફથી થાય તેવી હાલ શક્યતા છે. છાત્રાલય મકાન તૈયાર કરવા માટે જરૂરી લાકડું ગ્રામજનો આપે છે.

ગામમાં ગ્રામશિલ્પીના નિવાસ દરમિયાન ગ્રામશિલ્પીનો વ્યકતિગત નિભાવખર્ચ તથા ગ્રામ નિવાસ દરમિયાન વિચારેલી પ્રવૃતિઓ માટે એક માસના રૂ.૧૦૦૦૦/- મુજબ બે વર્ષમાં રૂ. ૨,૪૦,૦૦૦/- (બે લાખ ચાલીશ હજાર) ખર્ચ થાય તેવો અંદાજ છે.

**4.4 ક્ષેત્રકાર્ય કરેલ વ્યક્તિઓની માહિતી:**

ઉપરોક્ત સંશોધન માટે અમે જે તે સંસ્થામાં જે તે વ્યક્તિને મોકલી તેમની પશેથી માહિતી મંગાવેલ હતી જેની વિગતો નીચે મુજબ છે.

| **શંશોધકનું નામ** | **સંસ્થા/ પ્રોજેક્ટની વિગત** |
|---|---|
| અસ્મિતાબેન જાદવભાઈ મકવાણા | શ્રોફ ફાઉન્ડેશન દ્વારા કાર્યાન્વિત પશુપાલન યોજનાના લાભાર્થીનું આર્થિક અધ્યયન |
| ઉર્મિલાબેન કરશનભાઈ વસાવા | બાયફ સંસ્થાની વાડી યોજનાના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| કાનુબેન ગોરધનભાઈ રંગપરા | આદિવાસી ખેડૂતોનો આર્થિક અભ્યાસ |
| કિંજલબા ધર્મેન્દ્રસિંહ ચુડાસમા | દિપક ફાઉન્ડેશન દ્વારા કાર્યરત પરિપૂર્ણ દાળ મિલના સભ્યો અને બિનસભ્યોનો આર્થિક અભ્યાસ |
| ચિંતામણભાઈ ગોવિંદભાઈ પવાર | સર્વોદય સંસ્થાના બંધપાળા અને જમીન સમથળ યોજનાના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| છાયાબેન શાંતારામભાઈ બાગુલ | શ્રોફ ફાઉન્ડેશનના ફ્રૂડ પ્રોસેસિંગ (સીતાફળ) યુનિટ સાથે જોડાયેલા ખેડૂતોનો આર્થિક અભ્યાસ |
| હિતેષકુમાર ભોપાભાઈ નાંદોદરીયા | દીપક ફાઉન્ડેશનની વાડી યોજનામાં જોડાયેલા આદિવાસી લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| હેમાક્ષીકુમારી બચુભાઈ ચૌધરી | શ્રોફ સંસ્થા દ્વારા કાર્યાન્વિત એગ્રી મીકેનાઈઝેસન કાર્યક્રમ હેઠળ મિની રાઈશ મીલ યોજનાના લાભાર્થીઓનો અભ્યાસ |
| જ્યોતિ પ્રવિણભાઈ સોલંકી | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (વઘઈ) દ્વારા કાર્યાન્વિત યોજનાનો આર્થિક અભ્યાસ |
| નિરાલીબેન ઉદેસિંગ પરમાર | શ્રોફ સંસ્થા દ્વારા કાર્યાન્વિત એગ્રી મીકેનાઈઝેશન યોજના હેઠળ સંસ્થા દ્વારા અપાયેલ મિની ટ્રેકટરનાં લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| પારૂલબેન પાલજીભાઈ રાઠોડ | સખી મંડળમાં કામ કરતા બહેનોનો આર્થિક અભ્યાસ |
| મનિષાબેન રમેશભાઈ ભોયે | શ્રોફ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યાન્વિત જૈવિક કૃષિ નિક્ષેપ યોજનાનું આર્થિક અધ્યયન |
| મનિષાબેન શાંતિલાલભાઈ પવાર | ફ્રુડ પ્રોસેસિંગ કેરી યુનિટ સાથે જોડાયેલા ખેડૂતોનો આર્થિક અભ્યાસ |
| મનિષાબેન કિરણભાઈ પગી | આનંદી સંસ્થા દ્વારા કાર્યાન્વિત સર્વાંગી વિકાસ પ્રોજેક્ટ હેઠળ પિયત મંડળીના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| મહેન્દ્રભાઈ શાંતારામભાઈ પવાર | સર્વોદય સંસ્થાના બંધપાળા અને જમીન સમથળ યોજનાના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| માલતીબેન સંપતભાઈ ગાંગોડા | ફ્રુડ પ્રોસેસિંગ કેરી યુનિટ સાથે જોડાયેલા ખેડૂતોનો આર્થિક અભ્યાસ |
| મિતાબેન સોમુભાઈ ગાંગોડા | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (વઘઈ) દ્વારા કાર્યાન્વિત યોજનાનો આર્થિક અભ્યાસ |

| | |
|---|---|
| પિનલબેન સુરેશભાઈ ડામોર | આનંદી સંસ્થા દ્વારા સર્વાંગી વિકાસ પ્રોજેકટ હેઠળ વરસાદી પાણીના સંગ્રહણ ટાંકાના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| પ્રણાલીબેન અર્જુનભાઈ ગામીત | દીપક ફાઉન્ડેશન દ્વારા સર્વાંગી વિકાસ પ્રોજેક્ટ હેઠળ દાળમીલામાં જોડાયેલ મહિલા લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| પ્રદિપભાઈ મુરલીભાઈ ગાંગુર્ડે | શ્રોફ ફાઉન્ડેશન દ્વારા કાર્યાન્વિત ભરતકામ યોજનાના લાભાર્થીનું આર્થિક અધ્યયન |
| પ્રભાબેન વિનુભાઈ રંગપરા | આનંદી સંસ્થા દ્વારા કાર્યાન્વિત બિયારણ બેન્કના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| પ્રિતમભાઈ પ્રકાશભાઈ વસાવા | રોવાદાન સંસ્થાની વાડી યોજનાનાં લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| બિનલબેન મગનલાલ ધોળકિયા | મિશન મંગલમ યોજના અતંર્ગત મહિલા સખી મંડળની લાભાર્થી મહિલાઓનો આર્થિક અભ્યાસ |
| ભાવનાબેન જાનુભાઈ પવાર | મિશન મંગલમ યોજના અતંર્ગત મહિલા સખી મંડળની લાભાર્થી મહિલાઓનો આર્થિક અભ્યાસ |
| મેહુલકુમાર ગણેશભાઈ વસાવા | શ્રોફ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યાન્વિત જૈવિક કૃષિ નિક્ષેપ યોજનાનું આર્થિક અધ્યયન |
| મોનિકાબહેન વિનુભાઈ વસાવા | બાયફની આઈ.એલ.ડી. યોજનાનો આર્થિક અભ્યાસ |
| રવિશભાઈ દિલીપભાઈ ચૌર્યા | સેવાધામ ટ્રસ્ટની નાગલીના બનાવટી તથા મશરૂમ ખેતીના લાભાર્થી કુટુંબનો આર્થિક અભ્યાસ |
| રાહુલકુમાર ધીરૂભાઈ ચૌધરી | બાયફની આઈ.એલ.ડી. યોજનાનો આર્થિક અભ્યાસ |
| વિભૂતિકુમારી દિનેશભાઈ ચૌધરી | શ્રોફ ફાઉન્ડેશનનાં ફ્રુડ પ્રોસેસિંગ (સીતાફળ) યુનિટ સાથે જોડાયેલા ખેડૂતોનો આર્થિક અભ્યાસ |
| વિરાટભાઈ ગુમાનભાઈ વસાવા | સર્વોદય સંસ્થાના બંધપાળા અને જમીન સમથળના લાભાર્થી કુટુંબોનો આર્થિક અભ્યાસ |
| શર્મિલાબેન રમણભાઈ રાઠવા | શ્રોફ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યન્વિત જૈવિક કૃષિ નિક્ષેપ યોજનાનું આર્થિક અધ્યયન |
| શીતલબેન નારણભાઈ પવાર | શ્રોફ ફાઉન્ડેશનની ફ્રુડ પ્રોસેસિંગ ટામેટા યુનિટ સાથે જોડાયેલા ખેડૂતોનો આર્થિક અભ્યાસ |
| સરિતાબેન લીમજીભાઈ ગામીત | શ્રોફ ફાઉન્ડેશનની ફ્રુડ પ્રોસેસિંગ ટામેટા યુનિટ સાથે જોડાયેલા ખેડૂતોનો આર્થિક અભ્યાસ |
| સંદિપ બામણીયાભાઈ વસાવા | શ્રોફ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યાન્વિત જૈવિક કૃષિ નિક્ષેપ યોજનાનું આર્થિક અધ્યયન |

| | |
|---|---|
| સંદિપભાઈ તુકારામભાઈ ગાંવિત | શ્રોફ ફાઉન્ડેશનમાં ભરતગૂથણ સંસ્થા સાથે સંકળાયેલ લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| સુરેન્દ્રભાઈ રસિકભાઈ વસાવા | શ્રોફ ફાઉન્ડેશનમાં ભરતગૂથણ સંસ્થા સાથે સંકળાયેલ લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| સોનલબેન ધુધાભાઈ ઝાંપડિયા | બાયફ સંસ્થાની વાડી યોજનાના લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |
| હરેશભાઈ રતિલાલ ચૌધરી | BIAFની વાડી યોજનાનાં લાભાર્થીઓનો આર્થિક અભ્યાસ |

### 4.5 ઉપસંહાર:

પ્રસ્તુત પ્રકરણમાં વિકાસના વિવિધ એજન્ટ તરીકે NGO, સ્વેચ્છિક સંસ્થાઓ સહકારી પ્રવૃતિ અને લોકમત દ્વારા કેવા પ્રયત્નો કરી શકાય તેની ચર્ચા કરવામાં આવી છે. સરકારી તંત્રની વિવિધ મર્યાદાઓ સરકારી તંત્રને યોગ્ય પરિણામો નીપજાવામાં બાધારૂપ સાબિત થાય છે. વળી વિકાસ પ્રક્રિયાની વિવિધ જરૂરિયાતો સરકારી તંત્ર દ્વારા કાર્યક્ષમતા સાથે સમયસાર પૂરી કરવી ઘણું અઘરું કામ સાબિત થતું હોય છે. વૈકલ્પિક રીતે સમયબદ્ધ જો કાર્યક્ષમતા સાથે અન્ય એજન્ટો દ્વારા જો વિકાસ પગલાઓ પરિણામો આપી શકતા હોય તો તેવા વિકાસ એજન્ટો હમેશા આવકારદાયક છે.

# પ્રકરણ-5
# આદિવાસી સમાજના વિકાસ માટેની ભલામણો
# (ACTIOM PROGRAMME)



| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 5.1 | પ્રસ્તાવના | 69 |
| 5.2 | તાપી જિલ્લામાં આદિવાસી આર્થિક વિકાસના પડકારો અને ઉકેલો | 69 |
| 5.3 | જિલ્લામાં માળખાગત સુવિધાઓ પ્રાપ્તિ અને પ્રશ્નો | 75 |
| 5.4 | તાપી જિલ્લામાં આદિવાસી આર્થિક વિકાસના વિવિધ ક્ષેત્રોવાર પડકારો | 77 |
| 5.5 | ઉપસંહાર | 81 |

# પ્રકરણ-5
# આદિવાસી સમાજના વિકાસ માટેની ભલામણો
## (ACTIOM PROGRAMME)

**5.1 પ્રસ્તાવના**

આદિવાસી વિકાસ માટેના પડકારો ગુજરાતના મોટાભાગના આદિવાસી તાલુકામાં સમાંન હોવા છતાં સ્થાન તેમ જ સ્વભાવ સંબંધિત વિવિધાતાને કારણે તેમાં ભેદ જોવા મળે છે. અલબત્ત,સરકારી કે બિન રકારી પ્રયત્નોમાં ઉપેક્ષા સામાંન્ય છે: સિંચાઇ, શિક્ષણ અને આરોગ્યની નીચી ગુણવત્તા સાથે મર્યાદિત સુવિધા, ગરીબી-બેરોજગારી, વીજળી અને પાણીના પ્રશ્નો, પ્રવાસન વિસ્તારોમાં સ્થાનિક વસતિની અવગણના, બજાર વ્યવસ્થાના પ્રશ્ન, સ્થળાંતર, શોષણ, વિસ્થાપન.તાપી જિલ્લાના આદિવાસી તાલુકાની આર્થિક-સામાજિક ગૌણ માહિતીનુ વિશ્લેષણકરતા આદિવાસી વિકાસ સમક્ષ રહેલા મુખ્ય પડકારો અને અપેક્ષિત ઉકેલો આ મુજબ છે.

**5.2 તાપી જિલ્લામાં આદિવાસી આર્થિક વિકાસના પડકારો અને ઉકેલો**

| | પડકારો | ઉકેલો |
|---|---|---|
| વસ્તીવિષયક પડકારો | | |
| | કામ નહી કરનાર વસ્તીનું ઊંચુ પ્રમાણ: કુલ વસ્તી પૈકી 40 ટકાથી વધુ આશ્રિત વસ્તી છે. સ્ત્રીઓમાં આ પ્રમાણ 50 ટકાથી વધુ છે.<br>કામ નહી કરનાર શ્રમિકોનુનાં ઊંચા પ્રમાણમાં શિક્ષિત બેરોજગારોનો પણ સમાવેશ છે. | મજૂરી સિવાયના ખેતીના પૂરક વ્યવસાયો તરીકે પશુપાલન, દરજીકામ, સુથારીકામ, ભરતકામ વગેરે સૂચવી શકાય. પૂર્ણ રોજગારી આપતા ગ્રામોદ્યોગો જેવા કે કેળા વેફર, કેરીની બનાવટો, બીડી ઉદ્યોગ, ખાદી ઉદ્યોગ, વાંસકામ, બ્લેક ટ્રેપ, માંટીકામ, ગોળ ઉદ્યોગ, કાજુ પ્રોસેસિંગ જેવા સ્થાનિક અનુકૂળતા ધરાવતા ઉદ્યોગોમાં રોજગારી ઊભી થઈ શકે.<br>વિવિધ પ્રકારની સહકારી પ્રવૃત્તિઓ દ્વારા રોજગારી ઊભી કરી શકાય. |
| | ગરીબી રેખા નીચેની વસ્તીનું ઊંચું પ્રમાણ: 2011ની વસ્તી ગણતરી મુજબ 64.48 ટકા કુટુંબો ગરીબીરેખા નીચે જીવાતા હતા. નિઝર તાલુકામાં 60 ટકા, વાલોડ અને ઉચ્છલ તાલુકામાં 40 ટકા આસપાસ કુટુંબો ગરીબીરેખા | |

| | | |
|---|---|---|
| | નીચેજીવતા હતા | |
| | કુદરતી સંસાધનોના ઉપયોગ સંદર્ભે પડકારો | |
| | ખેડી શકાય તેવી પડતર જમીનનું ઊંચું પ્રમાણ: 40 થી 50 ટકા વિસ્તાર ખેડી શકાય તેવી પડતર જમીન છે. જ્યારે ચોખ્ખો વાવેતર વિસ્તાર અને ગૌચરની જમીન મર્યાદિત છે. | સરકારની વાડી યોજના અને જમીન સંરક્ષણલક્ષી યોજનાઓના માંધ્યમથી પડતર જમીનનો કાર્યક્ષમ ઉપયોગ થાય તેવી વ્યવસ્થા થઈ શકે. રાજ્યહસ્તક જમીન સ્થાનિક જમીનવિહોણા કુટુંબોને ફાળવી તેમ જ જરૂરી ટેકનિકલ ને નાણાકીય સહાય વડે ઉત્પાદક બનાવી શકાય. |
| | જમીનની નીચી ગુણવત્તા: 30 થી 40 ટકા ચોખ્ખો વાવેતર વિસ્તાર ધરાવવા છતાં જમીન ઢોળાવ, પથરાળ અને ઝાડીઝાખરા ધરાવે છે. જમીન સમતોલ કરવા અને તેનું ધોવાણ અટકાવવા બંધપાળા બાંધવા માટે ખેડૂત નાણાકીય સક્ષમતા ધરાવતા નથી. | જમીન સમતલ, બોરીબંધ, સરક્ષણ દિવાલ જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા અમલમાં રહેલ યોજનાઓનો લાભ વધુને વધુ ખેડૂતોને મળે તે માટે આવી યોજનાઓનું વિસ્તરણ કરવું જરૂરી.<br>જમીન સંરક્ષણ માટે ધિરાણ આપી, આપેલ ધિરાણને સરકારી સહાયમાં તબદીલ કરી, ખેડૂત પરથી બોજ ઘટાડી શકાય. ઉપરાંત નાણાનો ઉપયોગ વાસ્તવમાં જમીનસંરક્ષણ માટે થશે. |
| | આદિવાસી કુટુંબો સ્થાનિક કુદરતી સંસાધનોનો ઇષ્ટ માત્રમાં ઉપયોગ કરી શકતા નથી. ડુંગરાળ અને જંગલ પ્રદેશ ધરાવતા વિસ્તારમાં વરસાદ વધુ પડતો હોવા છતાં વરસાદનાં પાણીસંગ્રહની વ્યવસ્થા કરવા કે સિંચાઇનો લાભ આપવામાં ઓછો રસ જણાય છે. કાકરાપાર અને ઉકાઇ બહુહેતુક યોજનાનો લાભ વ્યારા, સોનગઢ અને વાલોડ તાલુકાની આદિવાસી વસ્તી પૂરતો મર્યાદિત છે. પથ્થર, રેતી, માંટી, બ્લેક ટ્રેપ જેવી ખનિજ સંપત્તિ પર બિન-આદિવાસીનું વર્ચસ્વ છે, જ્યાં સ્થાનિક વસ્તી માત્ર મજૂરી કરે છે. | PESAનો કડક અમલ સ્થાનિક સંસાધનોનો સંપૂર્ણ અધિકાર સ્થાનિક લોકોને આપવા સાથે સ્થાનિક ખનિજ સંપત્તિનો ઉપયોગ અને પ્રક્રિયા સ્થાનિક આદિવાસી માટે સુનિશ્ચિત કરે છે.<br>વન અધિકાર કાયદા 2006 હેઠળ સામુદાયિક અધિકારો માંન્ય કરી ગૌણવન પેદાશોના અધિકારો પણ મળે તે નિશ્ચિત કરવું.<br>તાપી નદીની નહેરનું પાણી તાપી જિલ્લાને મળે તે પ્રાથમિક્તા અનિવાર્ય છે. નહેરનાં પાણીનું વ્યવસ્થાપન ખેડૂતો દ્વારા ભાગીદારીનાં ધોરણે (PIM) થવુ જોઇએ. |

| | | |
|---|---|---|
| | આંતર માંળખાકીય સુવિધા સંદર્ભે પડકારો | |
| | અપૂરતી અને નીચી ગુણવત્તાવાળી આંતરમાંળખાકીય સુવિધા: સરેરાશ માંર્ગ સુવિધાનું નીચું પ્રમાણ, સંદેશવ્યવહારની અપૂરતી અને અનિશ્ચિત સેવા, અનિયમિત અને ઓછી ક્ષમતાવાળી વીજળી, અપર્યાપ્ત બેંકશાખાના વ્યવહારોમાં જટીલતા.<br>રાજ્યની શાળાઓમાં નીચી ગુણવત્તાનાં કારણે ખાનગી શાળાઓની વધેલી માંગ; તબીબી સુવિધાની અસમાંનતાનાં કારણે મુશ્કેલી.<br><br>દવાખાના, શાળા, વીજળી, પાણી, બેંકીંગ, માંર્ગો ને સંદેશવ્યવહાર જેવી આવશ્યક ઉપલબ્ધ સેવાઓની નબળી ગુણવત્તા. | જિલ્લામાં ઉપલબ્ધ માંર્ગોની પહોળાઇ વધારવી અને ગુણવત્તા સુધારવી.<br>ટપાલ કેન્દ્રોની સંખ્યા અને દૂરભાષની સેવાની ક્ષમતા વધારવી.<br>ઘરવપરાશ તથા ખેતી માટે અલગ વીજજોડાણ. વીજળીની નિશ્ચિતતા અને નિયમિતતા, દરેક તાલુકામાં બેંકશાખા,<br>કાયમી તબીબ, પરિચરિકાની સંખ્યામાં વધારાની સાથે વૈકલ્પિક તબીબી વ્યવસ્થા પ્રત્યે (દાયણ, ભગત-ભૂવા) વૈજ્ઞાનિક અભિગમ દ્વારા તાલીમ |
| | શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણ: સરકારી શાળાદિઠ વિદ્યાર્થી પ્રમાણ તથા શિક્ષકદીઠ નીચું વિદ્યાર્થીપ્રમાણ<br>ઉચ્ચત્તર માંધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ એક પ્રવાહી થતુ જાય છે. ટેક્નિકલ અને વ્યવસાયિક શિક્ષણ પ્રત્યે જાગૃતિ નથી તથા આ પૂર્વેની કક્ષાના શિક્ષણની નીચી ગુણવત્તાને કારણે આ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ સફળ થતા નથી. શાળા છોડી જવાનો દર ઊંચો છે. | ગુણવત્તાસભર (ખાસ કરીને ગણિત, વિજ્ઞાન) પ્રાથમિક શાળાશિક્ષણ (સ્થાનિક ભાષા જાણતા શિક્ષકો અનિવાર્ય). કાયમી શિક્ષકો અને તેમની નિયમિતતા.<br>સ્થળાંતરિત મજૂરોના બાળકો માટે મોસમી છાત્રાલયો<br>વ્યાવસાયિક શિક્ષણ આપતા મહાવિદ્યાલયો<br>યુવાઓ અને વાલીઓમાં શિક્ષણનાં મહત્વ અંગે જાગૃતિ |
| | આજીવિકા અને રોજગારીને લગતા પડકારો | |
| | જમીનવિહોણા અને ઓછી જમીનધારકોનું ઊંચું પ્રમાણ: માત્ર 33.45 ટકા આદિવાસી જમીનધારકો છે. આદિવાસી જમીનધારકો પૈકી | આદિવાસી તાલુકામાં 40 થી 50 ટકા જમીન વિસ્તાર ખેડી શકાય તેવી પડતર જમીન જમીનવિહોણા ખેડૂતોને કાયદાકીય જોગવાઇને આધીન આપવી જોઇએ. |

| | | |
|---|---|---|
| | 68.33 ટકા સીમાંત અને નાના ખેડૂતો છે. | સીમાંત અને નાના ખેડૂતો વર્ષ દરમિયાન એકથી વધુ પાક લઇ શકે તે માટે રાહત દરે ભાગીદારી સિંચાઇ વ્યવસ્થાપન |
| | સ્થળાંતર- ખેતમજૂરોની કાયમી સમસ્યા: | જમીનવિહોણા અને ઓછી જમીન ધરાવનારાના આજીવિકા માટે કરતાં સ્થળાંતરનાં સ્થાને સ્થાનિક કક્ષાએ ઉદ્યોગને પ્રોત્સાહન. નાના અને ગૃહઉદ્યોગો વધુ ઉપયોગી થઇ શકે. જેમ કે ખાદી ગ્રામો ઉદ્યોગ, ફર્નિચર, લાકડા પર કોતરણી, સુથારીકામ, સુથારી અને કડિયાકામ, ઈંટ ઉદ્યોગ, કાજુની પ્રક્રિયા, અડદ-નાગલીનો પાપડ ઉદ્યોગ, નાગલીના બિસ્કીટ અને અન્ય બનાવટો, વાંસ કામ, કેળાની વેફર બનાવવા વગેરે પ્રકારનાં ઉદ્યોગો સ્થાનિક અનુકૂળતા મુજબ શરૂ કરી શકાય.<br>સીમાંત અને નાના ખેડૂતો માટે પૂરક રોજગારીની આવશ્યકતા છે. આ માટે ખેતીને સહાયક એવા પશુપાલન વ્યવસાય વિકલ્પ છે. સહકારી ધોરણે પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ. |
| | સિંચાઇની અપૂરતી સવલત: | તાપી નદીની બહુહેતુ યોજનાની નહેરોનું જોડાણ સ્થાનિક સ્તરે.<br>પાણીના તળ ઊચા હોય વિસ્તારોમાં ગરીબ ખેડૂતોને માટે સહકારી બોર કે કૂવા માટે આર્થિક સહાય.<br>ડેમની ઉપરનાં ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકામાં નદીના પાણીનાં સીધાપ્ ઉપયોગ માટે પંચાયત દ્વારા પાણીવિતરણની વ્યવસ્થા. |
| | પ્રવર્તમાંન માંગ અનુરુપ પાક આયોજન અને ખેતપદ્ધતિ અંગે ટેક્નિકલ જ્ઞાનની ગેરહાજરી: | KVK માંરફત સમયાંતર મોજણી આધારિત અભ્યાસો ખેડૂતોને પાક આયોજન અને યોગ્ય ખેત પદ્ધતિ અંગે માંર્ગદર્શન માટે તાલીમ આપી શકે.<br>કૃષિ રથના સ્થાને ગામદીઠ ખેડૂત તાલીમ કે |

| | | |
|---|---|---|
| | | ખેડૂતમેળા દરમિયાન ખેડૂતોની સમસ્યા અંગે માંર્ગદર્શન.<br>આ દરમિયાન ખેડૂતસન્માન કે અન્ય યોજના હેઠળ કરાતી આર્થિક સહાય રોકડને બદલે જરૂરિયાત મુજબની વસ્તુ કે સાધનો-બિયારણ, ખાતર, દવા કે અન્ય સાધનોની સહાય તાલીમોમાં ખેડૂતોની ભાગીદારી વધારશે. |
| | ખેતપેદાશો અને ગૃહઉદ્યોગના ઉત્પાદનના બજારની સમસ્યા | ખેડૂતોની સહકારી કૃષિ ખરીદ-વેચાણ મંડળીનું જોડાણ જિલ્લા કક્ષાના સંઘ થતાં સંઘ બજારનિયંત્રક બને. સંઘ ઉપરાંત સરકારી કે બિન સરકારી સંસ્થાઓની ભૂમિકા પણ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય બજાર સાથે મંડળીનું સપર્ક માટે માંધ્યમ બની શકે.<br>દરેક મંડળીની સંગ્રહવ્યવસ્થા માટે રાજ્ય સરકારનાં આર્થિક અને ટેક્નિકલ પ્રોત્સાહન સિવાય અન્ય હસ્તક્ષેપ ન હોવો જોઇએ.<br>આ ઉદ્યોગોને સાધનો કે કાચામાંલની કરીદી માટે સબસીડી કે અન્ય પ્રોત્સાહનો માટે પ્રધાનમત્રી ગ્રામીણ કૌશલ્ય વિકાસ યોજના, સ્ટાર્ટ અપ, સ્ટેન્ડ અપ જેવી યોજનાના માંધ્યમથી ધિરાણ અને કૌશલ્ય તાલીમ બાબતે ટેકો પૂરો પાડી શકાય. |
| | પશુપાલન અને ડેરી ઉદ્યોગનો વિકાસ | સામુદાયિક વન અધિકારની જોગવાઇ હેઠળ ગૌચર માંન્ય કરી તેનું સહકારી ધોરણે સંચાલન<br>ચાર ગામદીઠ એક પશુ દવાખાનું<br>સહકારી ડેરી ઉદ્યોગના વિકાસ માટે જરૂરી આર્થિક અને ટેક્નિકલ પ્રોત્સાહનો |
| | મત્સ્ય ઉદ્યોગ | મત્સ્યઉદ્યોગ માટે સહકારી ધોરણે તળાવ કે અન્ય સ્રોત વિકસાવી માંછીમાંરીના સાધનો માટે આર્થિક ટેકો પુરો પાડવો.<br>ઉછેરાતી માંછલીઓની સ્થાનિક પર્યાવરન પરની અસર તપસીને તેની પસંદગી. |

| | | |
|---|---|---|
| | | સહકારી ધોરણે ખરીદ-વેચાણ.<br>સરકારી કે બિન સરકારી સંસ્થાઓનું બજારસંબંધી માંર્ગદર્શન |
| | મૂડીરોકાણક્ષમતા અને બેકીંગવ્યવસ્થા:. | સ્વસહાય આર્થિક જૂથો, યુવા મંડળો, ગ્રામમંડળોને સહકારી ધોરણે ભંડોળ ઊભું કરવા રાજ્ય દ્વારા પ્રોત્સાહક નીતિ.<br>અસ્કામતવિહોણા લોકોને વાજબી દરે ધિરાણ મળી રહે તે માટે ગ્રામપંચાયતોમાં ધિરાણ ભંડોળની રચના માટે નાણાકીય ફાળવણી.<br>યુવા નવા ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરે તે માટે સ્ટાર્ટ અપ જેવી યોજનાઓનો વ્યાપ વધારી, યુવાને આર્થિક અને ટેકનિકલ ટેકો. |
| | સહકારી પ્રવૃત્તિઓ | રાજ્યની મિશન મંગલમ યોજના હેઠળ આદિવાસી ગામોમાં સહકારી શિક્ષણની કાર્યશાળા અને પ્રવાસોના માંધ્યમથી સહકારી પ્રવૃત્તિની સફળતા અને નફાકારકતા અને વિશ્વાસ પેદા થાય.<br>સહકારી મંડળીની રચના, નોંધણી તથા સ્થાનિક અનુકૂળતા મુજબની પ્રવૃત્તિ કરવા માટે યોગ્ય દિશાસૂચન માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અસરકારક સાબિત થઇ શકે. |
| | ઔદ્યોગિક ક્ષેત્રે વસ્તીનું વલણ: | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સ્થાનિક માંગ અને સંસાધનોને ધ્યાનમાં રાખીને ગ્રામોદ્યોગોના વિકાસ માટે પ્રયાસો.<br>વ્યક્તિગત અને સહકારી ધોરણે ગૃહઉદ્યોગોનાં વિકાસ માટે ગ્રામીણ સ્તરે ઉદ્યોગશિક્ષણ અને તાલીમી કાર્યક્રમોનું આયોજન.<br>ઉત્પાદનના વેચાણ માટે સહકારી ખરીદ-વેચાણ મંડળી માટે રાજ્યનું આર્થિક અને ટેકનિકલ યોજનાકીય પીઠબળ |
| | સેવાક્ષેત્રે રોજગારીની મર્યાદિત તકો: | પાયાની સુવિધાનું પર્યાપ્ત પ્રમાણ અને ગુણવત્તા માટેની પ્રાથમિકતા. |

| | | |
|---|---|---|
| | | ઉપહારગૃહો, શિક્ષણ, આરોગ્ય, કૃષિ-ઉદ્યોગલક્ષી સેવા વગેરે ખાનગી ધોરણે સેવાકીય પ્રવૃત્તિઓ સ્વયં રોજગારી અને સ્વરોજગારીની તકોનું સર્જન થશે. |

## 5.3 જિલ્લામાં માળખાગત સુવિધાઓ પ્રાપ્તિ અને પ્રશ્નો :

### (1) રોડ અને રસ્તાઓ( કાચા/પાકા રસ્તા)

| Taluka | Road Length (in km) Pucka[3] |
|---|---|
| Tapi | 2415.72 |
| Nizar | 247.13 |
| Uchchhal | 190.44 |
| Songadh | 799.17 |
| Vyara | 850.38 |
| Valod | 328.61 |
| *Source: Executive Engineer, R & B Panchayat, Tapi (Vyara) and Excutive Engineer, R & B (State), Tapi (Vyara)* | |

ઉપર દર્શાવેલ ટેબલ માં જોઈ શકાય છે કે જિલ્લામાં ઠીક ઠીક પ્રમાણમાં રસ્તાઓનો જાળો ફેલાયેલું છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે આ રસ્તાઓ મુખ્યત્વે મોટા શહેરને જોડતા અથવા આંતરરાજ્ય કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સ્વરૂપના છે. આદિવાસી આર્થિક વિકાસ ને ત્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી કહી શકાય કે અંતરિયાળ પ્રદેશમાં ગામડાંઓનો સંપર્ક ખૂબ જ નિર્ણાયક સાબિત થાય છે. જિલ્લામાં આદિવાસી વસ્તી ગામોમાં પણ છુટા છવાયા વિસ્તારોમાં વસવાટ કરતી જોવા મળે છે તેથી કહી શકાય કે પ્રત્યેક ઘરને જો રસ્તાનું જાળો પ્રાપ્ય થાય તો તેમનો સંપર્ક વધુ સરળ બનશે. રોડ કનેક્ટિવિટી વધવાથી તેમની આર્થિક જરૂરિયાતો એટલે કે ઉત્પાદન પ્રક્રિયા માટે જરૂરી સાધનો મેળવવા અને ઉત્પાદનને બજાર સુધી પહોંચાડવો વધુ સરળ બનશે આમ છતાં તેમને વધુ આર્થિક વળતર મળશે જેનાથી પ્રોત્સાહિત થઇ આદિવાસી સમાજ વધુ ને વધુ ઉત્પાદન પ્રક્રિયામાં જોતરાશે અને તેમના આર્થિક વિકાસમાં ગતિ મળશે. જો આદિવાસી અંતરિયાળ વિસ્તારો રોડ રસ્તાઓની વધુ સારી સુવિધાઓ ધરાવતા હશે તો તેમના દ્વારા જે સેવાઓ અર્થતંત્રની પૂરી પાડવાની તેમની તૈયારીછે તે પણ વધુ સારું બજાર મેળવી શકશે. ઉદાહરણ તરીકે જોઈએ તો આદિવાસી વિસ્તારોમાં આદિવાસી પ્રવાસન પર્યાવરણીય પ્રવાસન વગેરે પ્રવૃત્તિઓ ખૂબ મોટા પ્રમાણમાં સંભવિત છે જો આમ બનશે તો રસ્તાઓના વધુ સારા વિકાસ થકી આદિવાસી સેવાઓ જેવીકે માર્ગદર્શક ની સેવા

નિવાસની સેવા રાત્રી રોકાણની સેવા વગેરે દ્વારા આદિવાસીઓમાં આર્થિક અર્થોપાર્જન ના નવા વિકલ્પો ખૂબ મોટા પ્રમાણમાં વિસ્તારી શકવાને અવકાશ રહેલો છે.

**(2) શક્તિના વિકલ્પો:**

તાપી જિલ્લામાં રોજિંદા જીવન માટે વિવિધ પ્રકાર ની શક્તિ જે તે કુટુંબ ઉપયોગમાં લેવામાં આવે છે જેની માહિતી નીચેના ટેબલમાં આપવામાં આવેલ છે. અંતરિયાળ પ્રદેશોમાં જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વીજળી ઘરે ઘરે પહોંચી છે જેના પરિણામ સ્વરૂપે 81 ટકા જેટલી વસ્તી ગ્રામીણ પ્રદેશોમાં શક્તિ તરીકે વીજળીનો ઉપયોગ કરતી જણાય છે. જોકે ગુજરાતમાં આ પ્રમાણ લગભગ ૯૨ ટકા જેટલું છે એટલે એમ કહી શકાય કે રાજ્યના ગ્રામીણ પ્રદેશની તુલનામાં જિલ્લાના ગ્રામીણ પ્રદેશમાં હજુ વીજળીકરણ મર્યાદિત પ્રમાણમાં રહ્યું છે. જ્યાં વીજળી નથી એવા પ્રદેશોમાં આજે પણ હજુ કેરોસીન ઉપયોગમાં લેવાય છે તાપી જિલ્લામાં હજુ પણ ૧૯ ટકા જેટલી વસ્તી કેરોસીન નો ઉપયોગ કરે છે જ્યારે ગુજરાત રાજ્ય માટે આ પ્રમાણ માત્ર 13 ટકા જેટલું છે એટલે કે ગુજરાતની સરખામણીમાં હજુ તાપી જિલ્લામાં વીજળી નો વ્યાપ વધારી શક્તિના વિકલ્પ તરીકે કેરોસીન ઓછું વપરાય તે માટે પ્રયત્ન કરવા અનિવાર્ય છે. શક્તિ તરીકે વીજળી આવવાથી જીવન ધોરણમાં ખૂબ જ મોટા પ્રમાણમાં પરિવર્તન આવે છે. માનવીય મૂડીરોકાણ ઝડપી બને છે કારણકે વીજળી આવવાથી વધુ શાયરી અભ્યાસની સુવિધાઓ પ્રાપ્તિ થાય છે. વીજળી ના આવવાથી ઉત્પાદન પ્રક્રિયામાં પણ ધરમૂળથી પરિવર્તન આવે છે જેને પરિણામે ઉત્પાદકતામાં ખૂબ મોટા પરિવર્તન આવે છે. આમ અંતમાં કહીશકાય કે જો ગામડી ગામડી અને ઘરે ઘરે વિજળી પહોચાડવામાં આવે તો આર્થિક પ્રવૃત્તિ મૂળમાંથી પરિવર્તન પામી વધુ ઉત્પાદન થશે. માનવ મૂડી રોકાણ વધુ સારું થતા માંડવી ઉત્પાદકતા પણ વધશે અને પરિણામ સ્વરૂપ પ્રદેશની આદિવાસી વસ્તી વધુ ઉત્પાદકતા થકી વધુ આવક મેળવીને હું જીવન સ્તર મેળવી શકશે આમ પ્રદેશનું વીજળીકરણ તે આદિવાસી આર્થિક વિકાસ માટેનું ચાલક બળ ગણીને તેને અગ્રતાક્રમે લાવી આ ક્ષેત્રમાં કામ કરવું અનિવાર્ય થઈ પડ્યું છે.

| State/ Dist. | T/R/U | Electricity | Kerosene | Solar Energy | Other Oil | Any Other | No Lighting |
|---|---|---|---|---|---|---|---|
| Gujarat | T | 90.41 | 8.08 | 0.13 | 0.21 | 0.21 | 0.96 |
| | R | 84.98 | 12.85 | 0.21 | 0.31 | 0.29 | 1.36 |
| | U | 97.19 | 2.12 | 0.04 | 0.10 | 0.11 | 0.45 |
| Tapi | T | 81.02 | 17.58 | 0.09 | 0.20 | 0.21 | 0.90 |
| | R | 79.70 | 18.90 | 0.10 | 0.20 | 0.20 | 0.90 |
| | U | 93.69 | 4.95 | 0.04 | 0.16 | 0.29 | 0.87 |

*Source: Census of India –2011, Registrar General of India*

**(#) સંદેશ વ્યવહાર (ટપાલ સુવિધા)**

| Dist/Taluka | Number of Post office | Post Offices per lac Population |
|---|---|---|
| Tapi | 148 | 20.57 |
| Nizar | 15 | 14.23 |
| Uchchhal | 17 | 23.27 |
| Songadh | 28 | 13.71 |
| Vyara | 70 | 28.02 |
| Valod | 18 | 20.66 |
| *Source: Main Post Office, Maliwad, Vyara* | | |

તાપી જીલ્લા એક અંતરિયાળ જીલ્લો હોય આહી ટપાલ સુવિધાઓ ના પ્ર પ્રશ્નો છે. ઉપરોક્ત ટેબલમાંથી જોઈ શકાય છે કે ટપાલ સુવિધાઓ અહી આદિવાસી અંતરિયાળ વિસ્તારમાં ધારા ધોરણ પ્રમાણે ની અથવાતો પર્યાપ્ત પ્રમાણ માં નથી . જોકે વર્તમાન આધુનિક સમયમાં ટપાલનું મહત્વ પહેલાના સમય જેટલું રહેલ નથી પરંતુ વર્તમાન સમયમાં પણ તપ આર્થિક વિકાસ માટે નું એક મહત્વનું એજન્ટ તો હજુ પણ પ્રસ્થાપિત થયેલ છેજ તેમાં કોઈ બે મત નથી.

## 5.4 તાપી જિલ્લામાં આદિવાસી આર્થિક વિકાસના વિવિધ ક્ષેત્રોવાર પડકારો અને ઉકેલો

**આદિવાસી ક્ષેત્રોમાં આજીવિકાનું મુખ્ય સાધન** ખેતી જ છે અને તેથી દબાણ પૂર્વકના સ્થળાંતરને અટકાવવા માટે ઉત્પાદન વધે તેવા પ્રયત્નો હાથ ધરવા આવશ્યક છે કૃષિ ક્ષેત્રને વિકસાવવા માટે અનેક પ્રયત્નો હાથ ધરાયેલા છે અને કેટલાકની જરૂરિયાત છે કૃષિ ક્ષેત્રની આવક વધારવા માટે ઉત્પાદનથી લઇ મૂલ્ય વૃદ્ધિ સુધીની પ્રક્રિયા માટે શું કરવું તે અંગે અહી કેટલાક પગલા સૂચવવામાં આવેલ છે. અન્ય આદિવાસી વિસ્તારોની તુલનામાં તાપી માં કૃષિ ક્ષેત્ર જરા વિશિષ્ટ છે કેમકે અહી ઉત્પાદન વધારવાની આવશ્યકતા છે અને તેના માટે પાક વૈવિધ્ય અને પિયતની સુવિધા ઉભી કરવી જરૂરી છે તે અંગેના પગલા નીચે મુજબ હોઈ શકે.

સિંચાઈ :

- તાપી  જીલ્લો પહાડી વિસ્તાર ધરાવે છે તેથી મહારાષ્ટ્રના મોડેલને ઉપયોગમાં લઇ શકાય, ફાડી વિસ્તારોમાં અર્ધગોળાકાર બેબે ફૂટના ખાડા કરી વરસાદી પાણીને ઉતારવાથી પાણીના જળ સ્તરમાં વધારો મેળવી શકાશે.
- દરેક ઘરમાં વરસાદી પાણી સંગ્રહ જે કેટલીક સંસ્થાઓ દ્વારા શરુ કરાયું છે તેને વ્યાપક પ્રમાણમાં વિસ્તારવું.

- તળાવની સંખ્યા પણ જીલ્લામાં સારી છે જે મનરેગામાં વધુ ઊંડા કરી તેના વપરાશને નિયંત્રિત કરવું તે ગામ સમુદાય દ્વારા કરી શકાય.
- કૃષિ પાકની તરાહમાં જે પાક વધુ પાણીનો વપરાશ કરતા હોય તેવા પાકને પ્રતિબંધિત કરવા.
- ટપક સિંચાઈનો વ્યાપ વધે તેના માટે પ્રયત્ન હાથ ધરવા.

ધિરાણ

- કૃષિ ક્ષેત્રના ધિરાણ માટે જમીન વિકાસ બેંક ગ્રામીણ વિકાસ બેંક નો વ્યાપ ગ્રામીણ વિસ્તારમાં વધારવો.
- સહકરી ક્ષેત્રને આ ક્ષેત્રે વધુ વિકસાવવાની જરૂરિયાત છે.

**સંગ્રહ**

- તાપી જીલ્લામાં શાકભાજીનું ઉત્પાદન ખુબ ઉચા પ્રમાણમાં થાય છે પરંતુ તેમાં સ્થાનિક બજારમાં પુરવઠો વધી જવાથી પર્યાપ્ત ભાવ પ્રાપ્ત થતા નથી તેથી તેનું વેચાણ દુરના શહેરી વિસ્તારો સુધી પહોચાડવા માટે ડેરીના માળખાનો ઉપયોગ કરી શકાય.
- ગામ સ્તરે ધન્ય કઠોળના સંગ્રહ માટે ગોડાઉન બનાવવાની યોજના અમલમાં મુકવી.
- ફળ-ફૂલનું ઉત્પાદન વધી રહ્યું છે ત્યારે તેના સંગ્રહ માટે શીતસંગ્રહ કેન્દ્રો ઉભા કરવા તે માટે "નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના"નો ઉપયોગ કરી શકાય.

**કૃષિ ક્ષેત્રે યાંત્રિકરણ** :

- કૃષિ ક્ષેત્રે યાંત્રિકરણ વધારવા માટે તાપી માં "CHALO TALUKE" યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં ઉત્પાદકતા વધારવા માટે આધુનિક બિયારણ,ખાતર, ટપક સિંચાઈ વગેરેને વધારવું તેના માટે બહેનોના સહકારી મંડળ બનાવવા તે કાર્ય માટે શ્રોફ જેવા સંગઠનોનો ઉપયોગ કરવો.
- "રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના" અંતર્ગત ઉપરના માળખાને અમલમાં મુકવા માટેની તમામ જોગવાઈ છે જે કૃષિ પેદાશોની મૂલ્ય વૃદ્ધિ કરી શકશે.
- "નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના" અંતર્ગત શોર્ટિંગ, ગ્રેડિંગ, પેકેજિંગ માટેનું ફંડ છે જે આદિવાસી ગામોમાં શાકભાજીનું ઉત્પાદન વધારે હોય તે વિસ્તારમાં નાના સહકારી મંડળો બનાવી તેમની વચ્ચે આવા મશીન આપી શાકભાજીની સુકવણી અમે પાવડર બનાવવાની કામગીરી હાથ ધરી શકાય અને ઉપરના માળખામાં જોડી શકાય.

પશુપાલન :

- પશુઓની સંખ્યાની તુલનામાં દૂધનું ઉત્પાદન ઓછું છે તેથી ઉત્પાદકતા વધે તે માટે પહાડી વિસ્તારોમાં ચરણ બંધ કરાવી બાંધીને ચારો પૂરો પડવો.
- પશુ ઓલાદ સુધારણા વધારવી.
- વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન કરવાની દિશામાં વાળવા માટે તાલીમનું આયોજન

ડેરી ક્ષેત્ર

- ડેરી ક્ષેત્ર દૂધ એકત્રીકરણ અને વિતરણ સુધી સીમિત છે પરંતુ તેનો વ્યાપ વધારી દુધની અન્ય બનાવટો વધારવી જેમકે આઈસ્ક્રીમ, પનીર, ચીઝ, દુધનો પાવડર, ચોકલેટ વગરે
- તાપી માં ડેરીનો વ્યાપ વધ્યો છે અને હજુ વધે તેવો અવકાશ છે ત્યારે તેની સાથે અન્ય કૃષિ પેદાશોને જોડવી જરૂરી છે, જેમકે શકભાજી.
- ડેરી પાસે વહન અને માળખું બન્ને તૈયાર છે પરંતુ તેનો વપરાશ માત્ર સવારે અને સાંજે થાય છે બપોરના સમયમાં તે ફ્રિ રહે ત્યારે દૂધ એક્ત્રીકાર્નના સ્થાને શાકભાજી ખરીદી મધ્યસ્થ સ્થળે લાવી તેને શોર્ટિંગ અને પેકિંગ કરી દૂધ વેચાણ કેન્દ્રો પર વેચી શકાય.
- વધેલા શાકભાજીને કે જેમાં પાવડર કે પલ્પ શક્ય હોય તેવા શાકભાજીને તેના પ્રોસેસિંગમાં મોકલી આપવા.
- ડેરીને પોતાની બ્રાંડ છે માટે પાવડર કે પલ્પ શરબત વગેરેને સરળતાથી વેચી શકાશે.
- આશાવર્કરની જેમ પશુપાલનમાં પણ આસીસ્ટન્ટ શરુ કરવા જે સ્થાનિક મદદ માટે ઉપલબ્ધ હોય.

મરઘા-બતકા

- આદિવાસી વિસ્તારમાં દેશી મરઘી અને બતક ઉપલબ્ધ છે ત્યારે તેના પણ બજાર ઉપલબ્ધ છે તેથી તેના ઉછેરને પ્રોત્સાહન આપી શકાય.

માછીમારી

- તળાવમાં કૃત્રિમ રીતે માછીમારી વધુ સફળ જણાય છે તેના માટે સહકારી મંડળીઓ પણ છે તેને સક્રિય કરી આ ક્ષેત્રે પણ આવક વૃદ્ધિ કરી શકાશે અને તે દિશામાં વધુ સક્રિય ભાગીદારી સર્જી શકાશે

ઔદ્યોગિક ક્ષેત્ર :

- તાપી  જીલ્લાના ઔદ્યોગિક વિકાસને તપાસતા જણાય છેકે તે કૃષિ ક્ષેત્રને મૂલ્ય વૃદ્ધીની દિશામાં આગળ લઇ જવા માટેના ઉદ્યોગો નહિવત છે અને મૂડીરોકાણની તુલનામાં રોજગારીનું પ્રમાણ પણ અલ્પ છે ત્યારે ઉપરોક્ત કૃષિ અને જંગલ પેદાશોના મૂલ્ય વૃદ્ધિના માળખાને અમલમાં મુકવા માટેના જે પ્રકારના ઔદ્યોગિક એકમોની આવશ્યકતા છે તેવા એકમો શરુ કરવા જરૂરી છે જે ઓછા મૂડીરોકાણ દ્વારા વધુ રોજગાર સર્જી શકે..
- નાના કદના કૃષિ ઓજારોનું ઉત્પાદન કરતા એકમોને પ્રોત્સાહન આપવું.
- સિંચાઈના સાધનોનું ઉત્પ્દન કરતા એકમોને પ્રોત્સાહન આપવું.
- વિભિન્ન પ્રકારની સુકવણી, કટિંગ અને પેકિંગના સાધનો બનાવતા એકમો શરુ કરવા.
- પૌવા, મમરા જેવા પ્રોસેસિંગના સાધનોનું ઉત્પાદન વધારવું.(જેમાં અન્ય તમામ ધન્યણે પ્રોસેસ કરી શકાય)

**સેવા ક્ષેત્ર**

સેવા ક્ષેત્રમાં અગ્રતા ક્રમ ધરાવતા ક્ષેત્રો સંદર્ભે સૂચનો આ મુજબ છે.

- તાપી માં પરમ્પરાગત રીતે આજીવિકા માટે સ્થળાંતર કરતા અનેક લોકો બાંધકામ, ઇલેક્ટ્રિફીકેસન, ગેસલાઈન, રેલ્વે લાઈન, જેવા જોખમી ક્ષેત્રોમાં વિમા, સામાજિક સુરક્ષાના કોઈ પણ યોજના વિના કામ કરે છે જે યોજના છે તે માત્ર ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે છે જયારે તેમાં કામ કરતો વર્ગ બહોળો છે તેને સામાજિક સુરક્ષા પૂરી પાડવી આવશ્યક છે અને તેના માટે ગ્રામસભામાં ગામમાંથી કામ માટે બહાર જતા લોકોની યાદી બનાવી સ્થળ અને ક્ષેત્ર નોંધી જોખમના આધારે_વિમો સરકાર દ્વારા પૂરો પાડવો. તેમજ જે એકમમાં તેઓ કામ કરે છે તેઓ પણ વિમો આપે તેવો સરકારી કાયદો લાવવો.
- જીલ્લામાં આંતરિક વાહનવ્યવહારથી સંપર્ક વધારવા દરેક તાલુકાના ગામોને જોડતા ખાનગી વાહનોની સાથે સાથે સરકારી વાહનોનું પ્રમાણ વધારવું.
- જે તાલુકાના અંતરિયાળ ગામોમાં સંદેશાવ્યવહાર માટે નેટવર્કની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં ઉભી કરવી.
- કૃષિ વિમા અંગેની માહિતી ગ્રામજનો સુધી ઉપલબ્ધ કરાવવી.
- **પ્રાદેશિક પ્રવાસન સેવાઓના વિકાસની સંભાવના**
- સ્થાનિક સજીવ ભોજન ક્ષેત્રનો બહોળો અવકાશ છે (હોટલ વ્યવસાય સંદર્ભે)
- ચોમાસા દરમિયાન સાપુતારાની માફક તાપી ના હાલોલના જંગલ વિસ્તારમાં ઈકો ટુરીઝમના સારા અવકાશ છે.
- પ્રવાસન સ્થળો પર વન્ય પેદાશોની બનાવટો, સજીવ ધાન્ય કઠોળ, નાસ્તા વગેરે વ્હેચવાનો સારો અવકાશ છે.
- પ્રવાસન સ્થળોના કેટલાક અંતર બાદ વાહન પ્રવેશ પર પ્રતિબંધ કરી ત્યાં ઇલેક્ટ્રિક વાહનો દ્વારા અવરજવર ફરજીયાત કરી સ્થાનિકોને રોજગાર આપી શકાય.
- ઇકોઝોનમાં પ્રવેશ પર ટીકીટ નિર્ધારિત કરી આવક ઉભી કરી શકાય.
- પ્રવાસન સ્થળો પર પ્લાસ્ટિક સંપૂર્ણ બંધ કરી ખાણી-પીણી, વસ્તુઓના પેકિંગ કાગળના કરવાથી તેનો ગૃહ ઉદ્યોગ પણ તે વિસ્તારમાં વિકસાવી શકાય.
- ઔષધીવન જેવા વિસ્તારમાં જંગલમાંથી ઉપલબ્ધ ઔષધીઓના પાવડર બનાવવા અને વેચવાના કેન્દ્ર પણ પ્રવાસન સ્થળો પર ઉભા કરી શકાય તેમજ સ્થાનિક ઔષધીઓની માહિતી ધરાવનાર ક્યાં રોગમાં કઈ ઔષધીઓ વાપરી શકાય તેની માહિતી સાથે હોય તો તેના વેચાણમાં નોંધનીય વધારો પણ કરી શકાય.

શિક્ષણ:

- શિક્ષણ સંદર્ભે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા દરેક શાળા અનુસાર પર્યાપ્ત શિક્ષકોની ભરતી કરવી તેમજ શિક્ષકોની કામગીરી અંગે તપાસ હાથ ધરવી રાજ્ય બોર્ડના પરિણામોમાં જીલ્લાનું સ્તર ખુબ નબળું છે. તેને સુધારવા સ્વૈચ્છિક સંસ્થાનો સહારો લઇ શકાય.
- ટેકનીકલ શિક્ષણ માટે આઈ.ટી.આઈ.દ્વારા ચલાવતા કોર્સમાં બેકરી, સુકવણી, જાળવણી,

- માર્કેટિંગના કોર્સ, મોબાઈલ રીપેરીંગ, વેબ્સાઈટ બનાવવાના કોર્સ, દુધની બનાવટોના કોર્સ.

સ્વાસ્થ્ય :

- સ્વાસ્થ્ય માટે વસ્તી અનુસાર સ્વાસ્થ્યના માળખા અને કર્મચારી પુરપાડવા.
- કુપોષણ દુર કરવાની વિવિધ યોજનાઓને વધુ વ્યાપક બનાવવી અને જન્મ પછીની કાળજી રસીકરણ વગેરે માટે સંસાધન પુરા પાડવા.
- મોબાઈલ દવાખાનાની જેમ બાઈક દવાખાના શરૂ કરવા જે દરેક ગામ સુધી પ્રાથમિક સારવાર પહોચાડી શકે ૧૦૮ ની માફક.
- તબીબી શિક્ષણ મેળવનાર દરેક વિદ્યાર્થી માટે આદિવાસી વિસ્તારમાં ફરજીયાત ૧ વર્ષ સેવા આપે તોજ તેને ડિગ્રી આપવી જેથી ડોક્ટરની અછતને નિવારી શકાય.

### 5.5 ઉપસંહાર

તાપી જિલ્લામાં આદિવાસી આર્થિક વિકાસ માટે પ્રત્યક્ષ અને સીધી રીતે જે પગલાંઓ લઈ શકાય છે તેની ચર્ચા કરવામાં આવેલી છે. અહીં આ પ્રકરણમાં આપણે આદિવાસી ઉત્પાદનોને સીધેસીધું બજાર પૂરું પાડવા માટે કેવા પ્રકારની સિસ્ટમનો વિકાસ કરી શકીએ તેની ચર્ચા કરવામાં આવેલી છે. આ સિસ્ટમ દ્વારા આદિવાસીઓ પોતે જ પ્રત્યક્ષ રીતે પોતાના છૂટક ગ્રાહકોને સંપર્ક કરીને પોતાની ઉત્પાદન કરેલી વસ્તુઓ વેચી શકશે. આદિવાસી વિસ્તારોમાં સ્વાસ્થ્ય અને સમસ્યાઓને લઈને જે ગંભીર પ્રશ્નો છે તેના નિવારણ માટે પણ અહીં આ સ્વાસ્થ્યના ગંભીર પ્રશ્નોને કેવી રીતે હલ કરી શકાય તેની ચર્ચા કરવામાં આવેલી છે. આશા રાખીએ કે આ પ્રકારના કોઈ પગલા દ્વારા ગુજરાત રાજ્યના આદિવાસી આર્થિક વિકાસ પ્રક્રિયામાં વેગ આવે.

પ્રસ્તુત પ્રકરણ તાપી ના આદિવાસી વિસ્તારોમાં રોજગારીની તકોના આવકાશ ક્યાં છે અને આજીવિકાને સંપોષિત માર્ગે વધારવા કેવા પગલા લઇ શકાય તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે આ પ્રકારના વિકાસ માટે સમગ્ર માળખાની જરૂરિયાત રહે છે માટે સૌ પ્રથમ કૃષિ પેદાશોના મૂલ્ય વર્ધન માટે ઉત્પાદન થી લઇ વેચાણ સુધીના તબક્કો ચર્ચવામાં આવેલ છે તેમજ આદિવાસી વિસ્તારોમાં જંગલની પેદાશોમાં મૂલ્ય વર્ધન કરવા માટે કેવા માળખાની જરૂરિયાત છે તે ચર્ચવામાં આવેલ છે અને ત્યારબાદ આ તમામ પરિવર્તનોને વ્યવહારુ કરવા માટે કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે કેવા પરિવર્તન કરવા જેથી ઉપરોક્ત માળખાને વ્યવહારુ બનાવી શક્ય તે અંગે સૂચન કરવામાં આવેલ છે.

**સંદર્ભ:**

1. વડોદરા રાજ્યના આદિવાસીઓના ઉત્થાનમાં સંયાજીરાવ ત્રીજાનું પ્રદાન (1863-1939)
- કિશોરભાઈ ચૌધરી

2. આદિજાતિ પેટા યોજના બજેટ જોગવાઈ – 2018-19

3. વનબંધુ કલ્યાણ યોજના બજેટ જોગવાઈ – 2018-19

4. Government of Gujarat Annul Report of The Administrative of Scheduled Areas – 2018-19

5. Peoples Plan Campaign For Gram panchayat Development Plan (GPDP) -sabki Yojana Sabka vikas

6. Political Economy Of Tribal Development A Cas Study of Andra Pradesh

7. Pradhan Mantri Van Dhan Yojana (mera van – mera dhan- mera Udyam) – 200 daye Report march 2020

8. Guidelines for Mechanism for Marketing of Minor Forest Produce (MFP) Through Minimum Support Price (MSP) & Development of Value Chain for MFP 2018

9. ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, 2017

10. Monthly update on status of implementation of the Scheduled Tribes and Other Traditional Forest Dweller (Recognition of Forest Rights) Act,2006, Date - 24/08/2020

11. Land and Governance Under the Fifth Schedule – Government Of India

12. राष्ट्रीय अनुसूचित जनजाति आयोग विशेष रिपोर्ट मई 2012

13. Fifth Schedule of the constitution, India

14 The scheduled Tribes and other Traditional Forest Dwellers (recognition Forest rights) act 2006

15. આદિવાસી વિકાસ દર્શન – વિદ્યુત જોષી

16. ગુજરાતનો વિકાસ – એક વણથંભી કૂંચ – લેન્સી લોબો

17. ગુજરાત ટ્રાયબલ ડેવલોપમેન્ટ વિઝન 2010 – સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝ, સુરત

18. વિવિધ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2015-16

19. વિવિધ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2015-16

20. વિવિધ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2016-17

21. વિવિધ જિલ્લાના સામાજિક- આર્થિક વિકાસ 2016-17

22. વિવિધ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2017-18

23. વિવિધ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2017-18

24. વિવિધ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2018-19

25. વિવિધ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2018-19

26. Multiple District Human Development Report 2016
(Gujarat social Infrastructure Development society) GSIDS

27. Multiple District Industrial Potentiality Survey Report

28. Multiple District Census Handbook 2011

29. Multiple District Census Handbook 2001